Date of Publication 10th Posted on Every Month


મે : ૨૦૧૪
વર્ષ : ૮, અંક : ૧૧

રૂ. ૨૦

समानो मन्त्रः । (ઋગ્વેદ)
समानी प्रपा । (અથર્વવેદ)

# પરબ

તંત્રી : યોગેશ જોષી



समानो मन्त्रः (ऋग्वेद) समानी प्रपा (अथर्ववेद)

# પરબ


સ્થાપના વર્ષ : ૧૯૬૦

વર્ષ : ૮ મે : ૨૦૧૪ અંક : ૧૧


---

**પરામર્શનસમિતિ**

| | | |
|---|---|---|
| **ધીરુ પરીખ** | **રતિલાલ બોરીસાગર** | **ઉષા ઉપાધ્યાય** |
| પ્રમુખ | મધ્યસ્થ સમિતિના સભ્ય | પ્રકાશનમંત્રી |

તંત્રી

**યોગેશ જોષી**


## ગુજરાતી સાહિત્ય પરિષદ

**મેઘાણી જ્ઞાનપીઠ · ક. લા. સ્વાધ્યાયમંદિર**

ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન,
ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : ૨૬૫૮૭૯૪૭

# પરબ

**ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગે :**

- 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦ છે.
- વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૭૫ છે. સાથે પ્રમાણપત્ર બીડવું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક રૂ. ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક રૂ. ૩૦૦ છે.
- પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક રૂ. ૨,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી રૂ. ૩,૦૦૦ છે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

**લેખકોને :**

- 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- લેખકોએ પોતાનું લખાણ ફૂલ્સકેપ અથવા D૪ સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવું તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી. પોસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, 'પરબ', ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ ૩૮૦૦૦૯

E-mail : gspamd@vsnl.net
ફોન અને ફૅક્સ : ૨૬૫૮૭૯૪૭
Web-site : www.gujaratisahityaparishad.org
www.gujaratisahityaparishad.com

ISSNO250-9747 **પરબ**
છૂટક કિં. રૂ. ૨૦/-

માલિક : ગુજરાતી સાહિત્ય પરિષદ વતી મુદ્રક અને પ્રકાશક : **ઉષા ઉપાધ્યાય** (પ્રકાશનમંત્રી), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, અમદાવાદ ૩૮૦૦૦૯ □ તંત્રી : યોગેશ જોષી □ મુદ્રણસ્થાન : **શારદા મુદ્રણાલય**, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૬ ૨૬૫૬૪૨૭૯

પરબ વર્ષ : ૯ મે : ૨૦૧૪ અંક : ૧૧

## અ નુ ક્ર મ


**પ્રમુખપદેથી** : સાહિત્ય અને વિશ્વ, ધીરુ પરીખ 6

**કવિતા** : વાસંતી મિજાજ, ભાનુપ્રસાદ પંડ્યા 10, એક બંધ મુઠ્ઠીનો વૃદ્ધ, શ્રીકાન્ત શાહ 11, હજુ નહીં, રાજેન્દ્ર પટેલ12, વિસ્મૃત ઘર, રમણીક અગ્રાવત 13, બુલંદી, પ્રફુલ્લા વોરા 14, કોણ આવ્યું દરવાજે..., હેમંત ગોહિલ 'મર્મર' 14

**વાર્તા** : પણ એ હસી પડ્યાં, રમેશ ર. દવે 15, 'કરચ', દીવાન ઠાકોર 25

**નિબંધ** : ગાલના તલ ઉપર કુરબાન : સમરકંદ-બુખારા, ડૉ. ભારતી રાણે 31, મનોમન : (ડાયરીનું એક પાનું), રમણીક સોમેશ્વર 36

**આસ્વાદ** : શ્રી ભારતી ર. દવેની પ્રભાવક ટૂંકી વાર્તા : આ એક ખંડ !, લાભશંકર ઠાકર 37

**સર્જકવિશેષ** : આ અંતરાલ પછી પણ કદાચ..., ધીરેન્દ્ર મહેતા 40

**અભ્યાસ** : ગાંધીયુગીન ટૂંકીવાર્તામાં ગ્રામચેતના, ગુણવંત વ્યાસ 46, મહાન સાહિત્યકારોની શોધમાં નોબેલ પારિતોષિક-વિજેતાઓ પર એક અભ્યાસ : ભાગ 1, પ્રદીપ ખાંડવાળા 55

**સમીક્ષા/ગ્રંથાવલોકન** : ઉદયનનું આત્મનિવેદન પુરાણમ્, રાધેશ્યામ શર્મા 62, 'સવાર લઈને, આવે છે તાજી ગઝલો...', ધ્વનિલ પારેખ 65

**આવરણચિત્ર** : આસ્વાદનોંધ પીયૂષ ઠક્કર 69

**પત્રસેતુ** : દીપક મહેતા 72

**આપણી વાત** : સંકલન : પ્રફુલ્લ રાવલ 74

**આ અંકના લેખકો** : 90

# સાહિત્ય અને વિશ્વ

**ધીરુ પરીખ**

આજે આવનજાવનની વ્યાપકતા વધતી ચાલી છે. પરિણામે આજનો સમય વૈશ્વિક સભ્યતા – universal civilization – અને વૈશ્વિક સંસ્કૃતિ – universal culture-નો છે. વત્તેઓછે અંશે આજનો મનુષ્ય વિશ્વમાનવ બનવા લાગ્યો છે. ઉમાશંકર જોશીએ દાયકાઓ પહેલાં ગાયું હતું :

**'વ્યક્તિ મટી હું બનું વિશ્વમાનવી**
**માથે ધરું ધૂળ વસુંધરાની.'**

એક દેશ કે એક પ્રદેશમાંથી બીજા દેશ કે બીજા પ્રદેશમાં આવાગમન કર્યા વિના પણ મનુષ્ય આજે વૈશ્વિક સભ્યતા અને વૈશ્વિક સંસ્કૃતિનો અનુભવ કરી શકે છે અને તેથી જ તેનામાં વિશ્વમાનવીપણું સભાન કે અભાનપણે પણ પ્રવેશી જાય છે. આમ, આજે સાહિત્ય અને વિશ્વનો સંબંધ અનિવાર્ય અને અતૂટ બની ગયો છે.

આમ તો ૧૯મી સદીની પ્રથમ પચીસીમાં જર્મન કવિ ગઅથેએ વિશ્વસાહિત્યની વિભાવના વહેતી મૂકી હતી. ગઅથેએ વિશ્વસાહિત્ય માટે 'weltliteratur' (વેલ્ટલિટરેટુર) શબ્દ પ્રયોજ્યો હતો. અહીં એમને મન વિશ્વ માત્ર કોઈ ભૌગોલિક ખયાલ નથી. એમનું માનવું એ હતું કે સમસ્ત માવજાતમાં, વૈશ્વિક માનવસમાજમાં જે સર્વકાલીન અને સર્વસ્થલીય છે, જે સર્વસ્વીકૃત અને સર્વસામાન્ય છે તેને વિશ્વના સહુ સર્જકોએ સાહિત્યમાં નિરૂપિત કરવું જોઈએ. આ નિરૂપણ પાછું રસલક્ષી બનવું જોઈએ. ૧૮૨૭માં ગઅથેએ કહેલું :

> 'National Literature does not mean much any more : the time of World Literature is approaching, and everyone must now work to hasten its arrival.'
>
> (રાષ્ટ્રિય સાહિત્યનો કશો ઝાઝો અર્થ નથી : વિશ્વસાહિત્યનો સમય આવી રહ્યો છે, અને તેના આગમનને ત્વરિત બનાવવા દરેક જણે કામે લાગી જવું પડશે.)
>
> આમ તો ગઅથેનું આ એક પ્રકારનું વિશ્વસાહિત્ય માટેનું ભાવિદર્શન છે. ગઅથેના આ વિચાર પર હોર્સ્ટ રુડિજરે આ પ્રમાણે ભાષ્ય રચ્યું છે :
>
> 'But the idea of World Literature signifies reattachment to buried cosmopolitan traditions, the deprovincialization of

literary studies working together for a spiritual and social consciousness appropriate to the age.'

(વિશ્વસાહિત્યનો ખયાલ વિલુપ્ત થયેલી વિશ્વ-રૂઢિઓ સાથેનું પુનઃસંધાન, સાહિત્યિક અભ્યાસોનું નિષ્પ્રાન્તીકરણ, યુગને અનુરૂપ આધ્યાત્મિક અને સામાજિક સભાનતા માટે સહિયારો પુરુષાર્થ સૂચવે છે.)

રુડિજરે જે અભિપ્રાય આપ્યો તેમાં ગઅથેની સાહિત્યને સર્વ પ્રકારની સંકુચિતતામાંથી મુક્ત કરવાની ઇચ્છા પ્રકટ થતી હતી, અને એ તેમની સાહિત્ય માટેની એક પ્રકારની ભવ્ય ભાવના હતી. અને આ રીતે તેમણે 'વિશ્વસાહિત્ય'નો વિચાર તરતો મૂક્યો હતો. ગઅથેની આ સાહિત્યિક ભાવનાને બિરદાવતાં રેને વેલેક (Rene Wellek) જણાવે છે :

'...World Literature was used by him to indicate a time when all literatures would become one. It is the ideal of the unification of all literatures into one great synthesis, where each nation would play its part in a universal concert.'

(એમણે – એટલે કે ગઅથેએ – 'વિશ્વસાહિત્ય' શબ્દનો ઉપયોગ એ સમય સૂચવવા કરેલો કે જ્યારે બધાં જ સાહિત્યો એક બની રહેશે. એક મહાન સમન્વયમાં બધાં સાહિત્યોએ અંગભૂત બની જવાનો એ આદર્શ છે કે જ્યાં પ્રત્યેક રાષ્ટ્ર વૈશ્વિક મેળામાં પોતાનો ભાગ ભજવે.)

આપણે ત્યાં પણ મોટે ભાગે રવીન્દ્રનાથ ટાગોરે આ દિશામાં સૌ પ્રથમ વિચારણા કરી લાગે છે. જો કે એમણે આ માટે Comparative Literature એવો શબ્દ પ્રયોગ કર્યો નથી. અલબત્ત એમના વિચારમાં આ બાબતે સામ્ય જણાય છે. ૧૯૪૦માં જયંતીલાલ આચાર્યે ટાગોરની સાહિત્યિક વિચારણાને લગતા વિચારોના લેખોનો અનુવાદ 'સાહિત્ય' નામના પુસ્તકમાં પ્રકટ કર્યો છે. એ પુસ્તકના પાંચમા પ્રકરણમાં રવીન્દ્રનાથની વિશ્વસાહિત્યની વિભાવના કેવી હતી તે જાણવા મળે છે. એમણે દેશદેશની સીમાઓથી પર એવા વિશ્વમાનવીની કલ્પના રજૂ કરી છે. એ કહે છે કે આ સંસારની લિપ્સા-ઈપ્સાથી પર હોય એવો માનવી સાહિત્યના સંસારમાં સંભવિત છે. રવીન્દ્રનાથ કહે છે : 'આ પ્રમાણે મનુષ્ય પોતાના પ્રયોજનના સંસારની બરાબર પાસેપાસે જ એક પ્રયોજનવિહીન સાહિત્યનો સંસાર રચી રહ્યો છે.'

આવી કેટલીક પ્રાસ્તાવિક વાતો પછી રવીન્દ્રનાથ વિશ્વસાહિત્યની વિભાવના આ પ્રમાણે રજૂ કરે છે :

'સાહિત્યમાં મનુષ્ય પોતાના આનંદનો કેવી રીતે આવિર્ભાવ કરે છે, અને એ આવિર્ભાવનાં જૂજવાં સ્વરૂપ દ્વારા માનવાત્મા પોતાનું કયું નિત્ય રૂપ દર્શાવવા ઇચ્છે

છે, એજ વિશ્વસાહિત્યમાં યથાર્થ જોવોનો વિષય છે.'

પોતાના આ લેખનું સમાપન કરતાં રવીન્દ્રનાથ કહે છે; 'વિશ્વસાહિત્યમાં વિશ્વમાનવને જોવાનો દૃઢ નિશ્ચય આપણે કરીશું; પ્રત્યેક લેખકની રચનામાંથી તેની સમગ્રતાને ગ્રહણ કરીને, તે સમગ્રતામાં સમસ્ત માનવજાતિના આવિર્ભાવના પ્રયત્નનો મેળ સાધીશું – એવો સંકલ્પ કરવાનો સમય હવે આવી પહોંચ્યો છે.'

આ રીતે રવીન્દ્રનાથની વિચારણા ગઅથેના 'weltliteratur'ને મળતી આવે છે.

વિશ્વસાહિત્યની વિભાવના પાછળ ગઅથેનો આ વિચાર એ એક રીતે જોવા જતાં માત્ર એક આદર્શ વિચાર હતો. પરન્તુ વિશ્વમાં પ્રત્યેક પ્રજાને પોતાનું અનેકાંગી આગવાપણું હોય છે અને કોઈ પણ પ્રજા તે જતું કરવા તૈયાર હોતી નથી તે વાસ્તવિકતા ના ભૂલવી જોઈએ. આમ છતાં આજના સમયમાં જ્યારે ટેક્નૉલોજીએ હરણફાળ ભરી છે અને વિશ્વ તેને કારણે સાંકડું બનતું જાય છે ત્યારે એક પ્રદેશ-દેશની પ્રજા બીજા પ્રદેશ-દેશની વધુ નિકટ આવી રહી છે. પરિણામે પ્રજા-પ્રજાની આગવી સંસ્કૃતિ અને સભ્યતા હોવા છતાં એમની વચ્ચે સાઠગાંઠ થવા લાગી છે.

અનુવાદની પ્રવૃત્તિના વિકાસની સાથે વિશ્વની વિવિધ પ્રજાઓની વિવિધ સાહિત્યકૃતિઓના સંપર્કમાં આવવાનું પણ ઝડપી બનતું ગયું છે. આને કારણે એક ભાષાની કૃતિના અનુવાદનો પ્રભાવ બીજી ભાષાની સર્જાતી કૃતિ પર પડે તે સ્વાભાવિક છે. આથી વિશ્વસાહિત્ય હવે અનેક સાહિત્યોની અસર અનુભવી રહ્યું છે. આ સંજોગોમાં આજે ભાવક-વાચક પણ વૈશ્વિક માનવતાવાદ અને વૈશ્વિક સાંસ્કૃતિક સમન્વયના અનુભવમાંથી પસાર થાય છે. આવી પરિસ્થિતિને કારણે આજે કોઈ પણ ભાષામાં સર્જાતા સાહિત્ય માટે તે ભાષાના સ્થળકાળમાં પ્રતિબદ્ધ રહેવું તે અમુક અંશે વિલોપાતું જાય છે.

આમ વૈશ્વિક સંદર્ભો આજના સર્જક માટે સહજ બનતા જાય છે. ઇંગ્લંડના કવિ મૅથ્યૂ આર્નલ્ડે વિશ્વસાહિત્યના સંકેત કે સંદર્ભને છેડ્યા વગર વિશ્વનાં વિવિધ સાહિત્યોના પરિશીલનની વાત કરી હતી. વળી, તે પરિશીલન દ્વારા વિવિધ સાહિત્યોના ઉત્તમાંશોના પ્રસાર પર ભાર મૂક્યો હતો. તેમણે વિવેચકની ફરજ વિશે વાત કરતાં જણાવેલું કે વિવેચન એટલે '...a disinterested endeavour to learn and propagate the best that is known and thought in the world.' (વિશ્વમાં જે કંઈ ઉત્તમ જણાય છે અને ગણાય છે તેના અભ્યાસ અને પ્રચારનું નિર્મમ સાહસ.)

આજે તો મહાશાળાઓમાં અને અનુસ્નાતક કક્ષાએ વિશ્વની મહાન સાહિત્યકૃતિઓના અભ્યાસની અનિવાર્યતા સ્વીકારાઈ છે ત્યારે અને તેમાં દિનપ્રતિદિન ઉછાળ આવી રહ્યો છે ત્યારે કોઈ પ્રાદેશિક સાહિત્યના સર્જક અને તેના સર્જન પર તેનો પ્રભાવ અનાયાસ પડવાનો.

આમ જોવા જતાં આજે એવી પરિસ્થિતિ સર્જાઈ છે કે વિવિધ ભાષાઓના શિક્ષણના પ્રચાર-પ્રસાર સાથે વિશ્વસાહિત્યની ઉત્તમ કૃતિઓના વાચન-મનન-ચિંતન તરફનો ઝોક વધ્યો છે. આને કારણે કોઈ પણ ભાષાના સર્જક પર તેની પ્રત્યક્ષ કે પરોક્ષ અસર ના પડે તે અશક્યવત્ છે. પરિણામે કોઈ પણ ભાષાનો સર્જક ભલે સર્જન તો પોતાની જ ભાષામાં કરતો રહે, પણ વૈશ્વિક સાહિત્યના વિવિધ પ્રવાહોથી તે અલિપ્ત રહી શકે તેમ નથી. આથી આજના સાહિત્યમાં એક પ્રકારની વ્યાપક વૈશ્વિકતા અનાયાસ ફળીભૂત થતી આવી છે.

ઉદાહરણ તરીકે ભલે કોઈ સર્જક પોતાની ભાષામાં પોતાના પ્રદેશના માનવની, માનવસમાજની, માનવસભ્યતાની કે માનવસંસ્કૃતિની વાત કરતો હોય ત્યારે તે વૈશ્વિક પરિવેશનો આશ્રય અનાયાસ જ લઈ લે છે. પરિણામ એ આવે છે કે આજની સાહિત્યકૃતિ ગમે તે ભાષામાં રચાઈ હોય ત્યારે અને તોપણ તે એક યા બીજા વૈશ્વિક પરિમાણને આંબતી હોય છે. આથી વાચક જ્યારે વિશ્વની કોઈ પણ ભાષાની સાહિત્યકૃતિ વાંચતો હોય ત્યારે તે અભાનપણે પણ વૈશ્વિક સંદર્ભમાં મુકાઈ જતો હોય છે.

આવા વાચક-ભાવકને વિશ્વના કોઈ પણ ખૂણાની વાત જાણે પોતાની દેશસ્થિતિની કે પ્રવર્તમાન માનવસંદર્ભની લાગે છે અને તેમાં પરાયાપણાનો અનુભવ ઓછો થતો જાય છે. વિશ્વના કોઈ પણ ખૂણે કોઈ દુરાચાર થાય કે સદાચારની ઘટના બને, ક્યાંય પણ નવીન આવિષ્કરણ થાય અને તેનાં પરિણામો પ્રકટ થાય ત્યારે તેને માનવમાનવ સુધી પહોંચતાં હવે વિલંબ થતો નથી. આજે આકાશવાણી, દૂરદર્શન, દૂરભાષ, વર્તમાનપત્રો, કમ્પ્યૂટર, વૉટ્સ ઍપ કે એવી અન્ય સુવિધાઓના વિસ્તાર અને પ્રસ્તારને કારણે વિશ્વના કોઈ પણ ખૂણામાં બનેલી ઘટના તરત જ સમગ્ર વિશ્વમાં વ્યાપી વળે છે. આનું પરિમાણ વિશ્વના સર્વ સ્થળે અને સર્વ સમાજમાં એકસાથે અને એકસમયે પ્રસરી જાય છે.

હા, વિશ્વના વિવિધ વિભાગો ભૌગોલિક વૈશિષ્ટ્યને કારણે રહેણીકરણી, વિચારસરણી આદિમાં જુદા પડતા હોય છે એ સનાતન સત્ય હોવા છતાં આજે તો માનવીને એક માનવી તરીકે અને તેની રીતરસમોને એના મનોગત પ્રમાણે નાણીમાણીને વૈશ્વિક સમાજ રચાઈ રહ્યો છે. આવી પરિસ્થિતિમાં સાહિત્યકાર ભલે વિશ્વના કોઈ એક પ્રદેશમાં રહેતો હોય છતાં તેનું અંતર સમગ્ર વિશ્વ સાથે સંકળાયેલું રહે છે. પરિણામે સાહિત્યકૃતિની ભાષાશૈલી ભલે દેશદેશ પ્રમાણે ભિન્નતા ધરાવતી હોય તોપણ મૂલતઃ આજે સર્જકની સંવેદનશીલતા વૈશ્વિક રૂપ ધારણ કરી રહી છે. પરિણામે આજે સાહિત્યકૃતિના આલેખ અને આસ્વાદમાં વિશ્વની સમગ્રતાનો સરવાળો ઉપકારક અને અનિવાર્ય બની રહે છે.

## વાસંતી મિજાજ | ભાનુપ્રસાદ પંડ્યા

ઉદિત થતાં જ...
તરુકૂંપળની ટશર જોઈ;
શું ચાળા પાડતું કોઈ ? –
એવા સંદેહથી વિસ્મિત - લજ્જિત
અરુણ વિશેષ થયો 'અરુણ' !
ગૂજગોષ્ઠિ કરતું કોઈ યુગલ તરુણ –
(ઉદ્યાની એકાંતમાં
વાસંતી રોમાંચમાં !)
સંગાથીનું સૂણતાં મધુર વચન
ઢળ્યાં મુગ્ધાનાં નયન !
કપોલે ઊપસતું રતુંબલ કંપન !
હવે તો સૂર્ય લાલપીળો થતો
સમગ્ર ઉદ્યાન પર ફેરવતો વક્ર લોચનો
ઉગ્ર બની સર્વત્ર છવાયો !
પણ...
ત્યાં ખૂણે ઊભેલા ગુલમોરે
રવિચક્ષુ સામે લાલઘૂમ નજરે જોયું !
હવે દિવાકર આંતરબાહ્ય ઘવાયો
ને...પોતાનો પ્રથમ પ્રહર સંકેલી
દિવસભરના આસમાની
પંથે પંથે ધીરે ધીરે સર્યો !

## એક બંધ મુઠ્ઠીનો વૃદ્ધ | શ્રીકાન્ત શાહ

એક વખત બસ ! આખ્ખેઆખ્ખા દિવસને લઈ
મુઠ્ઠીમાં હું...

તને કહું કે ચાલ ! આપણે સૂરજ થઈને
 તડકો થઈને
 વહેતા વહેતા

એકબીજાના ઝાંખા-પાંખા ઘરડા ચહેરે
એકબીજાને ઝળહળ-ઝળહળ લીંપી દઈએ.

બોખું બોખું સાવ અમસ્તું હસતાં હસતાં
 ભીંજી જઈએ
 રીજી જઈએ.

એક વખત બસ ! થોડાં આંસુ, થોડાં ડૂસકાં, થોડા ટહુકા
 થોડા થોડા એકબીજાના છણકા–મણકા
 થોડી ચણભણ
 થોડી અનબન
 થોડી થોડી ઉજાગરાની કલબલ–કલબલ
 થોડા થોડા હિસ્સા–કિસ્સા
 થોડા મારા... થોડા તારા એકલદોકલ શ્વાસો લઈને

થોડી તું ને થોડો હું ને થોડું થોડું
મરક મરકતું ઘર ને થોડો
 અડસટ્ટો અસબાબ અને આ
 ચડ્યા-ઊતર્યા ખૂણે પડેલા જોડા.

એક વખત બસ ! એક વખત તો...

 ચાલ આપણે...

 થોડા થોડા એકબીજામાં જીવી લીધાના
 સરવાળા લઈ....

 ખાલીપાના ખૂણે પડેલા
 ખાલીપાને...
 માલીપાથી ભરીએ.

## હજુ નહીં | રાજેન્દ્ર પટેલ

એક પછી એક
સ્ટેશનો પાછળ છોડતી
ટ્રેનને મેં પૂછ્યું,
ક્યારે આવશે મારું સ્ટેશન ?
એ અવિરત ગતિમાં સરતી જ રહી, કહેતી :
હજુ નહીં !

તૈયાર થઈને બેઠો છું
બારી પાસે,
બહાર પસાર થતાં વૃક્ષ, ખેતર, મકાનો
સૌ કોઈ જાણે એનો પડઘો પાડે છે :
હજુ નહીં, હજુ નહીં !

રાત્રીઓ પસાર થઈ ગઈ
દિવસોય બધા ચાલ્યા ગયા
સૂઈ જવા જતો સાંજનો સૂરજેય
વધુ એક દિવસ માટે બોલ્યો :
હજુ વાર છે !

હરીફરીને
પગરખાં કાઢું-ઘાલું છું
બૅગ ખોલું-બંધ કરું છું
ઘડિયાળ સામે વારંવાર જોઉં છું
એ સૌ કોઈ મારી સામે મીટ માંડી બેઠાં છે
જાણે કહેતાં :
હજુ વાર છે,
હજુ વાર છે !

જેટલી વાર મળી એમાં
બહારનાં પથરાતાં અંધારાંને
સરી જતી ટ્રેનના અવાજોને
દૂરની ટેકરીના ઓળાઓને
તેની પર ઝળૂંબેલા
ન દેખાતાં આભને
ચૂપચાપ પીવું છું

અને –

વહેતા સમયની જેમ
એ સૌ કોઈને કહું છું :
હજુ નહીં, હજુ નહીં,
હજુ નહીં !

## વિસ્મૃત ઘર | રમણીક અગ્રાવત

કદીક વેળા–કવેળા દેખાઈ પડે
ક્યાંય દૂર દૂર રહી ગયેલું ઘર
–વતનઘર
દેશી નળિયાંથી છાયેલું ઘર
જાણે મેલખાઉં પછેડીમાં સાવ વિંટાળી લીધું હોય
આકાશેથી ફડફડતી ધુમ્મસની ચાદર
ઘડીક એને દેખાડે, ઘડીક સંતાડે
હેઠળથી કદીક નજરે પડે દાદાનો ચહેરો
ક્યારેક પિતાનો ચહેરો લાગે એ
મા તો જાણે આખ્ખાય ઘરમાં વ્યાપેલો સાક્ષાત ભેજ
ઘરને ઘેરી લેતી એના સાડલાની સોડમ
હજીય અખંડ છે સાંભરણમાં
કદીક ઉકેલાય ઘર
પીળાં પાનાં પર લખાયેલા કોઈ પુરાણા દસ્તાવેજની
માંડ માંડ વંચાતી સહી જેમ
સ્મૃતિના ઊબડખાબડ રસ્તે કદીક સરી આવે
વણઊકલ્યા કંકાસના કર્કશ સ્વરો,

કાચી ભીંતો અને લીંપેલા ફળિયાવાળું એ ઘર
જાણે ચક્કરચક્કર ફરતું ફરતું વહી આવે
આકાશે વહેતા પવનપથે ચઢીને
અને
કીકીની વચ્ચોવચ પેસી થાય અલોપ શરીરનાં રહસ્યોમાં.

## બુલંદી | પ્રફુલ્લા વોરા

હયાતીની હથેળી પર હજુ અંકાય છે જીવન,
જરા પાછાં વળીને જોયું તો લંબાય છે જીવન.

ઉછીનાં તેજ ખૂટ્યાં તે છતાં શ્રદ્ધા નથી ખૂટી,
અમાસી રાત વચ્ચે દીપ થઈ રેલાય છે જીવન.

સજાવી છે હંમેશાં પાનખરની ડાળ મસ્તીથી,
જુઓ ને એટલે લીલાશથી છલકાય છે જીવન.

ચમકતા રંગ જીવતરના પડ્યા છે સ્હેજ ઝાંખા પણ-
ઉજાસી આતમાના રૂપમાં રંગાય છે જીવન.

અમસ્તી રાખ બાઝી છે જરા આ શ્વાસના ચૂલે,
પવનની લહેર આવે ને ફરી પેટાય છે જીવન.

થયું છે પોત પાંખું પંડનું પણ શી ફિકર એની ?
બુલંદી નાદ ભીતરનો અને પડઘાય છે જીવન.

## કોણ આવ્યું દરવાજે... | હેમંત ગોહિલ 'મર્મર'

કહોને, કોણ આવ્યું દરવાજે ?
વગડે ઊભી વરખડી જેમ કૉળી ઊઠ્યા આજે !!

સરવે સૈયર જળ ભરતી'ને
તમે ભર્યું છે નામ;
તમે તળાવે પગ ઝબકોળ્યો,
નીતરું હાલ્યું ગામ.
નથી અષાઢી દિવસો તોયે અંબર શીદને ગાજે ?

ભીંત ભાતીગળ ચંદરવો ને
ઓશરી થઈ ગઈ દરિયો;
પંડ પતંગિયું થઈ ગયો, જ્યાં
શ્વાસ બન્યો સાંવરિયો.
લજ્જા રેલો ઘૈને હાલી, ઢાંકો કેમ મલાજે ?

ભાષા ગોટો થઈને ઊભડક
બેસી ગઈ છે ખૂણે;
અજવાળું પહેરીને અંજળ
ફળિયે આવી ધૂણે.
બિન ઘૂંઘરું કે પાયલ ઐસે ઘડી ઘડી ક્યૂં બાજે ?

18

## પણ એ હસી પડ્યાં | રમેશ ર. દવે

'નરેન્દ્ર પંડિતને મળવું છે.' સાંભળતાં જ રિસેપ્શનિસ્ટ મહિલાએ લખવાનું કામ અટકાવીને ઊંચે જોયું. આંખો સ્થિર થઈ. જાણે આગંતુકનો આખેઆખો ચહેરો વાંચી લેવો હોય – એમ ઊંડી ઊતરી. પછી પૂછ્યું : 'તમારું નામ અને કામ શું કહું એમને ?'

'હાજી, હું શેફાલી મહેતા અને કામ, કામ...તો...'

'કશો વાંધો નહીં, નામ પૂરતું છે – કામ નહીં કહો તો પણ ચાલશે. બિઝનેસ ટૉક કે એવું જ કંઈક – બરાબર ને ?' કહી એમણે ઇન્ટરકોમ પર નંબર લગાવ્યો અને ઇશારાથી ખાલી ખુરશી ચીંધી, શેફાલીને બેસવા કહ્યું,

'હા, નરેનભાઈ ! તમને મળવા કોઈ શેફાલીબહેન મહેતા આવ્યાં છે, મોકલું ?'

'શેફાલીબહેન મહેતા...?'

'હા, શેફાલી મહેતા, બહેન તો મેં ઉમેર્યું...પણ મેમરી રિકોલ આટલો મોડો કેમ થાય છે ?'

'તમે તો, મોડો કેમ થાય છે – એમ પૂછો છો ને ? પણ અહીં તો હજુ એવી કોઈ યાદ તાજી થઈ જ નથી...પણ વાંધો નહીં, એમને મોકલો ને !'

'હા, કદાચ ચહેરો જોતાં, જે ભુલાયું છે તે કોઈક – કંઈક તાજું થાય પણ ખરું !'

'થેંક્સ અ લૉટ...મૂકું રિસીવર ?'

રિસેપ્શનિસ્ટનો દિશા ચીંધતો હાથ લંબાયો પણ શેફાલી તો ગરકાવ હતી આ સંવાદશૈલીએ નિપજાવેલી આશ્ચર્યપળોમાં એટલે દિશા–મુદ્રા ઝિલાઈ નહીં પણ વળતી પળે જ એ સો...સ્સોરી કહેતી ઊભી થઈ, હાથ મેળવ્યો અને ચીંધાયેલી દિશામાં આગળ વધી. ડાબી બાજુ નજર કરતાં ત્રીજી ચેમ્બરના ડોર પર નામની તકતી હતી : નરેન્દ્ર પંડિત. એણે ધીમા બે ટકોરા મારી હળવા સાદે પૂછ્યું : 'મે આઈ...'

'યસ મૅડમ, યુ કેન...' અધૂરી વિનંતીએ મળેલા આવકારથી સહેજ હળવાશ અનુભવાઈ. અંદર પ્રવેશતાં જોયું તો – મધ્યમ કદનું ટેબલ, તેની ઉપર એક બાજુ કોમ્પ્યૂટર, બીજી બાજુ ફાઈલ ભરેલી ટ્રે અને ખૂણા પર મરકતાં, લીલાં – આછાં પીળાં દસબાર પાનવાળી મનીપ્લાંટ-વેલનું નમણું – ગેરુઆ રંગનું કૂંડું....અને હા, આગંતુકને આવકારતો સાદોસીધો ચહેરો.

'બેસું ?'

'હા, હા...તો જ વાત થઈ શકશે ને નિરાંતે !'

શેફાલીએ ધસી આવતા મલકાટને પ્રયત્નપૂર્વક રોક્યો અને પોતાનું કાર્ડ કાચ પર લસરાવ્યું.

'ના, એમ નહીં, શેફાલી મહેતા પોતે જ કહે પોતાના વિશે' – કાર્ડ લઈ જમણી બાજુનું ડ્રોઅર ખોલી અંદર મૂકતાં નરેન્દ્રએ આંખો મેળવી.

'યસ, હું નાના-નાના ગૃહઉદ્યોગો કરતી સ્ત્રીઓને મદદરૂપ થતી સંસ્થા કસ્તૂરબા સેવાધામમાં કામ કરું છું. તિલકનગરમાં રહું છું. બરોડાથી એમએસડબલ્યુ કર્યા પછી થોડો સમય એક સાપ્તાહિકમાં કામ કર્યું છે. પણ આજે હું એક જરા જુદા કામ માટે આવી છું.'

'હા, એ પણ કહો...'

'પણ વાત કદાચ જરા લંબાય...તો...એટલે...એમ થઈ શકે કે તમારી અનુકૂળતા મુજબ આપણે ઑફિસ-અવર્સ પછી કશેક બહાર મળીએ અને...'

'અલબત્ત ! એ આમ પણ વધારે ફાવશે. અહીં, આ સમયમાં બિઝનેસ-વિઝિટર્સ આવ્યા કરશે અને તમે...આઈ મીન આપણે નિરાંતે વાત નહીં કરી શકીએ.'

'મારો મોબાઇલ નંબર...'

'હા, એ તો હું સેવ કરી લઉં છું અને તમારા કાર્ડ પર પણ હશે – જોકે કદાચ ન પણ હોય...પણ જવા દો એ વાત, પહેલાં એ કહો ક્યારે મળવું છે ? આજે કે પછી...'

'તમારી અનુકૂળતાએ.'

'એ તો એક રીત થઈ વાત કરવાની, પણ હકીકતે તો તમારો અનુકૂળ સમય અને સ્થળ...'

'હા, સ્થળ પણ...'

'એટલે તો કહું છું – સમય અને સ્થળ તમે જ સૂચવો...આઈ મીન નક્કી કરો. હું સાડા સાત પછી અહીંથી ફ્રી હોઉં છું – એ પછી ફાવે ?'

'તો પછી એમ કરીએ, તમને વાંધો ન હોય તો સાથે જમીએ, મને 'વૃંદાવન' ગાર્ડન રેસ્ટોરાં ગમે છે. તમને...'

'કબૂલ ! કબૂલ ! આવી દરખાસ્ત કોને ન ગમે ? હવે એ કહો, આજે કે કાલે ?'

'આવતી કાલે 'વૃંદાવન'માં આઠ વાગ્યે મળીએ ?'

'ચોક્કસ, હું લેવા આવું ? તમારું સરનામું તો કાર્ડમાં છે જ. આવતાં પહેલાં ફોન કરીશ, બરાબર ?'

□

'ના, આવી તો ધારણા જ ન હતી. આમ તમારી મૂંઝવણ હકીકતે મારી મૂંઝવણ પણ હશે – એવી તો કલ્પના જ ન હતી. પણ તમે આમ પહેલ કરી એ ગમ્યું – ખૂબ ગમ્યું. નૉર્મલી આવું બનતું નથી.'

'હા, અમે છોકરીઓ....આઈ મીન અમને સ્ત્રીઓને આ રીતે આવી વાત કરવાનું ફાવે નહીં પણ મારાં બા એટલે કે દાદીએ મને જરા જુદી રીતે ઉછેરી છે. આમ તો સંતાનમાં હું એક જ એટલે દીકરા–દીકરીનો ભેદ–મુદ્દો નહોતો જ, પણ એમણે હું છોકરી છું, મારાથી આમ ન થાય – એમ ન કરાય – એવું કશું કન્ડિશનિંગ થવા દીધું નથી...'

'અને મમ્મી ?'

'હા, મમ્મી તો...હું દસ વર્ષની હતી અને જન્મનારા ભાઈ અને મમ્મા બંને...'

'સૅડ...વેરી સૅડ...આ'યેમ સૉરી... વેરી સૉરી...' – કેટલીક પળો એમ જ વીતતી રહી પછી ઝૂકેલી પાંપણો ઊંચકીને શેફાલીએ જ મૌન તોડ્યું – 'મેં મારી મૂંઝવણ કહી, હવે તમે કહો – આમાં શું થઈ શકે ?'

'એ મૂંઝવણ હવે મારી–તમારી ક્યાં છે ? આપણી એ મૂંઝવણ એવી છે ને કે ક્યારેય એક બાજુ ન મુકાય અને એનું શું કરવું – એય ન સૂઝે ! ક્યારેક તો એવું થઈ આવે...' જરા વાર અટકી, અવઢવ નિવારી નરેન્દ્રએ વાત સાંકળી લીધી –' મારાં મામી અને એની બહેન મમ્મી વિશે આમતેમ વાતો કરે – એ ગમે નહીં પણ કુટુંબમાં બીજું કોઈ નજીક કહી શકાય એવું નહીં એટલે મનોમન અપસેટ થયા કરું. અલબત્ત, સમજ આવી પછી મામીશ્રીને પૂછવાનું મન થાય કે – મારી મમ્મી જીવે છે એવી એકલવાયી જિન્દગી તમે જીવતાં હો તો તમે શું કરો ? પણ એનોય કંઈ બહુ અર્થ નહીં, હા, હમણાં હમણાંથી એમ થયા કરે કે મમ્મી એમના મનની વાત કરે તો કેવું સારું ! ક્યારેક તો એમ પણ થાય કે એમની પાસે બેસી, એમના ખભે હાથ મૂકી એમને નિરાંતે બધી વાત પૂછું પણ આમ પૂછું – પૂછું થાય ને તોય પુછાય નહીં !'

'એટલે...તમને પણ મમ્મી–પપ્પાની જાણ તો હતી જ એમ ને ?'

'હા, પણ એ અંગે જિજ્ઞાસા લગભગ નહીં.'

'એવું કેમ ? સાધારણ રીતે તો...'

'હા, નૉર્મલી તો આવું ન હોય પણ પરિસ્થિતિવશ કદાચ એવી આદત કેળવાઈ ગઈ હશે. એક એવી સમજ પણ ખરી કે કંઈક કહેવા જેવું હોય તો મમ્મી કહેશે જ ને ?'

'પણ એમની મૂંઝવણ શેર કરવાનું મન ન થાય ?'

'હા, એ વાત તો કહું પણ પહેલાં આઇસક્રીમ કે કોલ્ડ કૉફી – એવું કંઈક લઈએ ? તમને શું ફાવશે ?'

'ડેસર્ટ તરીકે તમને શું ગમે ?'

'તમને ગમે તે !'

'આમ શિવલરીની ઓથે, નિર્ણયની જવાબદારીમાંથી છટકી જવાનું ? આ ન ચાલે !'

'મારી કોલ્ડ કૉફી, તમારે ?'

'પાઇનૅપલ જ્યૂસ... પણ મારો સવાલ...'

'પણ પહેલાં ઑર્ડર તો કરી દઉં !'

'ના, તમે વાત કરો, ઑર્ડર તો હું કરું છું –' કહેતાં શેફાલીએ વેઇટરને બોલાવી, ઑર્ડર કરી વળતી નજર મેળવી ઉત્સુકતાથી નરેન્દ્ર સામે જોઈ રહી.

'નાનો હતો ત્યારે તો આવી કશી સમજ ન હતી પણ બહાર ભણવા ગયો પછી ફોન અને પત્રમાં મમ્મીને મદદરૂપ થવાનું કહું – લખું પણ મમ્મી બધું જાતે જ મેનેજ કરી લે. અલબત્ત, તમે કહી – એ વાતે મમ્મીને જરૂર પડે તો બધી જ મદદ કરવા તૈયાર !'

'મમ્મીએ ક્યારેય આછોય અણસાર આપેલો ?'

'તમારા પપ્પાએ ?'

'જવાબ આપવાને બદલે આમ સામો સવાલ પૂછવાનો ?'

'ના, એમ નહીં – સૉરી...પણ આવી વાતે સ્ત્રી કરતાં પુરુષ વધારે ઓપન ન હોય ?'

'આપણાં બે વચ્ચે શું થયું ? આ વાત કરવા કોણ આવ્યું ?' – સાંભળતાં જ નરેન્દ્ર હસી પડ્યો. એને હસતો જોઈ શેફાલી પણ મલકાઈ.

'તમારી આવી અકલ્પ્ય પહેલ – આ ઇનિશ્યેટિવ માટે તો કહો એટલો આભારી છું – પણ મમ્મીનો સંકોચ, કદાચ મેં પણ સ્વીકારી લીધો હતો. એ ફોન પર, તમારા પપ્પા જોડે નિરાંતે વાત કરતી હોય ત્યારે હું બહાર લટાર મારવા નીકળી જતો...'

'પણ હવે ? હવે તો વાત કરવી છે ને ?'

'હા, હા...એ માટે તો મળ્યાં છીએ પણ એ શું સહેલું છે ?'

'ના, બિલકુલ નથી, મારીય અકળામણનો પાર નથી. આ વાત અને એ પણ પાપા સાથે ? પપ્પા આમ તો પારાવાર લાડ કરાવે ને તો ય આ વાત જ એવી છે ને કે... એ શું સ્ટેન્ડ લે – એની ધારણા જ થઈ શકતી નથી !'

'પણ પહેલાં આ જ્યૂસ અને કૉફી...'

કૉફી અને જ્યૂસ પિવાતાં રહ્યાં. નરેન્દ્ર અને શેફાલી, એકબીજાનાં મન અત્યારે શું શું વિચારે છે – એ કલ્પતાં રહ્યાં. ખાલી થયેલા મગ ટેબલ પર મૂકતાં બંનેની આંખો પ્રશ્ન-નજરે પરસ્પરને તાકતી-પારખતી રહી.

'મને હતું જ કે વાતનો દોર મારે જ સંભાળવો પડશે. પણ મેં પૂછ્યો છે એનો જવાબ તો...'

'હું એ જવાબ દેવાની ગડમથલમાં જ છું. તમારા કુટુંબની તો મને ખબર નથી પણ મારાં મામા-મામી તો મમ્મીનાંય વડીલ ગણાય. એ સિનિયર લોકોએ, બધી જાણ

હોવા છતાં કશી ચિંતા...આઈ મીન પૉઝિટિવ ચિંતા કરી નથી...'

'એટલે શું તમારે પણ આમ મૂંગા રહીને માત્ર જોયા કરવાનું ? તમે હમણાં જ ન કહ્યું કે તમારાં મમ્મીની એકલવાયી જિંદગી...વિશે કોઈએ કંઈ...'

'હા, એ 'કોઈ'માં મારે મારો સમાવેશ ન જ થવા દેવો જોઈએ પણ મૂળ સવાલ, વાત કેમ માંડવી એનો જ છે.'

'એટલે...તમે શું હજુ ટીનએજર છો ? એમ.બી.એ. કર્યું છે ને છતાં...'

'તમારી વાત બેય રીતે સાચી છે – મારે મમ્મી સાથે વાત કરવી જ જોઈએ અને...પણ એ કેમ કરવી, એની આવડત મારામાં નથી !'

'તો હું કહું એમ કરશો ?'

'અલબત્ત !'

'પછી ફરી તો નહીં જાવ ને ? પ્રોમિસ ?'

'તમે એક વાર અજમાવી તો જુઓ !'

'ના, એમ નહીં, હું તો જસ્ટ ગમ્મત કરું છું – એમ કંઈ આ વાતે તમને બાંધી ન લેવાય – અલબત્ત, મારી વાત જ એવી છે કે તે સાંભળતાં જ તમારી આંખો વિસ્ફારિત થઈ જશે !'

'અરે !'

'અને છતાં આ પળે પાછું એમ પણ થાય છે કે ના, આવી વાત – દરખાસ્ત એમ કંઈ – પહેલી વાર મળતાં હોઈએ ત્યારે કરાતી હશે ?'

'અરે વાહ !' હું શું એવો મહાચેપી છું કે આટલી વારમાં, વાત કહું કહું થાય ને છતાં ન કહી શકાય – એવી મારી નબળાઈનાં જંતુઓ તમારામાંય પ્રવેશી ગયાં ?

'ના, એવું તો નહીં, પણ કદાચ, આ પ્રૉબ્લેમ વહેલો કે મોડો બધાંને પજવતો હશે. જોકે મને એનો અંદેશો હતો એટલે એનો, મને આવડ્યો એવો ઉકેલ મેં શોધી કાઢ્યો છે – મને હતું કે અણીની પળે, મહારથી કર્ણની માફક – વાત કરવાની મારી સઘળી કુશળતા સરી જશે – એટલે કરવાની વાત હું ટૂંકમાં લખીને લાવી છું – તમે વાંચશો એ ?'

એ તે કાંઈ પૂછવાની વાત છે ? ખરાં છો તમે પણ !' – કહેતાં નરેન્દ્રએ હાથ લંબાવ્યો. શેફાલીએ પર્સ ખોલી કાગળ કાઢી એને આપ્યો. શેફાલી સામે જોતાં જોતાં એણે કાગળની ગડ સીધી કરી અને વાંચ્યું –

જેમને પ્રિય લખવાનો અધિકાર હજુ પામી નથી એવા –

નરેન્દ્રભાઈ,

નમસ્તે, એક અઘરી પણ અત્યંત જરૂરી અને જચી ગઈ છે – એ વાત લખવા બેઠી છું, અલબત્ત, આવડશે કે નહીં એ વિશે સાવ અંધારું જ છે પણ વાત માંડું તો

ખરી –

મારા પપ્પા અને તમારાં મમ્મી, સાવ એકલવાયી જિન્દગી જીવતાં જીવતાં, એકબીજાની નજીક આવ્યાં છે. એ હળેમળે છે પણ દુર્ભાગ્યે, લગ્ન કરીને સહવાસી – સંગાથી થઈ શકતાં નથી. એનાં કારણો હું અને તમે જાણીએ છીએ એટલે એની પિષ્ટપીંજણમાં જતી નથી. પણ મારો મૂળ મુદ્દો તો એ જ છે કે આ સ્થિતિમાં આપણે શું કરી શકીએ ? કહો કે આપણે શું કરવું જોઈએ ?

મને બે વાત સૂઝે છે –

એમાંની પહેલી વાત તો એ કે આપણે બંને સાથે મળીને, એમને બંનેને આ જ રેસ્ટોરાંમાં જમવા બોલાવીને, ચાહે તો લગ્ન કરીને અથવા સંગાથી બનીને સાથે રહેવાની ભાવભરી વિનંતી કરીએ. આ કામ આમ તો એમનાં વડીલો-મિત્રોએ કરવું જોઈએ પણ એમ થયું નથી તો પછી, એમનાં સંતાનો આપણે – એ બંનેને દોસ્તીદાવે આ રિક્વેસ્ટ કરીએ ?

સમજું છું કે મારા આ સવાલનો જવાબ કંઈ એમ હાલ ને હાલ ન જ મળે પણ તમે નિરાંતે વિચારીને તમારી હા કે ના મને જણાવશો ને ?

લિ. શેફાલીનાં સ્નેહસ્મરણ

'પણ બીજી વાત ? એ તો...'

'હા, હા...એ તો કહું છું પણ પહેલી વાત બરોબર છે ? તમને યોગ્ય લાગે છે ?'

'માત્ર યોગ્ય જ નહીં, વહેલામાં વહેલી અમલમાં મૂકવા જેવી વાત તમે કરી છે.'

'થેંક્સ...થેંક્સ ઍન્ડ થેંક્સ ! પણ હવે એ પણ કહો, આ કામ શી રીતે કરીશું ?'

'તમે નક્કી કરો તેમ, બીજું શું ?'

'મને હતું જ કે તમે બધું મારી ઉપર જ ઢોળી દેશો પણ કંઈ વાંધો નહીં – હું બધું વિચારીને જ આવી છું. મારા મનમાં આ વાત કંઈક આમ બેઠી છે – મારા પપ્પાને હું કહીશ કે મારા એક મિત્રનો તમને પરિચય કરાવવો છે, તમે કહો ત્યારે સાંજના સમયે મને ગમતા રેસ્ટોરાંમાં જમવા જઈએ ? પપ્પા ના નહીં જ પાડે – મને ખાતરી છે. બસ, પછી તો તમને ફોન કરી દઈશ, તમે તમારાં મમ્મીને લઈને આવી જશો, બરોબર ને ?'

'પણ મમ્મીને લઈ આવવાનું...કંઈ કારણ મારેય આપવું પડશે ને ? એ તો...'

'એ તો હવે તમારી વાત, તમને જે યોગ્ય લાગે તે...'

'મને તો કંઈ સૂઝતું નથી પણ હા...તમે તમારા પપ્પાને કહેશો એ જ વાત હું કહીશ, મારી મમ્મીને !'

'એ ભાઈ ! આ તે કંઈ એક્ઝામ છે કે પડોશીના એન્સરની બેઠી નકલ મારવાની ?'

'એ તો એમ છે ત્યારે ! પણ પેલી બીજી વાત તો કહો....'

'કહીશ, કહીશ – સમય આવ્યે જરૂર કહીશ, તમને નહીં કહું તો બીજા કોને કહેવાની ?'

□

વૃંદાવન રેસ્ટોરાંની લીલીછમ્મ મુલાયમ લોન પર સ્હેજ ડાબી બાજુ ચાર ચેર સાથેનું ગોળ નાનકડું ટેબલ એની કૅન્ડલ લાઇટમાં આછું ઝગમગે છે. શેફાલી ઘડીક બાજુની ખાલી બે ખુરશી તરફ તો ઘડીક રેસ્ટોરાંના દરવાજા તરફ જોતી, એના પપ્પા સંતોષરાય સાથે બેઠી છે. સંતોષરાય પણ કાંડાઘડિયાળ પરની, કફનીની બાંય લગીર પેટ વરાણે ખેસવતાં રહીને ખાલી વીતતી મિનિટો ગણ્યા કરે છે.

'લો, એ આવી ગયાં...' કહેતી શેફાલી અધીર પગલે દરવાજા તરફ દોડી. સંતોષરાય ઊભા તો થયા પણ સામે જવું કે અહીં જ રાહ જોવી – એવી અવઢવ સાથે ખડા રહ્યા. શેફાલી અને એના મિત્ર નજીક આવ્યાં ત્યાં સંતોષરાયની નજર, એ લોકો સાથે આવતાં દામિનીબહેન પર પડી અને એમનાથી સફાળા, બે-ચાર ડગલાં એમની સામે ભરાઈ ગયાં.

'પપ્પા, આ છે મારા મિત્ર નરેન્દ્ર પંડિત અને આ છે દામિનીબહેન, એમનાં મમ્મી !'

આશ્ચર્યમૂઢ સંતોષરાયના પગ પર આંગળાં અડાડીને વંદન કરતા નરેન્દ્રના ખભે હાથ મૂકવામાં સંતોષરાયથી થઈ રહેલા વિલંબને જોતી શેફાલી મનોમન મલકતી રહી.

હવે વારો નરેન્દ્રનો હતો – 'મમ્મી, આ છે મારી મિત્ર શેફાલી મહેતા અને આ છે એના પપ્પા, સંતોષરાય મહેતા ! – પરિચય કરાવીને નરેન્દ્ર પણ શેફાલીની માફક, હવે આ બંને પ્રૌઢપ્રેમીઓ એકબીજાનું અભિવાદન શી રીતે કરે છે – એની કલ્પના કરતો ઊભો રહ્યો.

સંતોષરાય અને દામિનીબહેનના હાથ નમસ્તે-મુદ્રામાં જોડાયા અને જરા ઊંચા થયા પણ એમની વાણી કદાચ કહ્યું નહોતી કરતી. એ જ પળે શેફાલી નજીક સરીને દામિનીબહેનને ભેટી પડી. દામિનીબહેને એનું કપાળ – માથું ચૂમી લીધાં અને એનું ચિબુક પકડી મોં ઊંચું કરીને કહ્યું : 'કેવી મઝાની છે શેફાલી તું ? બિલકુલ પપ્પા પર જ ગઈ છે ! તને ખબર તો હશે – આવી દીકરીઓ બહુ ભાગ્યશાળી હોય છે.'

'એ તો છું જ ને ! આ જુઓ ને, નરેન્દ્રએ તમને વાત કરી અને તમે તરત અહીં આવ્યાં અને મને આમ...' કહેતાં કહેતાં શેફાલી નરેન્દ્ર અને સંતોષરાય સામે મર્માળું જોઈ રહી.

નરેન્દ્રની બાજુની ખાલી ખુરશી પર બેસવા જતાં દામિનીબહેનને અટકાવીને શેફાલીએ, સંતોષરાયની બાજુની ખાલી ખુરશી ચીંધીને કહ્યું : 'તમારે તો અહીં બેસવાનું છે, પેલી ખુરશી તો મારી છે.' પોતાની અવઢવ ઢબૂરીને, લગીર સંકોચ અને અપ્રગટ

આનંદ સાથે દામિનીબહેન સંતોષરાય સામે જોતાં જોતાં એમની બાજુમાં બેઠાં.

મિક્સ વેજ સૂપ, પાપડ અને સલાડનો ઑર્ડર આપ્યા પછી એક મેનુ સંતોષરાય અને દામિનીબહેન તરફ ખસેડતાં શેફાલીએ કહ્યું : 'તમારી બેયની આઇટેમ તમે નક્કી કરો અને નરેન્દ્ર, આજની આપણી આઇટેમ તમે નક્કી કરશો કે હું કરું ?' સંતોષરાય હજુ એમની આશ્ચર્ય–આનંદભરી મૂંઝવણમાંથી પૂરા બહાર આવ્યા ન હતા. એમણે મેનુ દામિનીબહેન તરફ સેરવ્યું. એ જોઈને નરેન્દ્રએ કહ્યું : 'શેફાલી, તેં મને પૂછેલા સવાલનો જવાબ તો, આમ જો પપ્પાએ કંઈ કીધા વિના જ આપી દીધો છે !' અને ચારે જણાં હસી પડ્યાં.

સૂપ-સલાડ-પાપડ આવ્યાં અને એમાં મરી-મસાલા-સૉસ ઉમેરાઈ ગયાં પછી શેફાલીએ એના હાથમાંના સૂપના બાઉલને, એ જાણે પહેલા પેગનો ગ્લાસ ટૉસ કરતી હોય – એમ હથેળીમાં ધરી, જરા ઊંચો કરીને લાડભર્યા લહેકાથી કહ્યું : 'તો પપ્પા-મમ્મી, તમે અમારી આ મૈત્રીને વેલકમ કરો છો ને ? એના માનમાં...'

હવે સંતોષરાય હળવા થયા હતા. એમણે દામિનીબહેન તરફ પ્રશ્નભરી આંખો ફેરવી. દામિનીબહેને હસતાં હસતાં કહ્યું : આ તમારી ઇન્ટરનેટી જનરેશનની આ જ તો મઝા છે – પહેલાં પોતે જાતે બધું રાંધીને તૈયાર રાખો અને પછી અમને કહો – લો, આદરણીય વડીલો, હવે આ બધું પીરસી તો આપો ! પણ કંઈ વાંધો નહીં, તમે એકબીજાને ગમો છો પછી અમારે – સૉરી, મારે વળી કંઈ કહેવાનું હોય ? નરસિંહનું પેલું ભજન નથી ?

**વહાલો પ્રેમને વશ થયા રાજી,**
**એમાં શું કરે પંડિત ને કાજી ?**

'તમે બંને રાજી છો તો પછી અમે આગળ વધીએ ?' – શેફાલી અને નરેન્દ્રનો સહિયારો સવાલ સાંભળી બંને વડીલો વિસ્મય સાથે, સંમતિ – સૂચક ભાવભરી નજરે જોઈ રહ્યાં.

'મમ્મી, તમને તો અનુભવ હશે જ – આપણો સમાજ ભલે પુરુષપ્રધાન કહેવાતો હોય પણ અઘરી વાતોને પાર તો આપણે જ પાડવી પડે છે. એટલે શુભમુહૂર્ત અને મંગલકારી સ્થળનો નિર્ણય તમારી ઉપર છોડીને મેં, અમારાં લગ્નનું કાર્ડ તૈયાર કરી રાખ્યું છે – પપ્પા, તમારું સુખદ આશ્ચર્ય શમે તે પૂર્વે એ વાંચું ?'

સંતોષરાય અને દામિનીબહેન શું બોલે ? એમણે પ્રેમભરી પાંપણો ઝુકાવી અને શેફાલીએ વાંચ્યું :

પરમ આદરણીય વડીલો અને પ્રિય મિત્રો,

આપ સૌ અમારી મૈત્રીથી સુવિદિત છો. એ મૈત્રી હવે પ્રેમ અને પરિણયના પડાવ

તરફ ધપી રહી છે. અનુકૂળ શુભમુહૂર્ત અને માંગલિક સ્થળ પસંદ કરીને અમે લગ્નગ્રંથિથી જોડાવા આતુર છીએ. અરુંધતી અને વશિષ્ઠનું મધુર–પ્રસન્ન દાંપત્ય અમે પામીએ – એવી શુભાશિષ આપવા ગોધૂલિ વેળાએ ઉપસ્થિત રહેશો ને ?

આપનાં અનુરાગી શેફાલી–નરેન્દ્ર

રાજી રાજી છું શેફાલી ! મારા નરેન્દ્રને તારાં જેવી પત્ની મળશે – એવું સદ્ભાગ્ય તો મેં કલ્પ્યુંય નહોતું. મમ્મીની અપાર પ્રસન્નતાને આવકારતાં નરેન્દ્રએ કહ્યું : ''પપ્પા, હવે તો તમે પણ મને દસમો ગ્રહ કહેતા જમાઈબાબુ તરીકે સ્વીકારશો ને ?'' : સંતોષરાય ઊભા થયા. નરેન્દ્રનો હાથ હાથમાં લઈ પળવાર ઝુલાવ્યો અને પછી એને છાતીસરસો ખેંચી ભેટી પડ્યા.

'તો પપ્પા-મમ્મી, અમારા આ નિમંત્રણપત્રમાંની સમય–સ્થળની ખૂટતી વીગતો તમે ભરી આપશો ને ?'

'અરે, એ પણ તમે જ નક્કી કરો લેજો ને ! તમે નક્કી કરશો એમાં અમારી સંમતિ જ હશે' – કહેતાં દામિનીબહેને સંતોષરાય તરફ જોઈને પૂછ્યું – 'બોલો, બીજું કંઈ બાકી રહે છે હવે ?' – પણ એ તો માત્ર મલકતા જ રહ્યા.

પળેક વાર પછી નરેન્દ્રએ કહ્યું : 'હા, મમ્મી, એક મુશ્કેલી છે – લગ્નવિધિમાં કન્યાદાન કરવા પપ્પાને તો બેસાડાશે નહીં ને ?'

'હા, તારી વાત સાચી છે પણ એ તો મેં ક્યારનુંય વિચારી લીધું છે – હું તો એકલો ક્યાંથી બેસું ? શેફાલીનું કન્યાદાન આમેય એનાં કાકા-કાકી જ દેવાનાં હતાં !'

'ના, પપ્પા ! કાકા-કાકી નહીં, મારે તો તમે જ જોઈએ !'

'પણ શેફા બેટા, એ તો શક્ય જ નથી. વિધિ તો વિધિની રીતે જ થવી જોઈએ ને ?'

'પણ પપ્પા એ કંઈ અશક્ય નથી – રજા આપો તો હું કહું –'

'પણ શી રીતે ?'

ઉત્તર આપવાને બદલે નરેન્દ્રએ ખીસ્સામાંથી કાગળ કાઢી, વારાફરતી ત્રણેયની સામે નજર નોંધી પછી વાંચ્યું :

આદરણીય વડીલો,

પ્રણામ.

આ પત્ર અમે બંને એટલે કે શેફાલી મહેતા અને નરેન્દ્ર પંડિત સાથે મળીને લખીએ છીએ. પત્ર લખીને અમે જે કામ આપને સૂચવીએ છીએ તે આમ તો આપ સૌએ દસેક વર્ષ પહેલાં કરવું જોઈતું હતું પરંતુ હજુય કંઈ મોડું થયું નથી.

આપ સૌ જાણો છો કે શેફાલીના પપ્પા સંતોષરાય અને નરેન્દ્રનાં મમ્મી

દામિનીબહેન ખાસ્સા સમયથી મિત્રો છે અને એકબીજાને ચાહે છે. દુર્ભાગ્યે ન તો એમણે પુનર્લગ્ન માટે પહેલ કરી કે ન તો આપ સૌએ એમની ખુશાલીની ખેવના કરી. આમ છે તેથી એ બંને ઇચ્છે છે છતાં લગ્ન કરીને સહવાસ પામ્યાં નથી.

આ સ્થિતિમાં, એમનાં પુત્ર-પુત્રી એવાં અમે નરેન્દ્ર અને શેફાલી આપ સૌને આ વડીલોનાં પુનર્લગ્ન નિમિત્તે, વૃંદાવન ગાર્ડન રેસ્ટોરાંમાં અક્ષયતૃતીયાની સાંજના સમયે શુભેચ્છા પાઠવવા આમંત્રણ આપીએ છીએ. આપ પધારશો ને ? અમે રાહ જોઈશું.

લિ.

આપનાં શેફાલી–નરેન્દ્ર મહેતા–પંડિત

પત્ર પૂરો કરી નરેન્દ્રએ સામે બેઠેલાં સૌ તરફ મીટ માંડી : શેફાલી બુચ્ચું – મરમાળું અને સંતોષરાય–દામિનીબહેન હેતભર્યું હસતાં હતાં.

આ આનંદપળોને એમ જ વહેવા દઈ શેફાલીએ કહ્યું : ‘નરેન્દ્ર, તમારા આ નિમંત્રણ પછી મોં તો મીઠાં થવાં જોઈએ ને ?’

‘તારી વાત સાચી છે, તું જ કહે શું મંગાવવું છે ?’

‘એ તો મમ્મી-પપ્પા જ કહે ને !’

‘યસ, યસ...પપ્પા તમે કહો, તમને સૌથી વધારે ભાવતી મીઠાઈ કઈ ?’

‘ભોગીલાલ મૂળચંદનો મોહનથાળ !’ – દામિનીબહેનથી બોલતાં તો બોલાઈ ગયું પણ પછી આછોતરી શરમ સાથે પણ એ હસી પડ્યાં.

‘મઝા પડી ગઈ ! અને પપ્પા, મમ્મીને શું ભાવે છે – એ તો હવે તમારે જ કહેવાનું છે – બોલો !’ શેફાલીએ સંતોષરાયને ભિડવ્યા.

‘એને તો બસ, કાજુકતરી ! પણ આ બધું કંઈ આ રેસ્ટોરાંમાં ન મળે. એમ કરો ડેસર્ટ તરીકે ખાવાને બદલે આઇસક્રીમ અત્યારે મંગાવી લો !’

‘અરે, એવું તે કંઈ હોતું હશે ?’ – કહેતાં નરેન્દ્રએ વેઇટરને ઇશારો કર્યો અને એ ઉતાવળે પગલે અંદર જઈ ટ્રે લઈ આવ્યો. એમાંથી મોહનથાળનું બૉક્સ, નરેન્દ્રએ મમ્મીના હાથમાં આપ્યું અને શેફાલીએ કાજુકતરીનું બૉક્સ પપ્પાના હાથમાં આપ્યું પછી કહ્યું – ‘ચલો, કરાવો મીઠાં મોઢાં એકબીજાનાં !’

પણ દામિનીબહેને મોહનથાળનું સૌથી મોટું બટકું લઈને, પાછા જતાં વેઇટરને બોલાવી એના મોંમાં મૂકી દીધું.

□

## 'કરચ' | દીવાન ઠાકોર

રમાબહેનની નજર સાતમી વાર ઘડિયાળ પર પડી. ઘડિયાળ જોતાં ઉચાટ વધ્યો. કપાળ પર કરચલીઓ પડી. પણ શું થાય ? નજર પાછી વળી. માણસના ભાગ્યમાં સમય સાથે દોડવાનું લખ્યું છે. સમય સાથે ચાલો કે દોડો. ભલે દોડતાં ઠેસ વાગે કે પડી જાઓ. દોડવું ફરજિયાત છે. ધારો કે... હવે આમાં ધારવાની વાત ક્યાં આવી ? એવું વાક્ય એ બોલ્યા અને એમણે જ સાંભળ્યું. પગલાં દરવાજા તરફ ગયા અને દરવાજે પહોંચીને બહાર નજર નાંખી. બહારનું દૃશ્ય એ જ હતું. રસ્તો, રસ્તાની બાજુએ ઝાડ અને રસ્તા પરથી પસાર થતું વાહન. વાહન પસાર થયા પછીનો સૂનો રસ્તો આંખમાં કાંકરીની જેમ ખૂંચતો. સાથે ન સમજાય તેવી ઉદાસી મનમાં ઊભરાઈ ગઈ. ફરી કપાળ પર કરચલીઓ પડી. વધારે સમય ઊભા રહી શકાયું નહીં. પગલાં પાછાં વળ્યાં. ક્યાં કપડાં ધોવાનાં છે તેની ગણતરી કરી. બાથરૂમમાં પડ્યાં છે તે તો ખરાં જ. ધોવાનાં કપડાંનો ઢગલો કર્યો. સાડી, પેન્ટ, શર્ટ, ગંજી, ન્હાવાનો રૂમાલ અને બીજું કાંઈ નહીં. બાથરૂમના ટબમાં કપડાં નાંખ્યાં. હવે આ સીતાડી જલ્દી આવે તો સારું. ''જે સી કૃષ્ણ'' અવાજ કાને પડ્યો અને તેમનું રોમ રોમ પુલકિત થઈ ઊઠ્યું. સીતાને તેમના હસું હસું થતા હોઠ જોઈ નવાઈ લાગી. રમાબહેન રોજ કરતાં વધારે ખુશ દેખાતાં હતાં. સીતાનું ધ્યાન રસોડા તરફ હતું. રસોડામાં જઈને તરત જ એ કામે વળગી. વાસણોનો ઢગલો ચોકડીમાં કર્યો. પહેલું કામ પોતું કરવાનું. બીજું વાસણ ઘસવાનું અને ત્રીજું કામ કપડાં ધોવાનું. બે કલાકમાં કામ પતાવીને પછી બીજે ઘેર. ઘડિયાળમાં નજર કરી, મોડું થયું હતું. ભલે. કામ તો મારે જ કરવાનું છે ને ? એણે કામ શરૂ કર્યું. કામ એ જ હતું. ઘર અને માણસ બદલાતાં હતાં.

– ગૅસ પર પડેલાં કપરકાબી લઈ લેજે.

– લઈ લીધાં છે બેન.

– અને પેલું કૂકર ?

– હા, એય લીધું.

– સાણસી ચાવાળી થઈ છે તે ઘસી નાંખજે.

સીતાએ સાણસી લઈ વાસણો ભેગી મૂકી દીધી. ચપ્પુ પગ પાસે પડ્યું હતું તેને પગ વડે બાજુ પર ધકેલી દીધું. એ પોતું કરવા બેઠી.

રમાબહેન કામમાં ચોકસાઈનો આગ્રહ રાખતાં. ડોલમાં પાણી કેટલું છે ? પાઉડર કેટલી ચમચી નાંખ્યો છે ? પોતું ચોખ્ખા પાણીથી સાફ કર્યું છે ? ખૂણેખાંચરે બે વાર પોતું ઘસવાની સૂચના આપી. ગૅસ પર પોતું ફેરવવાનું ભુલાઈ ગયું નથી ને ? કચરો વાળીને પછી પોતું કરવાનું. ટાઇલ્સ પર ચીકાશ રહેવી ન જોઈએ.

પોતું થઈ ગયું. પોતું થઈ ગયા પછી બે કામ કરવાનાં હતાં. એક તો પોતું બરાબર

થયું છે કે નહીં તેનું જાતપરીક્ષણ અને બીજું ઊંડો શ્વાસ લઈ તપાસવાનું કે ક્યાં થી દુર્ગંધ આવતી નથી ને ? જો એમ હોય તો તેના ઉદ્‌ભવસ્થાન વિશે ઝીણી તપાસ કરવાની. એને માટેનાં શસ્ત્ર, શાસ્ત્ર અને પદ્ધતિઓ હાજર થઈ જતાં. આંખ, કાન, નાક વડે નમૂનાઓ ભેગા કરી સંશોધનકાર્ય શરૂ થતું. છેવટનો અહેવાલ સીતા સમક્ષ મુકાતો. તેનો ખુલાસો પૂછવામાં આવતો. સીતા ખુલાસો આપવાનું યોગ્ય ન માનતી. તે કામે લાગી જતી. જોકે તેથી તેના ઉત્સાહમાં ઘટાડો થતો. ઉત્સાહ ઘટે એટલે કામમાં થોડી ગડબડ થઈ જતી. જેમ કે પોતું કરવામાં મેલા મસોતાનો ઉપયોગ થતો. સ્વચ્છતાનું ધોરણ જળવાય તો ઠીક, નહીં તો કામ પૂરું થઈ જતું.

રમાબહેનની પ્રથમ ફરજ ત્યાં પૂરી થતી. શાક સમારવાનું કામ તેમની પસંદગીનું હતું. શાક સમારતાં સીતા દ્વારા થતા કામનું નિરીક્ષણ થતું. સીતા થોડી કામચોર છે તેવી છાપ તેમણે તેમના મનમાં પાડી હતી. તે છાપને તે સીતાથી સંતાડી રાખતા હતા. તેમનું ધ્યાન શાક સમારવામાં ઓછું હતું. જો તેમણે સીતાના ચહેરાનું ઝીણવટ ભર્યું અવલોકન કર્યું હોત તો ચોક્કસ કેટલાક મુદ્દા તેમને હાથ લાગી જાત. જેમ કે સીતા ઝડપથી કામ કરી રહી છે. તેમાં પદ્ધતિસર કામ થતું ન હતું. જોકે એમણે એક વાત બરાબર નોંધી કે કામનો આનંદ સીતાના ચહેરા પર દેખાતો ન હતો. આનંદ...ડચ્ ક્યારેય નહીં. વિચારોએ પડખું બદલ્યું. એ બિચારીને શું ખબર હોય. અભણ અને ગમાર છે. કોઈ દિવસે નિશાળે ગઈ હોય, ચોપડી પકડી હોય, સ્લેટમાં આંકડા ઘૂંટ્યા હોય તો ખબર પડે ને કે કામ એ પૂજા છે. શાક સમારવાનો આનંદ એ લૂંટી રહ્યા હતા.

બીજી બાજુ સીતાના મનમાં વિચારોનો ગઠ્ઠો ગૂંચવાઈને પડ્યો હતો. જલ્દી કામ પતે તો અહીંથી છૂટું. અહીંથી ઉષાબેનને ત્યાં ને ત્યાંથી ઘેર. બબલીને દવાખાને લઈ જવાની છે અને ટિફિન પણ બનાવવાનું છે. પોતું પતી ગયું, વાસણ ફટાફટ ઘસીને, કપડાં મશીનમાં મૂક્યાં. પાઉડર નાંખ્યો. પાણી નાંખ્યું. મશીન ચાલુ કર્યું. દસ મિનિટ થઈ. બધી શક્તિ કામે લગાડી, થાય એટલું જોર કરતી એ કામ કરી રહી હતી. રમાબહેન પાછળ ઊભાં હતાં. વાસણના ઢગલામાંથી કૂકર લઈ હૅન્ડલ તપાસ્યું. અંદર બહાર નજર નાખી તપાસ કરી, આંગળી ઘસી. એમની ઝીણી નજરે ભૂલ પકડી.

– જો અહીં સાબુ ચોંટ્યો છે. ફરીવાર ધો. ખોટી ઉતાવળ ના કર.

સીતાએ કૂકર લઈ પાણીના ફુવારા નીચે ધર્યું. થોડા છાંટા રમાબહેન પર પડ્યા. એ થોડાં ડગલાં પાછળ ખસ્યાં. તેમનું મોં પહોળું થઈ ગયું.

– અલી... જરા ધીમે ધીમે. તું તો પાણીનો બગાડ કરે છે... બરાબર ધોજે. ફરીવાર ઘસ. જો હૅન્ડલ પાસે ચીકાશ છે.

સીતા કૂકરને ઘસીને ધોઈ રહી હતી. રમાબહેનને લાગ્યું કે સીતાએ કૂકર એવી રીતે પકડ્યું હતું જાણે બિલાડીએ કબૂતર પકડ્યું હોય. આ કામવાળીની જાત. સાવ

નક્કામી. સીતાના મનમાં બીજું દૃશ્ય ભજવાઈ રહ્યું હતું. રાતડી કૂતરી એનાં ગલૂડિયાં લઈને આંગણામાં બેઠી હતી. છોકરાંઓ ગલૂડિયાંને ઊંચકીને રમતાં હતાં. ગલૂડિયું જરાય અવાજ કરતું નહોતું. છોકરાં ગલૂડિયાંની આજુબાજુ આંટા મારતાં હતાં. કોઈ તેમને બે પગે ચલાવતું હતું. તો કોઈ ખોળામાં લઈને બેઠું હતું. એણે એ જ રીતે કૂકરને પકડ્યું હતું. એ હસી પડી. આટલી મોટી વાત રમાબહેનથી છાની રહે ?

– શું છે અલી ? શેના દાંતિયા કાઢે છે ?

– ના...રે...ના...

– જે હોય તે બોલી નાંખ.

– અમારા ઘેર રાતડી કૂતરીનાં ગલૂડિયાં છે તે યાદ આવી ગ્યું.

– ગલૂડિયાંનું અહીં શું કામ છે ? કામમાં ધ્યાન રાખ.

– એ જ તો કરું છું રમાબોન.

– તને કેટલી વાર કહ્યું કે તું મને રમાબેન કહે. રમાબેન કહેતાં શું થાય છે ?

– બેન કહું કે બોન... શું ફેર પડે ? બધું એક જ કહેવાય.

– ના. બધું એક ના કહેવાય.

– કેમ ?

– મને તારું બોન સાંભળવું ગમતું નથી.

– બળ્યું આ જીભને ટેવ પડી ગઈ છે.

કપડાં બાકી છે. થાક લાગ્યો હતો. એણે પાલવ વડે મોં લૂછ્યું. પછી ચોકડીમાંથી બહાર આવી સોફાના છેડા પર બેઠી. શરૂ શરૂમાં એ સોફા પર બેસી સોફા પર પડેલું છાપું ખોલી નટ-નટીઓના ફોટા જોતી. રમાબહેનને એ ગમતું નહીં. એમણે વારંવાર ટોકીને, ખખડાવીને તેની તે ટેવ ભુલવાડી. સોફા પર કામવાળી છાપું લઈ બેસે તે કોઈ જુવે તો કેવું લાગે ? સીતાને શરૂમાં આવી કોઈ ગતાગમ પડતી નહોતી, પરંતુ ધીમે ધીમે એ ઘરકામનું ગણિત શીખી ગઈ હતી.

રસોડામાંથી અવાજ આવ્યો.

– ચા પીશ ને ?

– ના. મને બહુ ચા ભાવતી નથી.

સીતા મનમાં વિચારી રહી હતી. વળી પાછું એક ઠોબરું વધારે ઘસવાનું. એના કરતાં ચા ન પીવી એ જ સારું. જેવાં એ ચાનો કપ લઈ બેઠકરૂમમાં આવ્યાં કે તરત જ સીતા ઊભી થઈ ગઈ. કપડાં ધોવાના કામમાં જોતરાઈ ગઈ.

– કોલર જરા ભાર દઈને ઘસજે.

ના કહ્યું હોત તોય ઘસી નાખત બાઈ. છાનીમાની ચા પીને. મારે આજે વહેલું જવું છે ને તું મોડું કરાવે છે. મારી બબલીને તાવ છે. એને દવાખાને લઈ જવી છે.

તમારે તો કાયમ કામની જ લાહ્ય.

રમાબેને સીતાના કામની ઝડપની નોંધ લીધી. સીતા રોજ કરતાં ઝડપથી કામ કરે છે. કદાચ નવું કામ બાંધ્યું હશે. હવે કામમાં વેઠ ઉતારશે. તે બેઠા બેઠા સીતાના કામ પર ધ્યાન રાખી રહ્યા. ડોલ પછડાવાનો અવાજ કાને પડ્યો.

– અલી ડોલ તોડી નાંખી કે શું ? નવી જ લીધી છે. ડોલ તોડી નાંખીશ તો તારા પગારમાંથી પૈસા કાપી લઈશ.

– ના, નથી તૂટી, ચિંતા ના કરશો.

– જૂની ડોલ તેં જ તોડી હતી.

– તૂટી જાય તો નવી લાવજો. તમારે ક્યાં પૈસાની ખોટ છે ?

– છાની મર અને કામ કર. પૈસા કાંઈ ઝાડ પર ઊગતા નથી. કપડાંને ક્લીપો ભરાવજે.

સીતાએ દરેક કામ રમાબહેનની સૂચના મુજબ કર્યું. એક-બે ક્લીપો વધારે લગાડી. પવનથી કપડાં ભોંય પર ન પડે. કામને ઝડપથી પતાવવા તેણે દોડવા જેવું કર્યું. એમાં એ દરવાજા સાથે અથડાઈ. ધડામ... રમાબહેને બરાબર જોયું. આ તો રઘવાઈ થઈ છે કે શું ? ખરેખર એવું ન હતું. બબલી... ડૉક્ટર... ઇન્જીશન. એ ચિત્રો રંગ કે પીંછી વગર નજર સામે ચિતરાતાં હતાં. કામે નીકળતી વખતનો બબલીનો દયામણો ચહેરો નજર સામેથી ક્યાં ખસ્યો હતો ?

– મા... આ... પાણી આપને.

એ જ વખતે હાથમાં પકડેલો કાચનો ગ્લાસ સરકી ગયો. ને ફટાક... ફરસ પર કાચ અને કરચ આમતેમ ઊડ્યા. રમાબહેનની ચીસ ફાટી પડી.

– હાય... હાય.. ક્યારની બૂમો પાડું છું પણ રાંડ સાંભળતી નથી. ત્યાં જ ઊભી રહેજે.

રમાબહેન સાવરણી લઈ આવ્યાં. એ તો પૂતળાની જેમ ઊભી હતી. ઘડી ઘડી પાણી માગતી બબલીનું પાણી વગર શું થયું હશે ? હવે કોને કહું ? અહીંથી સીધી ઘેર જ જઉં.

– લે સાવરણી... બધા કાચ વાળી દે.

એણે બેધ્યાનપણે કામ પૂરું કર્યું. રમાબહેન સૂચના આપતાં હતાં. સીતાના હાથ સૂચનાનું પાલન કરતા હતા. તે સૂચના સાંભળતી ન હતી. છતાં કામ કરતી હતી. રમાબહેને કહ્યું તેમ જ. એક વાર, બે વાર... સાવરણી ફેરવીને બધી કરચો ભેગી કરી... છેક દૂરના કચરાના ડબ્બાંમાં નાંખી આવી.

– પોતું કરી દે.

– ફરી પાછું પોતું ?

– હા ક્યાંક કરચ રહી જાય તો વાગે નહીં ?

એણે ફરી પોતું કર્યું.

– જા... પાણી ગટરમાં નાંખી દે.

એણે છેલ્લું કામ પણ પૂરું કર્યું.

– હવે જાઉં બેન ?

એને કંઈક કહેવું હતું. તે રમાબહેન પાસે આવીને ઊભી રહી. તેમની આંખોમાં તાકી રહી પછી કશુંય બોલ્યા વગર ચાલવા માંડી. એ સાડીને છેડા વડે પરસેવો લૂંછતી દરવાજા તરફ ગઈ. તેણે દરવાજો વટાવ્યો. તે તેના ઘર તરફના રસ્તે ચાલવા માંડી. રમાબહેને તેની પણ નોંધ લીધી. તેમનું મન અશાંત થયું. તે તેની પાછળ દરવાજા સુધી આવ્યા. તે ઝડપથી જતી સીતાની પીઠને જોઈ રહ્યા. એ જ વખતે મનમાં કશોક ઝબકારો થયો. આજે સીતા ઘર તરફ પાછી કેમ જાય છે ? રોજ તો જમણા રસ્તે બાજુની સોસાયટીમાં જાય છે. એની ચાલમાંય કશોક અજંપો હતો. આજે તે જતી વખતે "જે સી કૃષ્ણ" પણ ના બોલી. રમાબહેનને એવી ટેવ હતી. કોઈ વસ્તુ મૂંઝવણમાં મૂકે ત્યારે જંપે નહીં.

સોફા પર બેઠા તોય નજર તો દરવાજા તરફ હતી. નજર દરવાજેથી નીકળી રસ્તે દોડવા માંડતી. આંટો મારી પાછી પાછી વળતી. આમ પુનરાવર્તન થયા કરતું. એનો પતિ બીમાર હશે ? જો એમ હોય તો એણે કેમ કશું કહ્યું નહીં ? ના... તેની દીકરી માંદી હશે. એને પૈસાની જરૂર હશે. એણે પૈસા માંગ્યા નહીં. એ જતા પહેલાં કંઈક કહેવા માંગતી હતી, પણ મેં કાંઈ પૂછ્યું નહીં. વળી ધમકાવી, તે કદાચ તેને ગમ્યું નહીં હોય. એણે કાંઈ જાણીજોઈને ગ્લાસ તોડ્યો ન હોય. એ ચિંતામાં હોય એમ દેખાતું હતું. આજે આવી'તીય મોડી. ચચરાટ વધી ગયો. કરચ વાગી હોય અને મન એ ભૂલી શકતું નહોય એમ થતું હતું. જમવાનો સમય થયો હતો છતાં રસોઈ કરવાનું યાદ આવતું નહોતું. જોકે જમવાની ઇચ્છા પણ થતી ન હતી. તરસ લાગી. ઊભા થઈ પાણી પીધું. હવે શું કરવું ? મનની બળતરા મટતી નહોતી. એને ઘેર આંટો મારવાની ઇચ્છા થઈ, પણ પછી મન પાછું પડ્યું. કશું જાણ્યા વગર જવું યોગ્ય નથી એમ વિચારી બેસી રહ્યા. એ પછી જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ રોજિંદી ક્રિયાઓ ઊલટસૂલટ થવા માંડી... બપોરે ખાધું એય મન વગર. જમ્યા પછીની વામકુક્ષી પણ વિચારોને કારણે ભારરૂપ બની. સાંજનું ચિત્ર બરાબર જામ્યું નહીં. યંત્રવત્ કામ થયું પણ એમાં મજા ન પડી. શરીરે અસુખ વર્તાતું હતું. રાત્રે પથારીમાં પડ્યા પણ ઊંઘ ના આવી. મોડી રાત્રે ઊંઘ આવી, પણ ઊંઘમાં સીતા આવીને બેઠી. સીતાને પૂછ્યું, પણ સીતા તો કામ કર્યા કરતી હતી. તેમણે પાણી માંગ્યું, સીતાએ એ જ કાચનો ગ્લાસ પાણીથી ભરી આપ્યો. એમણે ગ્લાસ હાથમાં લીધો ને તે છટકીને પડ્યો. ફટાક. કરચો વેરાઈ. એ

આંખો ફાડીને જોતા રહ્યા. માથું તપી ગયું. સીતાને ખખડાવી : તને ના પાડી તોય તેં પાણી આપ્યું અને ગ્લાસ તૂટી ગયો. સીતા માત્ર ટગર ટગર તાકી રહી. એ એક અક્ષર પણ ન બોલી. ચુપચાપ ચાલવા માંડી. એમણે બૂમ પાડી : સીતા ઊભી રહે. નજર સામે ખાલી રસ્તો હતો. એમ ને એમ સવાર પડી.

તે ઊઠ્યાં. ઊભાં થઈ દરવાજા પાસે આવ્યાં. તેમણે રસ્તા પર નજર નાંખી. કોઈ વાહન પસાર થયું. તે જોઈ રહ્યાં. એમણે પ્રાતઃકાર્ય પતાવ્યું. ફરી રસ્તા પર નજર નાંખી. દૂરથી આવતી સ્ત્રીની આકૃતિ નજરે પડી. જેમ જેમ આકૃતિ સ્પષ્ટ થતી ગઈ તેમ તેમ તેમનો ઉત્સાહ વધતો ગયો. સીતા નજીક આવી તેમની સામે જ ઊભી રહી, ''જે સી કૃષ્ણ રમાબોન'' એમ બોલી. તરત જ રમાબહેનની નજર ઘડિયાળ પર ગઈ. મનોમન સમય નોંધી બોલ્યા,

– અલી, તું તો આજેય મોડી આવી... વહેલા આવતાં શું ચૂંક આવે છે ? આ બધું કામ કોણ કરશે ?

– હું વળી. બીજું કોણ કરશે ?

– ગૅસ પર પડેલાં કપરકાબી લઈ લેજે.

– લઈ લીધાં બેન.

– અને પેલું કૂકર ?

– હા એય લીધું.

– સાણસી ચાવાળી થઈ છે તે ઘસી નાખજે અને ગ્લાસ સાચવીને લેજે. જો ગ્લાસ તોડ્યો છે તો એક પૈસોય પગારનો નહીં મળે, સમજી ?

સીતાએ જવાબ ન આપ્યો. તેણે રસોડા તરફ જવા પગ ઉપાડ્યા કે તરત પગને તળિયે કશુંક કરચ જેવું ઘોંચાયું. તેણે જોયું કે ગઈ કાલે ગ્લાસ સરકીને પડ્યો હતો તે જગ્યાએ જ તે ઊભી હતી. તેણે ડગલું ભરવા પ્રયત્ન કર્યો પણ આગળ ચાલી ન શકી. તે રમાબહેનને જોતી થોડી ક્ષણ ત્યાં જ ઊભી રહી ગઈ.

18

## ગાલના તલ ઉપર કુરબાન : સમરકંદ-બુખારા | ડૉ. ભારતી રાણે

ઉઝબેકિસ્તાનના પ્રવાસની તૈયારીઓ ચાલતી હતી ત્યારે મનમાં એક અકળ અજંપો અનુભવાતો હતો. પેલી અડધીપડધી યાદ આવતી કાવ્યપંક્તિઓ મનનો કેડો ન મૂકે. 'સમરકંદ-બુખારા... સમરકંદ-બુખારા' એવું સતત મનમાં પડઘાયા કરે, પણ એથી વિશેષ કાંઈ યાદ ન આવે ! વિદ્વાન વડીલોને પૂછ્યું. શ્રી પાઠકસાહેબ કહે, 'ઉમાશંકરની એ રચનામાં કોઈના ગાલ ઉપરના તલ ઉપર સમરકંદ-બુખારા વારી જાઉં એવા મતલબની ફારસી કવિતાનો સંદર્ભ છે.' શ્રી જયેશભાઈ દેસાઈ કહે, 'એ ફારસી કાવ્ય હાફિઝનું હોવું જોઈએ.' માત્ર આટલી માહિતીથી મનનું સમાધાન ન થયું. એક દિવસ મન સામે વિવશ થઈને મેં આદરણીય શ્રી રઘુવીરભાઈને ફોન જોડ્યો. ''શ્રી ઉમાશંકર જોશીના કાવ્ય 'સમરકંદ-બુખારા' વિશે કાંઈક માહિતી આપશો ? કોઈના ગાલના તલ ઉપર કુરબાન સમરકંદ-બુખારા...!'' રઘુવીરભાઈએ મને ઉમાશંકરજીના ઊંડા અભ્યાસુ એવા શ્રી ચંદ્રકાંત શેઠનો ફોનનંબર આપ્યો. કોઈ પરિચય નહોતો છતાં હું મનમાં પડઘાતી એ પંક્તિઓ સામે લાચાર હતી. હિંમત કરીને મેં ફોન જોડ્યો. જવાબમાં અત્યંત સહૃદયતાથી એમણે આખું કાવ્ય મને ફોન પર વાંચી સંભળાવ્યું. એ પછી સ્નેહી બહેનશ્રી દક્ષાબહેન વ્યાસે એ લખીને પણ મોકલી આપ્યું. હાફિઝની કવિતા પણ ઇન્ટરનેટ પર સરળતાથી મળી ગઈ. જાણે એક જાતરા પૂરી થઈ ! મનમાં પૂર્ણ પરિતોષ હતો, બંને કવિતાઓનો સંગાથ હતો, અને ગતિ હતી સમરકંદ-બુખારા તરફ.

શ્રી ઉમાશંકર જોશીએ ૧-૭-૧૯૩૨ને દિવસે વીસાપુર જેલમાં લખેલું એ કાવ્ય કાંઈક આવું છે : કવિશ્રી યાદ કરે છે કે, સ્કૂલમાં મહેતાજી હોંશેહોંશે ભૂગોળ ભણાવતા. તેઓ પગે, ગાડીએ, વહાણે નહીં, આંગળીએ નકશામાં ભલભલાં ગામ-શહેર બતાવે, પણ કવિરાજને એમાં કાંઈ રસ પડે નહીં. એમને તો નકશાની ભૂંગળ કરી દેવાનું મન થાય. 'નકશામાં જોયું, ન કશા માં !' કહેતું એમનું ચંચળ મન ક્યાંય દૂર નાસી જાય. મહેતાજી પ્રશ્નો પૂછે, ત્યારે સોયની અણી પણ ન ઠરે, ત્યાં વસેલાં શહેર સમરકંદ ને બુખારા યાદ આવે નહીં, ને મહેતાજીની સોટી હથેળી પર ધોળે દિવસે તારા બતાવે. કવિનું મન ત્રાહિમામ થઈને પોકારી ઊઠે,

**'કાબુલ, બલ્ખ, કંદહાર ને સમરકંદ-બુખારા !**
**કદી ભુલાશે નહીં બાપલા ! સમરકંદ-બુખારા !'**

સમરકંદ-બુખારા સાથેનો એમનો એ પહેલો પરિચય. ત્યાર બાદ કૉલેજમાં ગુલાબી વાતોથી વિદ્યાર્થીઓને રીઝવતા ને ચીપીચીપીને બોલતા પ્રોફેસરે હાફીઝનું કાવ્ય ભણાવ્યું ત્યારે સમરકંદ-બુખારા સાથે થયેલી પુનઃ મુલાકાતને ઉમાશંકરજી કાંઈક આ રીતે વર્ણવે છે :

'કહે : એક ઇશ્કી પૂર્વે કહેતોતો શાહ શરાબી :
બદન પરે કાળા તલવાળી સનમ જો રીઝે, તો સારા
દઈ દઉં એના તલ પર વારી સમરકંદ-બુખારા !'

ત્યારેય, 'તલની લતમાં આવા તે શા બખાળા ?' – એવો પ્રશ્ન કરતું કવિનું મન તો મહેતાજીની સોટીના સ્મરણથી ચમચમતું બાળપણના પરિચિત સમરકંદ-બુખારામાં પહોંચી જાય છે. સમય પસાર થતો જાય છે, સાથે સાથે અનેક વાર આંખ મીંચતાં જ પેલું સ્મરણ તાજું થઈ આવે છે. આંખ સામે જંગી દરવાજા ખૂલી જાય છે. પડઘમ, રણશિંગા, જંગ ને સવારીનાં દૃશ્યો ભજવાવા લાગે છે. મન ઓળખી જાય છે, અરે, આ તો સમરકંદ-બુખારા ! સોટીના ચમકારા ને સ્મરણચિત્રના ઝબકારા વરસોવરસ કવિ અનુભવતા રહે છે, ને વિમાસતા રહે છે : કંચનજંઘા, ઉમાશિખર, કેન્યા, કિલિમાન્જારો, કેટકેટલાં મુકામો ભુલાઈ ગયાં; કેમ આ એક સ્મૃતિએ જ કેડો ન મૂક્યો ? કેમ સ્મરણે સદા રણકતા રહ્યા સમરકંદ-બુખારા !...

કેવો આ યોગાનુયોગ ! કેવું આ ભણકારાનું સમસંવેદન ! આજે ત્યાંથી પાછા ફર્યા પછી સમજાય છે કે, હા, એ સ્થળોમાં જ એવું કંઈક હતું, જે તમને વારંવાર એને સ્મરવા મજબૂર કરી દે. એક એવું વાતાવરણ જે મનમાં રસી જાય, પછી એનાથી ક્યારેય અળગા ન થઈ શકાય. આજેય વિચારતી રહું છું કે, કેમ બનતું હશે આવું ? શું ખાસ હતું એ સ્થળમાં ? કદાચ અપરિમિત રણની વચ્ચે ફરફરતી મનુષ્યની જિજીવિષાની વિજયપતાકા અને સહસ્રાવદીઓથી રણ વચાલે ઊભેલી જ્ઞાનની પરબ. એના ભૌગોલિક સ્થાને સર્જેલી એકાકી અસ્મિતા, અહીં થઈ ગયેલા રાજાઓની સાહિત્યપ્રીતિ, આ ભૂમિ પર થઈ ગયેલા વૈજ્ઞાનિકો, ખગોળશાસ્ત્રીઓની તથા સાહિત્યકારોની પ્રતિભા, અહીં થઈ ગયેલા દરવેશો – સંન્યાસીઓની કરુણામય બંદગી, આક્રમણકારોના અત્યાચારોની કરુણાંતિકાઓ, ગોપિત પ્રણયકથાઓની રહસ્યમયતા, બધું મળીને આ સ્થળની આસપાસ એક વિશિષ્ટ આભામંડળ સર્જે છે. એક તો એશિયાખંડની સંસ્કૃતિઓ પરિચિત લાગે, તેમાંય એમનાં કેટલાંક ઐતિહાસિક પાત્રો સાથે આપણા ઇતિહાસનો અનુબંધ એક પ્રકારની જૂની ઓળખાણ હોય, તેવો ભાવ પ્રેરે. એક અલગ પ્રકારની છતાં જાણીતી લાગતી એવી ઉઝબેક સંસ્કૃતિ વિશે વધારે જાણવાની જિજ્ઞાસાવશ મેં એના આદિકાળના સાહિત્યમાં ડોકિયું કર્યું.

સૌથી પુરાણા ઉઝબેક સાહિત્યમાં પરીકથાઓનું, બોલતાં-ચાલતાં ને મનુષ્યની જેમ વર્તતાં પશુપંખીઓની દુનિયાનું, ગેબી કલ્પનોથી રચાયેલા માયાલોકનું, તથા ઘરઘરાઉ ઘટનાઓનું ચિત્રણ જોવા મળે છે. એક તો નાનકડો દુર્ગમ પ્રદેશ, એનું એકાકીપણું જે વાસ્તવિક જગતથી દૂરનો કોઈ કલ્પનાલોક લોકમાનસમાં સર્જતો હશે, એમ લાગે. કદાચ આ જ કારણસર એ સમયખંડમાં અનેક વિષમતાઓ વચ્ચે નાના

સમાજમાં જીવતા ઇન્સાનનું મન બહેલાવવા અર્થે હાસ્યપ્રેરક લેખનપ્રકાર – લતીફા ઊર્ફે રમૂજી ટુચકાઓ – પણ વિકસ્યો. ત્યાંના લોકસાહિત્યમાં એક કાલ્પનિક રમૂજી પાત્ર – નસરૂદ્દીન અફાન્દી સર્જાયું, જે આજે એક લોકપ્રિય રાષ્ટ્રવ્યાપી વ્યક્તિત્વ છે અને શાણપણ, બહાદુરી તથા રમૂજના પ્રતીક તરીકે ઉઝબેક લોકસાહિત્યમાં વારંવાર ઉલ્લેખાય છે.

૧૪મી સદીથી શરૂ થતા સાહિત્યના સુવર્ણયુગમાં ઉઝબેક સર્જકોએ વિવિધ કોમ-જાતિઓ વચ્ચે બંધુત્વ અને એકતાની ઉદાત્ત પ્રેમભાવનાને પોષતું સાહિત્ય સર્જ્યું. આ સમયમાં સૌંદર્ય, સદાચાર તથા આદર્શવાદી ભાવનાઓને વ્યક્ત કરતું સાહિત્ય પણ વિપુલ માત્રામાં રચાયું. ૧૫મી સદીના નોંધપાત્ર સર્જક એલિશર નેવૉય (મૂળ નામ મીર અલી શીર નવા'ઈ) હેરાતમાં રહેતા. નવા'ઈ એમનું ઉપનામ હતું, જેનો અર્થ થાય – મધુર સંગીતનો રચયિતા. શબ્દોનાં વજન અને માપનું શાસ્ત્ર રચીને એમણે ફારસી કાવ્યલેખનને એક નવું પરિમાણ તથા નમણું રૂપ આપ્યું. એમણે કસીદા, ગઝેક કીતા, રૂબાઈ વગેરે પ્રકારોમાં સૌંદર્ય અને ચારિત્ર્યમાં નૈતિકત્વનો મહિમા ગાયો. નેવૉય લખે છે :

**'શબ્દ જો સત્યની આગથી સળગતો હશે,**
**તો એ પથ્થરને પણ પાણીમાં પરિવર્તિત કરી દેશે.**
**પરંતુ શબ્દ જો સત્યવિહીન હશે, તો –**
**એ મોતી પરોવવા માટેનો દોરો માત્ર બની રહેશે.**
**દોરો ગમે તેટલો મજબૂત હોય,**
**મોતી વગર એની કિંમત શું છે ?'**

વળી ક્યાંક એ કહે છે :

**'મહેનતે કમાયેલ એક પૈસો**
**રાજાએ બક્ષિસમાં આપેલ**
**વગર કમાયેલ ખજાના કરતાં વધારે કીમતી હોય છે !'**

જીવનલક્ષી ફિલસૂફીપૂર્ણ અન્ય પંક્તિઓ જુઓ :

**'સત્યપૂર્ણ વાણી શાણા માણસની લાક્ષણિકતા છે.**
**પરંતુ કેટલાંક સત્યો શાણપણને ખાતર બોલાયા વગરના રહે છે !'**

તો વળી ક્યાંક એ કહે છે :

**'જ્યારે સત્તા ન્યાયનો મહિમા કરે છે,**
**ત્યારે વિનાશથી રગદોળાયેલ ભૂમિ ઉપર પણ ત્વરિત જ ફૂલો ખીલી ઊઠે છે.'**

૧૬મી સદીની શરૂઆતમાં શહેનશાહ બાબરે લખેલ પુસ્તક 'બાબરનામા'થી આત્મકથાત્મક સાહિત્યનાં મંડાણ થયાં. બાબર લખે છે : 'મેં આ બધું ફરિયાદ કરવા

કે આત્મશ્લાઘા કરવા લખ્યું નથી. મેં તો સાદું-સીધું સત્ય લખ્યું છે. જે કાંઈ બન્યું તેનું પ્રામાણિક સત્ય મેં આલેખ્યું છે, માટે મેં સારું-ખરાબ જે કાંઈ જોયું, તે તટસ્થતાથી લખ્યું છે. મારા સ્વજનોના તેમ જ અપરિચિતોના જે કાંઈ ગુણદોષ મેં જોયા, એ તમામ વિશે મેં લખ્યું છે. આશા છે કે, એ માટે મારા વાચકો મને માફ કરી દેશે, અને મારા શ્રોતાઓ મને દોષ નહીં દે.'

સંદર્ભો રસપ્રદ હતા, પણ મન એમાં ન લાગ્યું. મન તો શોધતું હતું, પેલી સુંદરીને ને એની રૂપગાથાના રચયિતા હાફિઝ શિરાઝીને. આખરે એમનીય મુલાકાત થઈ જ ગઈ ! હાફિઝની અમર કાવ્યપંક્તિઓ મારી આંખો સમક્ષ હતી :

**'જો એ તુર્ક શિરાઝી મારું હૃદય પોતાના હાથમાં લઈ લેશે,**
**તો બેશક એના ચહેરા પરના તલ ઉપર**
**હું ન્યોચ્છાવર કરી દઈશ, સમરકંદ-બુખારા.**
**જામમાં રેડી દે, બાકીની સુરા, હે સાકી,**
**સ્વર્ગમાં તને આવા નક્કર નદીના કિનારા**
**કે પ્રાર્થના માટેના મુલાયમ ગાલીચાનું સુખ નહીં મળે.'**

૧૪મી સદીનો સૌથી માન્યવર કવિ શમ્સુદ્દીન મુહમ્મદ હાફિઝ શિરાઝી. શિરાઝી શબ્દ કવિની જન્મભૂમિ શિરાઝ નામના ગામ પરથી આવ્યો છે. અસલના પર્શિયામાં વસેલું આ ગામ હાલ ઈરાનમાં છે. શિરાઝ અર્થાત્ નાઇટિંગેલ પંખી અને ગુલાબનાં ફૂલોનું શહેર. 'હાફિઝ' એમનું ઉપનામ હતું. હાફિઝનો અર્થ થાય કંઠસ્થ કરનાર. એમને આખું કુરાન કંઠસ્થ હતું, એટલે એ હાફિઝ કહેવાયા. આજે પણ જેને આખું કુરાન મોઢે હોય, તેને 'હાફિઝ'ના ખિતાબથી નવાજાય છે.

કાવ્યસર્જનનાં શરૂઆતનાં વરસોમાં કવિ હાફિઝે શિરાઝના રાજ્યદરબારમાં રાજાનો મહિમા ગાયો. ત્યારબાદ શિરાઝ આમિર મુબારેઝ નામના ધર્માંધ શાસકના હાથમાં ચાલ્યું ગયું. એણે કવિઓને દેશનિકાલ કર્યો અને લલિતકલાઓ પર પ્રતિબંધ લાદ્યો. વિદ્રોહની ભાવનામાં હાફિઝે ધર્મને નામે ચાલતા દંભ વિરુદ્ધ કટાક્ષભરી રચનાઓ રચી. ઈરાનના શાહે હાફિઝને બગદાદ નોતર્યા, પણ કોઈ અગમ્ય કારણોસર હાફિઝ ઈરાન ન ગયા. ત્યારબાદ દખ્ખણના મહેમૂદશાહે એમને ભારત નોતર્યા. હાફિઝ ભારત આવવા પણ નીકળ્યા. પરંતુ અફસોસ ! રસ્તામાં સમુદ્ર તોફાને ચડ્યો. હાફિઝે દરિયાની વિડંબનાઓ કરતાં નક્કર કિનારાને વધારે પસંદ કર્યો, ને હિન્દુસ્તાનની દરિયાઈ સફર છોડી, જમીનમાર્ગે પોતાના વતન શિરાઝ પાછા ફર્યા.

વળી થોડાં વર્ષ પછી તૈમૂરે શિરાઝ પર વિજય મેળવ્યો. અહીં તલવારના અધિપતિ તૈમૂરની કલમના અધિપતિ હાફિઝ સાથે મુલાકાત થઈ. તૈમૂરે હાફિઝની પેલી ગાલ ઉપરના તલ પર સમરકંદ-બુખારા ન્યોચ્છાવર કરી દેવાવાળી વિખ્યાત પંક્તિઓ સાંભળી.

લોકવાયકા છે કે, હાફિઝની આ પંક્તિઓને કારણે તૈમૂર રોષે ભરાયો. એણે કવિને પકડી લાવવા કહ્યું. બંધક બનાવી લવાયેલ કવિ હાફિઝને તૈમૂરે ભરસભામાં પૂછ્યું : 'મેં યુદ્ધમાં મહામહેનતે તથા મહાપરાક્રમે જીતેલ સમરકંદ અને બુખારા તું એમ શી રીતે માશૂકાના એક તલ પર લૂંટાવી દઈ શકે ?' તૈમૂરનો તીખો મિજાજ પારખતાં હાજરજવાબી કવિએ તરત ઉત્તર આપ્યો : 'બેઅદબી માફ હો જહાંપનાહ, મારી આ ઉડાઉગીરીએ જ તો મને કોડીની કિંમતનો કરી નાખ્યો છે !' કહેવાય છે કે, આ જવાબથી ખુશ થઈને આમીર તૈમૂરે કવિને મુક્ત કર્યા !

બુખારામાં ફરતાં શિરાઝીનું કાવ્ય મનમાં પડઘાતું રહ્યું. મનમાં એ પ્રશ્ન ઘૂમરાતો હતો કે, કોઈ એક ક્ષણ માટે, કોઈ એક તલ માટે ન્યોચ્છાવર થઈ જનાર લોકોની આ ભૂમિ પર હું કઈ ક્ષણ શોધું ? પેલું આકાશમાં નૃત્ય કરતું હુમાપંખીનું યુગલ આંખો સમક્ષ આવી ગયું. પોતાની જ રાખમાંથી નવસર્જિત થતા દેવહુમા પંખીના પુરાકલ્પનનું ઉઝબેક સંસ્કૃતિમાં ખૂબ મહત્ત્વ છે. તાશ્કંદના ગૌરવવંતા ઇન્ડિપેન્ડન્સ સ્ક્વેરના મુખ્ય પ્રવેશદ્વારને 'આર્ચ ઑફ નોબલ એસ્પિરેશન્સ' કહેવાય છે. એની મધ્યસ્થ કમાન પર નૃત્ય કરતા હુમાપંખીના યુગલનું નમણું રૂપેરી શિલ્પ જોયેલું. સોનેરી સુશોભનોથી શોભતા તાશ્કંદના ઓપ્રાહાઉસના ભવ્ય શ્વેત મકાનના ગુંબજ ઉપર પણ નૃત્ય કરતા દેવહુમા યુગલનું શિલ્પ જોયેલું. આ અપાર્થિવ પંખીની પરિકલ્પના અનેક સંસ્કૃતિઓનાં પુરાકલ્પનોમાં જોવા મળે છે. ગ્રીક પુરાણોમાં ને પ્રાચીન ઇજિપ્તનાં આલેખનોમાં; ચીનમાં, તિબેટમાં, ને જાપાનમાં; ભારતમાં, ઈરાનમાં, ને આખાય પર્શિયામાં, રશિયામાં ને ટર્કીમાં; અનેક દેશોનાં પુરાકલ્પનોમાં અલગ અલગ નામોથી આ અમરપંખીની પરિકલ્પના છે. દેવહુમાનું એ યુગલ થરકતું મારા મનમાં નૃત્ય કરવા લાગે છે ! હું આંખ બંધ કરી ઊતરતી જાઉં છું મારી પોતાની અંદર. ત્યા મળે છે એક આકાશ. એ આકાશમાં હું જીવનસાથી સંગાથે ચક્કર-ચક્કર ફરવા લાગું છું. તન્મયતાની પળોમાં આકાશ પગ નીચેથી સરકી જાય છે, અમે ચકરાવા લાગીએ છીએ અસીમ બ્રહ્માંડના અનંત અવકાશમાં. સમષ્ટિના વિરાટ રંગમંચ પર નિજાનંદમાં સરાબોર નૃત્યની તાલબદ્ધ ગતિશીલતામાં દેવહુમા યુગલની તન્મયતાથી લયલીન થઈ જવાની એ ક્ષણ પર આખાય અસ્તિત્વને સમર્પિત કરી દેવા ઝંખું છું, માશૂકાના ગાલ પરના તલ ઉપર ન્યોચ્છાવર સમરકંદ-બુખારાના દેશમાં !

સફર પહેલાં જેને વ્યાકુળતાથી શોધી હતી તે ઉમાશંકરજીની કાવ્યપંક્તિઓ મારી અંગત અનુભૂતિનો આયનો બની જાય છે :

**'મધરાતે મધુ નીંદરમાંયે સમરકંદ-બુખારા !**
**નિશદિન મારે સ્મરણે રણકે સમરકંદ-બુખારા !'**

## મનોમન : (ડાયરીનું એક પાનું) | રમણીક સોમેશ્વર

૨૧-૦૫-૨૦૧૧ (શનિ) બપોર - ૧૨.૦૦ - અંજાર,

પવન ફૂંકાય છે. દે-માર ફૂંકાય છે. વૈશાખી વાયરા વરસોથી અડોલ ઊભેલાં વૃક્ષોનાં મૂળિયાંને પણ એ હચમચાવી નાખે છે. ઓરડામાં બેઠો જોયા કરું છું.

વરસો પહેલાં રેખાંકિત કરેલી કવિ ઓકતાવિયો પાઝની પંક્તિઓ ફરી નજર સામે આવે છે :

> **"મનુષ્યને એક મૂળ નથી, અનેક મૂળ છે, અને**
> **એ મૂળ એને અનેક સંસ્કૃતિઓ સાથે, અનેક**
> **ભૂતકાળ સાથે સાંકળી શકે છે..."**

આ તો જાણે મારા જ મનની વાત. તેથી જ કદાચ પાઝ મને વધુ ગમે છે. હું મારા મૂળને અને એમાંથી ફૂટતા અનેક તંતુઓને; ફરી એ તંતુઓના અન્ય મૂળમાં થતા પરિવર્તનને શોધવા-જોવા-ઝાંકી કરવા મથ્યા કરું છું. એ મૂળનાં અનેક પ્રસ્ફુટનોને આશ્ચર્યવત્ જોયા કરું છું. ક્યારેક દેખાય છે બધું જ - સમજાતું કશું જ નથી. આ દેખાવું ને ન સમજાવુંની વચ્ચે ક્યાંક હું સતત અટવાયા કરું છું. અને મારી સાથે મારી કવિતા પણ અટવાયા કરે છે.

પહોંચું છું ક્યારેક શબ્દોની ધાર સુધી અને પાછો વળું છું. કેટકેટલા શબ્દોના ફીણ કાંઠે છોડીને - કોઈ જ આકૃતિ રચ્યા વિના. પણ ફીણ તો આકૃતિ રચતા હોય છે રેતીમાં. ભંગુર તો શું નથી ! ભંગુરતા જ શાશ્વત છે કદાચ.

મારું ધૂળધૂળ ટેબલ. ધૂળભર્યા ઓરડાને સાફ કરતો રહું છું ને પવન પલકવારમાં ફરી બધું ધૂળધૂળ કરી નાખે છે. ક્યારેક હું અને પવન એકસરખા જિદ્દી બની જઈએ છીએ. સમય અને સંદર્ભો ઘણીય વાર સાથ આપે છે પવનને. વેરણછેરણ કરી મૂકે છે એ મને. ભાંગી પડેલો હું તંદ્રા-નિદ્રામાં ઝૂલતો ફરી ફરી ઝઝૂમવા કટિબદ્ધ થતો રહું છું. આમ એક ખેલ ચાલ્યા કરે છે. એ ખેલ કાગળ પર ચાલે ત્યારે કદાચ કોઈ એને કવિતા કહે.

18

# શ્રી ભારતી ર. દવેની પ્રભાવક ટૂંકી વાર્તા : આ એક ખંડ !

લાભશંકર ઠાકર

વાર્તાકાર શ્રી ભારતી ર. દવેનો પ્રથમ વાર્તાસંગ્રહ 'આ એક ખંડ' તાજેતરમાં પ્રકાશિત થયો છે. સંગ્રહમાં કુલ ૧૪ વાર્તાઓ છે. એમાંની અંતિમ (૧૪મી) વાર્તાનું શીર્ષક છે : 'આ એક ખંડ !' વાર્તાના આરંભમાં રામજીએ વાર્તાનાયક અનુભાઈનાં બેડરૂમનાં બારણાં વચ્ચે ઊભા રહી સમાચાર આપ્યા : 'શેઠ, જયંતીભાઈ સાહેબને ત્યાંથી એક ભાઈ આવ્યા છે.' ભગવાનની પૂજામાંથી ઊઠીને આવેલા અનુભાઈએ કહ્યું : 'રામજી, એમને દીવાનખંડમાં બેસાડ. હું તૈયાર થઈને આવું છું.'

વાર્તાકારની કૅમેરાદૃષ્ટિ હવે વાર્તાનાયક અનુભાઈને પ્રત્યક્ષ કરે છે : અનુભાઈ સફેદ કુરતા-પાયજામામાં સજ્જ થઈ, સફેદ મોજડી પહેરી, ફરી ડ્રેસિંગ ટેબલ પાસે ઊભા રહ્યા. ટેબલ પર પડેલી પ્રસાધનોની એક બૉટલ ઉઠાવી અને હળવું સ્પ્રે કર્યું. એ અને એમનો રૂમ મઘમઘી ઊઠ્યાં. બાપુજી સ્વિટ્ઝરલૅંડથી લાવેલા તે ઘડિયાળ કાંડે બાંધ્યું. ફરી વાળ સંવાર્યા અને એક નજર પ્રતિબિંબ પર નાખી. સ્ટૅન્ડમાં મૂકેલી આઠ-દસ વૉકિંગ સ્ટિક્સમાંથી સોનાની વ્યાઘ્રમુખાકૃતિથી મઢેલી સ્ટિક હાથમાં લઈ દીવાનખંડ તરફ ચાલ્યા.

સર્જક વાર્તાકારે વાર્તાનાયકનું હજી વિશેષ વર્ણન કર્યું છે. તે આ વાર્તા વાંચનારા રસિક વાચકો વાંચશે.

અનુભાઈ દીવાનખંડમાં પ્રવેશ્યા. મુખ પર સંતોષના સ્મિત સાથે કહ્યું : અરે, ભાઈ ! તમે હજી ઊભા જ છો ? બેસો ભાઈ, નિરાંતે બેસો, સંકોચ ન રાખશો. બોલો, જયંતીભાઈએ શો સંદેશો મોકલ્યો છે ? સંદેશાનો સાર છે : 'આજે રાત્રે તેઓ પત્તાં રમવા આવી શકશે નહીં.' અનુભાઈનો પ્રતિભાવ છે : 'ભલે, બીજું કંઈ ?' 'ના જી, શેઠસાહેબ !' કહી આગંતુક વિદાય લે છે.

આ પછી સર્જક વાર્તાકાર વિચારમગ્ન મુદ્રામાં બેસી રહેલા અનુભાઈની સ્મૃતિઓને વર્ણવે છે. જેમાં આ દીવાનખંડની જાહોજલાલીની ઝીણવટભરી કલાત્મક સંરચનાઓ પ્રત્યક્ષ થાય છે.

અનુભાઈને યુવાનીના દિવસોનું સ્મરણ થાય છે. મોજમસ્તીના એ દિવસો. બાપાજીએ અનુભાઈના લગ્નપ્રસંગની યાદગીરી રૂપે આ ખંડ તૈયાર કરાવ્યો હતો ! રાત્રિસમયે નાનામોટા અનેક દીવાઓથી સર્જાતા છાયા-પ્રકાશ તથા એ છાયા-પ્રકાશને ઝીલતા આદમકદ આયનાઓની વિશિષ્ટ ગોઠવણીથી આ ખંડ ઇન્દ્રના દરબાર સમો

કેવો ઝગમગી ઊઠતો ! અને આજે મારી એકલવાયી જિંદગીના સૂનાપનની માફક આ ખંડ પણ કલાકારની આંગળીના સ્પર્શને ઝૂરતા સિતારની જેમ સૂનો પડ્યો છે. નાયકનો મનોભાવ છે : બાપાજી અને બા ગયાં, યશોધરા(પત્ની)એ પણ વહેલી વિદાય લીધી... અને... મિલઉદ્યોગ પણ નવી ઑટોમૅટિક મશીનરી આવતા ઑક્સિજન પર રાખેલા દરદી સમો મરવાને વાંકે લગભગ બંધ પડ્યો. હા, આવી ક્ષણોમાં અનુભાઈની મનોમયતામાં ઊપસતો ભાવ છે : 'જોકે ભવરણમાં મીઠી વરડી જેવી દીકરી મારા વેરાન જીવનની થોડીક ક્ષણોને શીતળતાથી ભરી દે છે...!'

વાર્તાકારના વર્ણનીયના વર્ણનની અને ચરિત્રનાયકના આંતરભાવની ક્ષણો શબ્દપ્રત્યક્ષ કરવાની સહજ ક્ષમતાનો સંકેત કરવા આમ લખાયું. આ મહેલ જેવા આવાસમાં એકાધિક નાનાં-મોટાં ચરિત્રો છે. તેમની સાથેના સામાન્ય વ્યવહારોમાં પણ અનુભાઈ અનુકંપાશીલ છે. જેમકે છાબડીમાં ફૂલો લાવતો માળીને પુત્ર દીપક. કોઈ રોજિંદી ક્ષણે અનુભાઈ દીપકના માથે હાથ મૂકતાં કહે છે : 'દીકરા, આજે રહેવા દે. આજે શનિવારે સવારની સ્કૂલ હશે ને ? જા, તારે મોડું થશે.' કહી તેના હાથમાંથી છાબડી લઈ લીધી. અને એમના એ રમતિયાળ, નિર્દોષ બાળભેરુને પતંગિયાની માફક કૂદાકૂદ કરતો જોઈ રહ્યા.

આ આવાસ એમ ખાલીખમ નથી. સાથે પુત્રી સીમા છે, જમાઈ છે, ભાણિયો અને ભાણી છે. સીમાના પતિ સુધીર એક કંપનીમાં ફાઇનાન્સ એડ્વાઇઝર છે. કંપની સુધીરને બઢતી આપી અમેરિકા મોકલે છે. છ મહિના પછી પતિ-પત્ની અમેરિકા, સંતાનો અને (દાદાજી સમેત) જઈ શકશે. આવા નિર્ણયાત્મક સૂચનની અસર વાર્તાનાયક પર કેવી થાય છે ? 'સમુદ્રમાં અચાનક ઊઠેલા ચક્રવાતની જેમ આ સમાચારે અનુભાઈને અંદરથી ખળભળાવી મૂક્યા.' સ્વસ્થ બનીને અનુભાઈ કહે છે : 'બેટા સુધીર, તારી પ્રગતિ જોઈને હું ખૂબ રાજી થાઉં છું. તમને બંનેને સુખી જોવામાં મારા જીવનની ધન્યતા છે.' સુધીરને અમેરિકા ગયે છ મહિના થવા આવ્યા. સીમા પણ અમેરિકા જવાની તૈયારીમાં વ્યસ્ત હતી. આ સમય દરમિયાન અનુભાઈ નાસ્તા અને ભોજનના સમયે ટેબલ પર આવતા. પરંતુ એ સિવાય એ એમના દીવાનખંડ અને બેડરૂમમાં જાતે પુરાઈ રહેતા : જાણે કોશેટામાં કેદ પતંગિયું !

આ અલંકૃત અભિવ્યક્તિ કોના પૉઇન્ટ ઑફ વ્યૂ થકી સંરચાઈ ? હાસ્તો, તે આ વાર્તાસર્જકની કહું કે ભાવદૃષ્ટિનું સર્જન છે. અનુભાઈનો મનોભાવ છે : એ સૌ હવે જશે. પાછળ રહી જશે આ ખંડ ! મારા જીવનની એકલતાને ભરી દેતો ખંડ, શેષજીવનનો સાથી-સંગી... અને પુત્રી-જમાઈ-એમનાં સંતાનો જાય છે. ખભેથી સહેજ નમી ગયેલા અનુભાઈ હવે લાકડીને ટેકે ઊભા હતા. કાર સ્ટાર્ટ થવાનો અવાજ આવ્યો. 'આવજો', 'બાય-બાય'ના અવાજો સંભળાયા. અનુભાઈનો જમણો હાથ આવજો કહેવા ઊંચકાયો

અને અવકાશમાં એમ જ અધ્ધર રહી ગયો.

વાર્તાસર્જક શ્રી ભારતી ર. દવેએ વાર્તાનું શીર્ષક રાખ્યું છે : ‘આ એક ખંડ !’

હા, એ ખંડમાં વાર્તાના નાયક અનુભાઈનો આ ક્ષણો સુધીનો અતીત પસાર થયો છે. આવતી કાલો પણ અહીં જ પસાર થશે. હા, આ એક ખંડ છે. તેમાં ભૂતકાળની અપાર ક્ષણો છે. જે ક્ષણો અનુભાઈની સ્મૃતિમાં અને શ્રુતિમાં છે. ખંડ છે. પણ શું અનુભાઈ ‘અખંડ’ છે ? એમનો આનંદ અ-ખંડ છે ? શું આમ આ એક અતીતગ્રસ્ત ખંડમાં ગરકાવ રહેવું તે નિજ ચેતનાએ ટેવવશ રચેલ કારાગાર છે ? આ શું માત્ર એક અનુભાઈની વાત છે ? ૭૯ વર્ષના આ આમ લખી રહેલા લા.ઠા.ની નથી ? આ લા.ઠા.ય ટેવગ્રસ્ત નથી ? છે. ટેવ જેવું ‘ડેડનર’ બીજું શું હશે ? વાર્તાસર્જક પૂરી શિસ્તથી, અનુભાઈને બિનંગત ભાવદૃષ્ટિથી જોઈ રહ્યાં છે. આ આમ જોવું અને શોટ્સ લેવા અને તે શોટ્સને એકસાથે જોડીને ‘સીન્સ’ રચવા તેય સર્જન નથી ? છે, છે. ઇમારત બુલંદ હશે. પણ...

વાર્તાસર્જક શ્રી. ભારતી ર. દવે બુલંદ છે. ચલચિત્રસર્જકો ‘આ એક ખંડ’ની વાર્તાઓમાંથી પસાર થાવ અને ચલચિત્રો સંરચવા પ્રેરાવ.

18

## સાભાર સ્વીકાર

### કવિતા

(૨૦૦) **સવાર લઈને** : અનિલ ચાવડા, ૨૦૧૨, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, પૃ. ૨૨+૭૦, રૂ. ૧૨૫/- (૨૦૧) **કબૂતર, પતંગ અને દર્પણ** : રાજેન્દ્ર પટેલ, ૨૦૧૨, રંગદ્વાર પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૬+૮૦, રૂ. ૯૦/- (૨૦૨) **બત્રીસ કોઠા વાવ** : ભરત ત્રિવેદી, ૨૦૧૨, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, પૃ. ૮+૧૭૬, રૂ. ૧૫૦/- (૨૦૩) **ઉદયન ઠક્કરનાં ચૂંટેલા કાવ્યો** : ઉદયન ઠક્કર, ૨૦૧૨, નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ, પૃ. ૧૨+૧૫૬, રૂ. ૨૦૦/- (૨૦૪) **અનેક એક** : કમલ વોરા, ૨૦૧૨, ક્ષિતિજ સંશોધન પ્રકાશન કેન્દ્ર, મુંબઈ, પૃ. ૧૭૪, રૂ. ૨૦૦/- (૨૦૫) **કહેવું કશું નથી** : હરીશ ઠક્કર, ૨૦૧૨, સાહિત્યસંગમ, સુરત, પૃ. ૮૦/-, રૂ. ૭૦/- (૨૦૬)

# આ અંતરાલ પછી પણ કદાચ...

ધીરેન્દ્ર મહેતા

પ્રબોધના ચાલ્યા જવાની વાત કંઈ ગઈ કાલની નથી, તેમ છતાં એના આમ અચાનક ચાલ્યા જવાથી જન્મી હતી એ લાગણી દૂર થતી નથી, એટલે જ કદાચ આ પહેલાં એ વિશે એક અક્ષર પણ મેં પાડ્યો નથી; આ લેખ પણ ન લખત પરંતુ થયું, એના જેવું ક્યાં કરું !

સેલફોનની રિંગ સંભળાઈ ત્યારે દાઢી કરતો હતો એટલે નૂતને ફોન લીધો અને કંઈક એવા સ્વરમાં એનો 'હેં'કાર સંભળાયો કે રેઝર હતું ત્યાં અટકી ગયું અને સમાચાર સાંભળતાં એ જગાએ લોહીઝાણ છટકો વાગ્યો. પ્રબોધ આમ એકાએક ચાલ્યો જશે એ માનવું જેટલું મુશ્કેલ હતું તેટલું જ મુશ્કેલ એ આ રીતે છેતરશે એ માનવું પણ હતું.

એના ઘરના ફોન સાથે ગોઠવેલા 'આન્સરિંગ મશીન'નો અણગમતો અવાજ સાંભળીને કંટાળ્યો હતો ત્યારે મેં એનો સેલફોન જોડ્યો હતો. હૉસ્પિટલમાંથી અલબત્ત, પરંતુ એના જ અવાજમાં ખબર મળ્યા હતા -

'પ્રભુનો પાડ કે આપણે સમયસર ચેતી ગયા. હજુ એણે શરૂઆત જ કરી હતી ને પકડાઈ ગયો. હવે વાંધો નથી.'

એણે એ કૅન્સરનો પ્રકાર, એ શરીરના કયા ભાગમાં પેઠો હતો એની પારિભાષિક વિગત, સારવારની માહિતી વગેરે બધું કહ્યું... થોડા દિવસ પછી, કમ્પનીના ગેસ્ટહાઉસમાં રોકાયો છે એ પણ જણાવ્યું અને ખુશખબર આપતો હોય એમ બોલ્યો, જમા થયેલું ફ્લ્યૂઇડ નીકળી ગયું છે અને નવું ઉત્પન્ન થતું નથી. ઇટ ઇઝ ગૂડ સાઇન...

મનમાં વહેમ રાખીને હું ફેરવી ફેરવીને પૂછું અને સાંત્વન શોધું, પણ મનને રોકી રાખું ને પછી વારંવાર ફોન કરું નહિ. કરું ત્યારે એનો આશ્વાસક અવાજ જ સંભળાય –

'દવાઓને રિસ્પોન્સ સારો મળે છે એટલે હવે ચિંતાને કોઈ કારણ નથી.'

'અવાજ કેમ આટલો ધીમો ને થાકેલો જણાય છે ?'

'અશક્તિને કારણે, પણ રિકવરી થતી આવે છે.'

'ઘેર કેમ જતો નથી ? હજુ ગેસ્ટહાઉસમાં કેટલું રહેવાનું છે ?'

'કશી ખલેલ વિના પૂરતો આરામ મળે એટલે, હજુ છ-આઠ મહિના ખરો, અને ઘર તો તોડી નંખાવ્યું છે...'

'તોડી નંખાવ્યું ? કેમ ?'

'જૂનું થયું.'

કશા કારણ વિના મને આ ચોંકી જવા જેવું કેમ થયું ? મેં પૂછ્યું :

'જૂનું ? કેટલાં વરસ ?'

'વીસેક.'

એણે કહ્યું, પછી ઉમેર્યું :

'હવે નવું બંધાવું છું.'

'હં, હં !'

મેં અન્યમનસ્કભાવે કહ્યું અને એના ઉત્તરમાંથી રાહત શોધવા માંડી, જે માણસ આટલી ઊથલપાથલ કરે છે, એના ભવિષ્ય અંગે ઝાઝી ચિંતા કરવા જેવું નહિ હોય.

'હલ્લો,'

મૌનના ઝોલામાં ઝિલાયેલી રાહતની એ ક્ષણોને લંબાવતો હોય એમ એ બોલ્યો,

'પણ અહીં ઘર જેવું જ છે. તમે અમદાવાદ આવો ત્યારે આવજો, આપણે આખો દિવસ સાથે રહીશું.'

થોડા દિવસ પછી -

'ઑફિસ જાય છે ?'

હસીને –

'ના, ઑફિસ અહીં આવે છે... પણ હવે – હવે થોડું થોડું જઈશ.'

'મૂડ કેવોક રહે છે ?'

'સારો. પણ એવું કેમ પૂછો છો ?'

'અમસ્તો.'

''ડૉક્ટર પણ મને એવું પૂછતા હતા... 'ઉદ્દેશ'નું કામ કરું છું. આ મહિનાનો અંક સમયસર મળી ગયોને ? હમણાં 'ઉદ્દેશ'ના પાના પર ઘણા વખતથી તમે ગેરહાજર છો, ન ચાલે, કશુંક મોકલો.''

આ વાતચીતે પણ મને કેટલો વિશ્વાસ બંધાવ્યો હતો !

તો પછી ? આ બધું છળ હતું કે ઠગારું નીવડ્યું હતું ? આ સેલફોનમાંથી સંભળાયા કરેલા સમાચાર કે એના સ્ક્રીન પર ઝબકતા એસ.એમ.એસ...

*

વીતી ગયેલા વખતના બે પ્રસંગો સ્મૃતિના વહેણમાં કેમ અચાનક સપાટી પર તરી આવે છે...

પ્રબોધના 'અચલાયતન'-નિવાસે હું ગયેલો. બેઠકખંડમાં દાખલ થવા જતાં પળ એક થંભી જવાયું. સામેની દીવાલને અડોઅડ પડેલી સેટ્ટી પર સફેદ કપડું ઓઢાડીને આ – હું ધીમેથી અંદર દાખલ થયો, જાણે કશાક બોજ તળે ચંપાતો ન હોઉં. ખુરશી પર બેસું ન બેસું એટલામાં તો એ સફેદ કપડા તળેથી પ્રબોધ બહાર નીકળ્યો. જે ભાવ એને અપેક્ષિત હોય બરોબર એ જ ભાવ મારા ચહેરા પર વાંચવા મળ્યો હોય એમ હસવા જેવું કરીને કહે,

'આ કપડું આમ તો લેંઘા-ઝભ્ભા માટે લાવેલો પરંતુ એ એટલું બધું સફેદ છે

કે થયું, આ તો જાતને ઓઢાડીને પોઢી જવા જેવું છે... એટલે સૂઈ ગયો.'

ક્ષણેક થંભીને પૂછે,

'તમને શું લાગ્યું એ જોઈને ?'

મેં માત્ર સ્મિત કર્યું.

કદાચ એ ગયો એને આગલે વરસે જ એક વાર ફોન પર વાતવાતમાં કહેલું :

'' 'ઉદ્દેશ' બંધ કરતી વખતનો છેલ્લો તંત્રીલેખ મેં લખી રાખ્યો છે.''

ફોનમાં તો સ્મિત ક્યાંથી દેખાય, સારું થયું, એ ચેષ્ટા મારે ન કરવી પડી. પણ આ ક્ષણે વિચાર આવે છે, આ બે પ્રસંગના અંતરાલમાં પ્રબોધે મૃત્યુસંવેદનનાં કેટલાં કાવ્યો લખેલાં છે !

*

'ઉદ્દેશ' એણે સંભાળ્યું અને વરસોથી ખોવાઈ ગયેલો પ્રબોધ મને જડી આવ્યો ! ૧૯૬૬માં એમ.એ. કરવા માટે હું ભુજથી અમદાવાદ, ભાષા-સાહિત્યભવનમાં ગયો હતો. ડૉ. રમણલાલ જોશી મારા અધ્યાપક હતા. એમની સ્નેહવર્ષાથી હું સતત ભીંજાતો રહેતો હતો. કિશોરવયના પ્રબોધને 'સ્કૂલ ગોઇંગ બૉય'ના યુનિફૉર્મમાં જોયેલો. બે વર્ષનો સમયગાળો વટાવીને '૭૦માં હું ફરી અમદાવાદ ગયો. એ વર્ષોમાં એ ઝેવિયર્સમાં ભણતો. રમણભાઈને મળવા જાઉં ત્યારે ઘેર હોય તો એ પણ આવીને બેસે. અમારી વાતો સાંભળે. એના ચહેરા પર પ્રતિભાવો પણ વંચાય. હા, એ પ્રતિભાવો વ્યક્ત કરતોપણ થયો હતો. ટોખટીખળ પણ કરે. ક્યારેક અભિનિવેશપૂર્વક પણ વાત કરે. પિતાશ્રીને કવચિત્ સૂચના પણ આપે... પછી એ વડોદરા ગયો ને હું ભુજ. તે કેટલાં વરસે એને જોયો ! રમણભાઈના ગૌરવપુરસ્કારઅર્પણ સમારોહમાં. તે પણ અલપઝલપ... એ પછી 'ઇમેજ'ના કોઈ કાર્યક્રમની સમૂહતસવીરમાં દેખાયો ત્યારે ઓળખવામાં અને ઓળખતાં તકલીફ પડેલી. એ તકલીફ વાણીવ્યવહારની શાલીનતાએ હરી લીધી હતી.

પ્રબોધ સાથે થતો એવો અને એટલો ટેલિફોન-વાર્તાલાપ મારે ભાગ્યે જ કોઈની સાથે થયો હશે. એ આત્મીયતા અને આમન્યા, બેઉ જાળવે. હું ઉલ્લાસ અને ઉમંગમાં વરસો ઓળંગી જઉં. રાત્રિના સાડા આઠ પછીનો સમય. બેડરૂમનું માટું એકાન્ત. ડિમલાઇટના અજવાળા કરતાં વિશેષ તો અંધકાર. ફોન મોટે ભાગે હું જ જોડું. ઘેર આવી ગયો હોય તો પ્રબોધ જ રિસીવર ઊંચકે. 'આવી ગયો ભાઈ ?' મારું કાયમનું પહેલું વાક્ય. મારી નજર સામે કિશોર કે તરુણવયનો પ્રબોધ જ હોય. મને ન થાય એમ નહિ કે કોઈક વાર હજુ ઘેર પહોંચ્યો જ હશે, કોઈ વાર આવીને પરવારતો હશે કે જમવા બેઠો હશે પરંતુ વાતની શરૂઆત વિલંબાઈ હોય એવું સ્મરણ નથી. ક્યારેક એના શબ્દોમાં સલાડ ભચડાવાનો અવાજ પણ ભળેલો હોય. હું થોડી વાર પછી ફોન કરવાનું કહું, એનીય આગ્રહપૂર્વક ના પાડે. કોઈ વાર ફોન કરું ત્યારે ઘેર ન હોય તોપણ આવતાં

વેંત એ જ સામેથી જોડે. લાંબા પ્રવાસે જવાનો હોય તો જવા-આવવાની તારીખો જણાવે અને ઉમેરે, 'આવીને ફોન કરું છું.'

પ્રબોધના સહજ વિનયવિવેક જોતાં મને એવું લાગતું હતું કે સહુની સાથે એનો આવો વ્યવહાર હશે, આ કદાચ એના વ્યક્તિત્વનો અંશ હશે. એની વિનમ્રતાનો ઉલ્લેખ પણ કરવો જોઈએ. ભિન્ન મત કે સ્વકીય દૃષ્ટિબિંદુ સ્પષ્ટતા અને મક્કમતાથી જણાવે પણ એમાં ઉત્તેજના નહિ. મનોમન નિર્ણય કરી લે ને બંધ વાળી દે. તંત્રી તરીકે કોઈ મુદ્દે વિવાદમાં ઊતરવાનું આવે તો બે જણને પૂછવામાં સંકોચ નહિ કે હઠ પણ નહિ. કૃતિને માત્ર વાંચે જ નહિ, ખૂણેખાંચરે, બધે, છેક વિરામચિહ્નો સુધી ફરી વળે. સંશય થાય તો ફોન કરે. કૃતિમાં શક્યતા જણાય તો સલાહસૂચન પણ કરે. એક મોટા કવિની રચના પરનો પ્રસિદ્ધ વિવેચકનો આસ્વાદલેખ આવ્યો. કૃતિપાઠમાં એક જગાએ વૈયાકરણી દોષ જણાયો. લેખકને ફોન કર્યો તો કહે, મૂળ પાઠ જેમ છે તેમ આપ્યો છે. કાવ્યસંગ્રહમાં જોઈ ખાતરી કરી. પછી કવિને ફોન કરી ભૂલ સુધારવા સમ્મતિ માગી. કવિએ ના પાડી તો કહે, 'સારું, નહિ સુધારું, પાદટીપ મૂકીશ.' કવિ માની ગયા. તંત્રીની આ ચીવટ, સજ્જતા અને શિસ્ત. ગ્રંથાલય-કાર્યથી એ કોઈ લેખનું પગેરું પણ શોધી કાઢતો પણ એ વાતને ચગાવતો નહિ. આવું અભિજાત્ય પણ ખરું. આવા સદ્‌ગુણોને લઈને કોઈ વાર સંકટમાં મુકાય. એક વાર ફોન આવ્યો -

'....સાથે તમારે નિકટતા છે, ખરું ?'

'કેમ, શું છે ?'

''એમની એક લેખશ્રેણી હું રાખી બેઠો છું. પણ મારી ગફલતના ભોગ 'ઉદ્દેશ'ના વાચકો બને એવું નથી થવા દેવું.''

'મારે શું કરવાનું છે ?'

'વહારે ધાવાનું છે : એવું કંઈક કરો કે તમારા એ મિત્ર એ શ્રેણી મારી પાસેથી પરત મગાવી લે... પણ જોજો હોં, એમને ખરાબ નહિ લાગવું જોઈએ, વ્યક્તિ તરીકે મને એમના પ્રત્યે ઘણો આદર છે.'

મારે કારણે એને આવી ભીંસમાં મુકાવું પડ્યું હોય એવો એક પ્રસંગ પણ યાદ આવે છે. રમણભાઈની પુણ્યતિથિએ લખી આપવા એણે મને કહ્યું. રમણભાઈને અમે વાતવાતમાં કેટલીય વાર યાદ કરતા રહેતા હતા. એમની ખાસિયતોને સંભારીને હસતા પણ ખરા. મારો અધિકાર એને માન્ય. લખ્યું. સામાન્ય રીતે હું કંઈ મોકલું કે તરત એનો ફોન આવે. આ વખતે ન આવ્યો એટલે મેં કર્યો. એણે સંયત રીતે કહ્યું કે અમુક બાબત એવી હતી જે આ લેખમાં ન હોય તો ઠીક. જો એ રાખવી હોય તો લેખ બીજે છપાવવો જોઈએ, આખરે રમણભાઈ 'ઉદ્દેશ'ના તંત્રી હતા. મેં કહ્યું, 'ઉદ્દેશ' માટે જ લખેલો લેખ બીજે છપાવવાનું તો ન બને. કેટલીક બાબતે સમજૂતી આપી, એકાદ બાબતે બાંધછોડ કરી, અને ઉમેર્યું, લેખ ન લખાય એવો વસવસો ન હોય, પ્રબોધને દુભવ્યાને કારણે

ન છપાયાનું ભુલાય નહિ. અને એ ભાવુક બની ગયો.

ઔચિત્યભાન પણ સદાજાગ્રત. અસ્થાને કશી સ્પૃહા કે કુતૂહલ પણ વ્યક્ત થાય તો એને ડંખે. એક સાહિત્યકારની ચિતાની આસપાસ થયેલી આવી ચર્ચાથી થયેલી વ્યથા એણે મારી પાસે ઠાલવેલી. એના તંત્રીલેખોનો ઉદ્‌ગમસ્રોત એના આ સ્વભાવલક્ષણમાં જણાય છે. ઘણું વાંચી-વિચારીને એ વિષયની પસંદગી કરતો એટલે એમાં વૈવિધ્ય પણ કેટલું રહેતું ! સાથે સંવેદનશીલ નિસબત, સમયની સંપ્રજ્ઞતા અને ઘૂંટાયેલું ગદ્ય. 'ઉદ્દેશ' સાચા અર્થમાં 'સાહિત્ય અને જીવનવિચારનું સામયિક' બની રહે એ માટેનો એનો પ્રયત્ન હતો. એને ખબર હતી કે એના એ લેખો મને બહુ ગમે છે એટલે કેટલાય લેખો એણે મને ફોન પર વાંચી સંભળાવેલા. એવા એક પ્રસંગે પ્રતિભાવ આપતાં મેં કહ્યું, 'ખરેખર લેખપ્ર-બોધ !'

ઉત્તરમાં માહિતીપ્રદાન કરતો હોય એમ હસીને બોલ્યો,

'નામ પર પ્રબોધ પંડિતનો પ્રભાવ છે. એમનાથી ખૂબ પ્રભાવિત પિતાશ્રીએ આ નામ આપેલું છે.'

પ્રબોધની કલારુચિ અને સૌંદર્યદૃષ્ટિ ઊંચી તેમ અર્થપૂર્ણ. તંત્રીલેખને અનુરૂપ ચિત્ર કે તસવીર અને કાવ્યકંડિકાનું સુંદર આયોજન ! અન્ય ભાષામાંથી હોય તો અગ્રપૂંઠે મૂળ અને પાછળે પૂંઠે અનુવાદ. અનુવાદમાં પણ એ કેટલી મહેનત અને મથામણ કરતો ! આમ તો 'ઉદ્દેશ'ના દરેક અંકના આયોજનમાં એ દેખાય. પ્રબોધની એવી આગવી મુદ્રા હતી. સાહિત્યિક પત્રકારત્વની સીડીનું અક્કેક પગથિયું એ નહોતો ચઢ્યો, એણે સીધો છેલ્લે પગથિયે પગ મૂક્યો હતો. તંત્ર પણ એટલું જ ચુસ્ત. યાદ છે, એક તંત્રીલેખમાં એણે 'તંત્ર'-'તંત્રી'નો શ્લેષ કરેલો ? 'ઉદ્દેશ'ના કોઈ અંક પર બે તારીખો જોઈ છે ? અસાધ્ય રોગે ઘેરી લીધો ત્યારે ક્ષમાયાચના પછીય એમાંથી છૂટવા કેટલો શ્રમ ઉઠાવેલો ! 'અંક મળી ગયો ને ?' પૂછે ત્યારે એક ઊંડો શ્વાસ પણ સંભળાય. કંઈ છપાયું હોય તો લેખકની નકલ, એ પહેલાં છૂટી પ્રતો કુરિયરથી, વર્ષ પૂરું થયું નથી ને હિસાબના પત્ર સાથે ચેક. આ બધું, છતાં ગ્રાહકસંખ્યાવૃદ્ધિ માટેનાં વલખાં નહિ. ગ્રાહકે વાચક હોવું અનિવાર્ય : ''લવાજમ ભરવું એટલે એ સામયિક વાંચવા માટે વિચારપૂર્વક કરવાનું 'કમિટમેન્ટ' '', આ સૂત્ર એણે આપ્યું હતું. આ આખીય વસ્તુ વ્યાવસાયિક સૂઝ અને અભિગમની નીપજ હતી.

આવો માણસ કશું લઘરવઘર જુએ તો કેમ સહી શકે ? કઢંગી મુદ્રણપ્રતો પ્રબોધને પજવતી. સામે ધોરણસરની ખુશ પણ કરી મૂકતી. એક વાર કહે, 'કૃતિની વાત તો પછી આવે, તમારી હસ્તપ્રત જોઈને જ એ પરત કરવાનું મન ન થાય.' પણ એનો અણગમોય એની અદબ ન તોડી શકે. એક વયોવૃદ્ધ સાહિત્યકારની હસ્તપ્રત હમેશાં ઢંગધડા વગરની હોય, એણે કહેલું, 'આખી પ્રત હું જાતે ફરીથી ઉતારું અને સેવા કર્યાનો સંતોષ લઉં.'

સ્મૃતિના ઝબકારે પ્રબોધની છબી ઝડપવા કરું છું એમાં અંગત-બિનંગત એવી

આછી-ઊજળી કેટલીય છાયાઓ એકબીજામાં હળીભળી જાય છે...

બીજા કાવ્યસંગ્રહના પ્રકાશનની વાત કરી ત્યારે મેં પૂછ્યું,

'કંઈ નામ આપ્યું કે બાકી છે ?'

તો હસીને કહે,

'સવારનો એક ઉઘાડ.'

કોણ જાણે કેમ મારા ચિત્તમાં સહસા ઝબકાર થયો. મેં કહ્યું :

'વરસો પહેલાંનો તારો એક પોસ્ટકાર્ડ હમણાં હાથમાં આવ્યો હતો. એમાં તેં લખ્યું છે, પાછો ઉઘાડ નીકળ્યો છે !... એ કેમ રહેશે ?'

સાંભળતા વેંત પ્રબોધના અવાજમાં ઉઘાડ નીકળ્યો ! કહે,

'નામ મલી ગયું; બસ, આ જ !'

બીજે દિવસે ફરી ફોન આવ્યો –

'સામાન્ય રીતે હું સુરેશભાઈ (દલાલ)ને રાત્રે નવ પછી ફોન કરતો નથી પણ આ વાત કરવા અગિયાર વાગ્યે કર્યો.'

થોડા દિવસ પછી –

'' 'પાછો ઉઘાડ નીકળ્યો છે !' આ વાક્ય 'છે'ને લઈને વિધાન જેવું લાગે છે, એમ સુરેશભાઈનું કહેવું છે, મને પણ એવું લાગે છે... 'છે' કાઢી નાખીને માત્ર 'પાછો ઉઘાડ નીકળ્યો' રાખીએ.''

''લય તૂટે. 'પાછો ઉઘાડ નીકળ્યો આ' બરોબર થશે ? 'આ' દર્શક સર્વનામથી પ્રત્યક્ષીકરણ પણ થશે.''

સૂચન પર મહોર લાગી. એને રદીફ રૂપે લઈને મેં ગઝલ લખી. એનો એક શેર પ્રબોધે સંગ્રહના આરંભના પૃષ્ઠ પર ઉતાર્યો અને 'ઉદ્દેશ'માં આખી ગઝલ પ્રગટ કરી.

કોઈ અંગત સમસ્યા વિશે જાણે કે પ્રબોધ મદદરૂપ થવા તત્પર. એને લગતી પશ્ચાદ્‌વર્તી કાર્યવાહી માટે એને યાદ અપાવવાની પણ જરૂર નહિ, ઊલટું એને લગતો હેવાલ એ પોતે આપતો રહે. કામ થઈ ગયા પછી યાદ ન રાખે. રજમાત્ર ભાર ન રાખવા દે. કદરબૂજમાં નિમિત્ત બનવાનું પણ એને ગમે. પણ એને મન વૈયક્તિક નિસબત અને સામાજિક નિસબત, એવા ભેદ ખાસ નહોતા. એ.એમ.એ.ની શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં પણ એ પૂરેપૂરો રસ લેતો અને પોતાની સૂઝસમજ-જાણકારીનો લાભ આપતો.

...પ્રબોધ એક લાંબા અંતરાલ પછી મને પાછો મળ્યો હતો; આ અંતરાલ પછી પણ કદાચ... એક નવીન કાર્ય અંગીકારીને મળ્યો હતો એમ જ કોઈ ને કોઈ કાર્ય રૂપે...

18

## ગાંધીયુગીન ટૂંકીવાર્તામાં ગ્રામચેતના | ગુણવંત વ્યાસ

'ગ્રામચેતના' સંજ્ઞા અને તેની વિભાવના ગુજરાતી સાહિત્યમાં પ્રવેશે એ પૂર્વે ગુજરાતી સાહિત્યમાં, ખાસ તો, ટૂંકીવાર્તામાં ગ્રામચેતનાનો પ્રાદુર્ભાવ થઈ ચૂક્યો હતો. કહેવાનો મતલબ એ જ કે, કોઈ પણ સંજ્ઞા કે તેની વિભાવના; વ્યાખ્યા કે તેનાં લક્ષણો આકારિત થાય એ પહેલાં એ પોતાનું મૂલ્ય પ્રસ્થાપિત કરી ચૂક્યાં હોય છે. ફરીથી, પહેલાં અવતરણ અને પછી સંજ્ઞા, વ્યાખ્યા, વિભાવના શબ્દબદ્ધ થતી હોય છે.

હા, તો ટૂંકીવાર્તામાં ગ્રામચેતના વિશે પણ કંઈક એવું જ કહી શકાય. 'ગ્રામચેતના' સંજ્ઞા તો બહુ મોડેમોડેથી આવી; એ પહેલાં ગામડું, ગામડાના લોકો, એનાં રીત-રિવાજો અને બોલીના લય-લહેકા એના અસલ મિજાજ સાથે પ્રવેશવા શરૂ થઈ ચૂક્યાં હતાં. ગાંધીયુગ, એક તો ગાંધીવિચાર ને બીજું, તેની વાસ્તવાભિમુખ/સમાજાભિમુખતાને કારણે વિશેષ નોંધપાત્ર રહ્યો છે. તેમાંયે કથાસાહિત્યમાં, એ સંદર્ભે, એ શિરમોર પુરવાર થયો છે. ટૂંકીવાર્તા તો ગાંધીયુગની જ દેન છે. એ પહેલાં જે લખાઈ તે 'વારતા' હશે, 'ટૂંકીવાર્તા' તો નહીં જ. 'ગોવાલણી'ને આપણે ગુજરાતી ટૂંકીવાર્તાનું ઊગમબિંદુ ગણતા હોઈએ તો ગ્રામચેતના, હજુ થોડા સ્થૂલ અર્થમાં કહેવું હોય તો ગ્રામાલેખનનું આરંભબિંદુ પણ આ જ વાર્તા છે. 'ચેતના' વિશેની સભાનતા છો હજુ ન પ્રવેશી, 'ગ્રામ' તો જરૂર પ્રવેશી ચૂક્યું છે; ને એ પણ પ્રથમ વાર્તાથી જ.

ગ્રામચેતનાનો સીધોસાદો અર્થ કરીએ તો, ગ્રામજનોના રીતરિવાજ, તહેવારો-વ્યવહારો, સુખ-દુઃખ, પીડા-વ્યથા, લાગણી-સંવેદના આદિમાંથી પ્રગટતા ચૈતન્યની વાત; ગ્રામચેતના એટલે ગામડાને ધબકતું રાખતાં કેટલાક સંસ્કાર અને સંસ્કૃતિને સંકોરતાં પરિબળોની વાત. ગામડાના ચૈતન્યને સતત સંકોરતાં રહેતાં આ ચિરંજીવ પરિબળો જેમાં સભાનતાપૂર્વક આલેખાતાં હોય તે ગ્રામચેતનાનું સાહિત્ય. ઉમાશંકર જોશીના શબ્દોમાં કહીએ તો, 'ગામડા સંબંધી સાહિત્ય.' – જેમાં ગ્રામસંબંધી સારાં-નરસાં બન્ને પાસાં રજૂ થયાં હોય. ગુજરાતી ટૂંકીવાર્તામાં આ સૂર પ્રારંભથી જ ગુંજતો આવ્યો છે.

'ગોવાલણી'નો પ્રધાન વિષય જે હોય તે; પ્રદેશ-પરિવેશ ગામડાનો છે. જે પાત્ર (કહો કે મુખ્ય)ની ઓળખ પરથી વાર્તાને શીર્ષક મળ્યું છે તે ગોવાલણીના વળ-વળોટ Pure ગામડાના છે. 'દૂધ લેવુ સે દૂ-ધો'નો એનો ટહુકો કે પીળી પટ્ટીની કોર ને કાળા પાલવવાળો જાડો રાતો સાલ્લો, હાથમાં રૂપાનાં ચીપવાળાં બલૈયાં કે પગનાં જાડાં કલ્લાં... કહો કે પૂરો એનો પહેરવેશ એક પરિવેશ રચે છે ને એ છે ગ્રામજગતનો. કથક ભલે શહેરી જણાતો, ઓંય, ત્યોં, સાંયડો કે ગોંણા ઉચ્ચારતી ને 'પયણેલી' છતાં પતિનું નામ લેતા શરમાતી લજ્જાળું પણ ચબરાક ગોવાલણી છે પૂરી ગામઠી. ગળામાં પહેરેલું એણે

'શોકપગલું' શહેરમાં તો જોવા/સાંભળવા પણ ક્યાં મળે ?! એની દૈનિક ક્રિયામાં ગામડું તગતગે છે. હા, ગ્રામચેતના કે એ વિશેની સભાનતા નથી, પણ પાત્ર બદલાતાં બદલાતી ભાષા/બોલીભેદ છે ને એ વિશેની સર્જક-સભાનતા પણ છે.

આ તો થયો આરંભ; પણ પછીથી પધારતા ધૂમકેતુ 'ગોવિંદનું ખેતર'માં ગામડાની ઊજળી બાજુને શહેરસાપેક્ષે આલેખે છે. રઘુવીર ચૌધરી અને રમેશ ર. દવે સંપાદિત 'ગ્રામચેતનાની નવલિકાઓ'માં 'ગોવિંદનું ખેતર' નથી. ડૉ. ચિમનલાલ ત્રિવેદીના સૂચન પછી પણ નથી; પણ 'જુમો ભિસ્તી' છે. સંપાદકના કહેવા મુજબ 'મનુષ્ય અને પશુઓ પરસ્પર વિશ્વાસ, એકમેક માટે કશુંક કરી છૂટવાની પ્રેરણા – નૈસર્ગિક વફાદારી ગ્રામચેતનાનું લક્ષણ છે.'[૧] હશે; પણ એ વાર્તા માનવ-માનવેતર વચ્ચેના સ્નેહની વાર્તાઓના સંપાદનમાં વધુ શોભે તેવી છે. યાદ રહે, ચુનીલાલ મડિયાએ 'ગોવિંદનું ખેતર' અને 'ભૈયાદાદા'ને ગ્રામજીવનની કથાઓ રૂપે ઓળખાવી છે.[૨]

ધૂમકેતુ ગામડામાંથી આવેલા સર્જક છે. 'ગામડાં સારાં ને શહેર ખરાબ'ના પ્રચલિત ખ્યાલોએ 'ગોવિંદનું ખેતર'ને જન્મ આપ્યો છે. પક્ષકાર ધૂમકેતું અહીં ખુલ્લા પડી ગયા છે. છતાં ગામડું એના રંગે-રૂપે થોડું-ઘણું ચીતરાયું છે તો ખરું જ. 'ભૈયાદાદા'નો ભૂમિપ્રેમ અને 'રજપૂતાણી'ના ગરાસિયા-ચારણના સંવાદો, 'વિનિપાત'માં કલા પ્રત્યે ઉદાસીન ગ્રામજનો કે 'સ્ત્રીહૃદય'માં મિયાણી સ્ત્રીની બોલીમાં વર્તાતી તળપદ છાંટને ગ્રામ'ચેતના' છો ન ગણો, પણ ગામડાને પ્રત્યક્ષ કરાવતી પરોક્ષતા તો છે જ. મડિયા કહે છે તેમ, ધૂમકેતુને 'સહજ બનેલી તળપદી તેમજ શિષ્ટ બોલીના સુભગ મિશ્રણવાળી વિશિષ્ટ ગદ્યશૈલી સાંપડી હતી.'[૩] સાથે એમ પણ નોંધે કે 'ગામડાઓમાં વસતા આપણા વિશાળ લોકસમુદાયનાં જીવનનાં નૈતિક મૂલ્યો અને ધારક તત્ત્વોનો ધ્વનિ ધૂમકેતુની વાતોમાં પ્રધાનપણે જોવા મળે છે.'[૪] - આ ગદ્યશૈલી અને જીવનમૂલ્યોએ ગામડાની ઠીક-ઠીક ઝાંખી કરાવી. ટૂંકમાં, ધૂમકેતુની ઘણી વાર્તાઓમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે વત્તે-ઓછે અંશે ગામડું આલેખાતું રહ્યું છે.

દ્વિરેફની એક વાર્તા 'મુકુન્દરાય'ને ગ્રામચેતના સંદર્ભે જોવાનું સાહસ કરું. દ્વિરેફમાં આમ તો, ગામડું ખાસ કળાતું નથી. વાસ્તવ છે, તાટસ્થ્યપૂર્વકનો. ધૂમકેતુની જેમ ક્યાંય ઢળી ન જતા આ સર્જક જોકે 'મુકુન્દરાય'માં થોડા પક્ષીય બની ગયા છે. પણ એ વિશે ક્યારેક. 'મુકુન્દરાય'માં મળતું ગ્રામચિત્ર અહીં વર્ણ્ય વિષય છે. પ્રથમ પરિચ્છેદ જ ગામડાનો માહોલ રચી દે છે ! જુઓ :

'રાવૈયા ગામમાં સવારના નવ-દસ વાગ્યે પાદરે વડલા હેઠળ ગામનાં ઢોર ભેગાં થયેલાં છે. વડનો છાંયો ફરે અને તડકો પડે તેથી તપીને કોઈ ઢોર માંડમાંડ ઊઠી પાછું છાંયે જાય તે સિવાય ઢોર પણ નિસ્તબ્ધ થઈ ગોવાળની રાહ જોતાં બેઠાં છે. નજીકના તળાવની પાળ ઉપર એક નાની પણ સુંદર પુરાતન દેરી છે.'

બાળવિધવા ગંગાનું વર્ણન કે ઠાકરડા પાસેથી તાર નીચે નખાવતા રઘનાથ ભટનું

બ્રાહ્મણત્વ ગામડાને જીવતું તો કરી જ આપે છે પણ મુકુન્દરાયનું વર્તન શહેરમાં શિક્ષણઅર્થે ગયેલાં સંતાનોના ગ્રામપરિવેશમાં શ્વસતા સ્વજનોથી તૂટતા સંબંધે ને તદ્‌જન્ય ગ્રામવાસીના આઘાત-પ્રત્યાઘાતોને 'ન-જોયા' ન કરવા જોઈએ. ગામડું ગંગા કે રઘનાથની ભાષામાં છો ન પ્રગટતું, વાણીમાં પ્રગટે છે, વ્યવહારમાં દેખા દે છે. દ્વિરેફની જ 'એક ભૂલ' વાર્તાની સાહજિકતા અને 'બે ભાઈઓ' વાર્તાનું ગાંભીર્ય પણ ગ્રામજીવનની યથાર્થતા લઈને આવે છે.

મેઘાણી, આ બધામાં, ગામધબકારને ટૂંકીવાર્તામાં ઝીલવામાં સૌથી વધારે નોંધપાત્ર ઠરે છે. 'સૌરાષ્ટ્રની રસધાર'નો એક જુદો જ અભ્યાસ થઈ શકે તેવી એ લોકકથાની સર્જકતા જેટલી વીરતા, સાધુતા ને સતીત્વસંદર્ભે લોકહૈયે વસે છે એટલી જ ગ્રામજગતને ઝીલવામાં ખરી ઊતરે છે. એ સિવાયની મેઘાણીની મૌલિક નવલિકાઓ 'જી'બા', 'વહુ અને ઘોડો', 'ચમનની વહુ', 'પાનકોર ડોશી', 'સદાશિવ ટપાલી', 'લાડકો રંડાપો', 'કેશુબાપાનું કારજ' આદિમાં સોરઠી લોકજીવનનો ધબકાર સંભળાય છે. સોરઠ ધરાના તળ માનવોના વૈવિધ્યસભર જીવનતરંગો તેની સહજ એવી કાઠિયાવાડી બોલીમાં પ્રત્યક્ષ થાય છે. રઘુવીર ચૌધરી કહે છે તેમ, 'લોકજીવનની મેઘાણીની ઓળખ અને પ્રાણવાન ભાષામાં જેની રજૂઆત પન્નાલાલ પૂર્વેની મહત્ત્વની સાહિત્યિક ઘટના છે.'[૫] જીવી વાર્તાન્તે પીઢ, આદરપાત્ર જી'બા રૂપે મળે ત્યાં સુધીમાં જોવા મળતો પાત્રવિકાસ અને તેમનાં વાણી-વર્તનમાં પ્રત્યક્ષ થતો તળપદ સંસ્કાર, ખેતી અને ખેડુજીવનનો પરિવેશ ગામડું પ્રત્યક્ષ કરાવી આપે છે. 'વહુ અને ઘોડો'માં સામાજિક વાસ્તવનું યથાર્થલક્ષી આલેખન અને 'ગામડાનું ભોથું' તરીકે ઓળખાતી નાયિકાની વેદના-સંવેદના નિમિત્તે ઊભરતો પરિવેશ, 'ચમનની વહુ'ના પ્રારંભે આવતું કૂવાકાંઠાનું દૃશ્ય, પનિહારીઓનો વાર્તાલાપ ને એને પોતીકી રીતે ભાતે કહેવાની મેઘાણીશૈલી, 'પાનકોર ડોશી'માં આરંભે આવતા સોરઠી ગામડાનો સમૃદ્ધ પરિવેશ, પાનકોરનું જીવતર અને વહેમીલું ગ્રામમાનસ, 'સદાશિવ ટપાલી'માં ભવાનીશંકરની ખંધી માનસિકતા સામે ટકરાતું સદાશિવનું સ્વસ્થ વ્યક્તિત્વ અને જ્ઞાતિપ્રથાની જડતા ને વિધવાવિવાહનો પ્રશ્ન કે 'લાડકો રંડાપો'માં કસ્બા-ગામની બજાર, ફઈજીની દંભી ધાર્મિકતા, ફઈ-વહુના રુદનની ટૂંકો અને મરણપ્રસંગના લોકવ્યવહાર સાથે ફઈજીના વાણી-વ્યવહાર પૂરાં ગામઠી પરિવેશમાં શબ્દબદ્ધ થયાં છે. મેઘાણી હાડોહાડ તળ સોરઠી છે તેનો પરિચય આ અને આવી વાર્તાઓથી મળી રહે છે.

'સુન્દરમ્'ની 'માને ખોળે' વાર્તા નખશિખ ગ્રામચેતનાને ઉજાગર કરે છે. તોયે રઘુવીર ચૌધરી સંપાદિત 'ગ્રામચેતનાની નવલિકાઓ'માં એ કે સુન્દરમ્‌ની અન્ય કોઈ વાર્તાનો સમાવેશ નથી એનું આશ્ચર્ય કોઈનેય થાય. કારણ કે સુન્દરમ્‌ની 'ખોલકી', 'ગટ્ટી', 'ગોપી', 'અંબા ભવાની' કે 'પૂનમડી' જેવી વાર્તાઓ ઘટતે-વધતે અંશે ગ્રામપરિવેશને, તેના જમા-ઉધાર પાસાને કે તેના લોકમાનસને ઉઠાવ આપવામાં અસરદાર નીવડી છે.

'માને ખોળે' એ બધામાં શિરમોર છે. નદીકિનારાની ઊંચી ભેંખડો પરનું ગામ, નદીનો પરિવેશ, બિલાડીના આડા ઊતરવા-ન ઊતરવાના શુકન-અપશુકન, ચુંગીનો ધુમાડો, રસ્તા પાસેની વાડ, કંથાર, બોરડી ને અનીરીનાં જાળાં, રતૂમડાં કંથારાં ને ચણોઠીની લૂમો, રસ્તા પરનો પોદળો ને એને 'ધાનની ઢગલી'ની ઉપમા, વાંકીચૂંકી પગદંડી ને એકાદ ચરતું બકરું, ઘાઘરી ને કાપડી, ઝાલણિયુંના દાવ, નદીનો કાદવ ને ભરીભાદરી નદી - એ બધાં સાથે નિર્દોષ ગ્રામબાલા સમી શબૂનું આત્મીય એવું અનુસંધાન એવો તો ગ્રામપરિવેશ રચી આપે છે કે નજોણું ન જ થઈ શકે. રૂપા હોણનું ઘાતકી માનસ એમાં ગામડાની મેલી બાજુને મેલી આપી, વર્તુળ પૂરું કરે. 'ખોલકી'માં જે સિદ્ધ થયું છે, તેમાંથી ગ્રામપરિવેશ કાઢી નાખો; વાર્તા ઢળી પડશે. સર્જકલક્ષ્ય જે હોય તે, એનો આધાર ગામડું ને ગામડાનાં પાત્રો – બાળરાંડ ચંદન, આખાબોલી ભાભી, નિઃસંતાન પડોશણ ને સહુથી સવાયો બરછટ ભિયા-ની રહેણી-કરણી-કહેણી છે. 'ગટ્ટી'માં ગ્રામીણ વાતાવરણની કદરૂપતા, 'ગોપી'માં ગામડાનાં લગ્નો ને એ પ્રસંગે યોજાતા નૃત્યનિમિત્તે ઊપસતી ગ્રામજનોની લોલુપતા, 'અંબા ભવાની'માં ગ્રામસમાજની સ્ત્રીઓના ભાવ-પ્રતિભાવો, આંતર-બાહ્ય મનોગત ને એ સંદર્ભે ખૂલતો પૂરો ગ્રામપરિવેશ – આદિ ગ્રામચેતના સંદર્ભે જોવા-તપાસવાં ગમે તેવાં છે. ગામડાની કુત્સિતતા સુન્દરમ્‌ની આ વાર્તાઓનો વિશેષ છે.

ઉમાશંકર જોશીની વાર્તાઓમાં પણ ખાસ્સો ગ્રામીણ પરિવેશ જોવા મળે. 'શ્રાવણી મેળો', 'છેલ્લું છાણું', 'પગલીનો પાડનાર', 'હીલ્લી' કે 'લોહીતરસ્યો'ને તપાસો. ગ્રામજીવનનો ધબકાર ત્યાં પાત્રોનાં વાણી-વિચાર-વર્તન-વર્ણનમાં અનુભવાશે. વાતાવરણ પણ એટલું જ ભાગ ભજવતું લાગે. 'શ્રાવણી મેળો'નો મેળો જ ગ્રામચેતનાનું પ્રબળ સ્ફુલ્લિંગ છે. પ્રારંભે જોવા મળતા મેળાની આહ્‌લાદક ઉલ્લાસિતા અંતમાં શઠ સમા શેઠથી જે રીતે ખરડાતી આલેખાય છે તેમાં ગ્રામજીવનની કરુણતા જ સપાટી પર આવે છે. અંબીનું સ્વપ્નજગત પણ તળાવડીને કાંઠે ટેકરી પરનું ઝૂંપડું ને મોલથી લચી પડેલાં ખેતરોથી સભર છે. આરંભ અને અંતના મેળાનું/મેળાના ચકડોળનું, ને એ સાથે અનુસંધિત પાત્રોનું પ્રસન્ન વિરુદ્ધે કરુણનું ચિત્ર પણ ગ્રામજગતની એક નોખી-અનોખી ઓળખ સમું છે. 'છેલ્લું છાણું'નો પરિવેશ પણ ગ્રામીણ જ છે ને ! ગામડામાં પાસે-પાસે રહેતાં બે પિતરાઈ કુટુંબો વચ્ચેના પારિવારિક વેરની વિષમતા આ વાર્તાનો વર્ણ્ય વિષય છે; પણ એમાંથી રચાતો ગ્રામીણ માહોલ સ્પર્શક્ષમ છે. છાણું લઈ દેવતા લેવા જવાની ઘટના કે પરિવારના જ પુરુષ દ્વારા છાણું દોરવાની ને અગ્નિસંસ્કાર પામવાની પરંપરા ગામડાનાં રીત ને રિવાજને ચીંધે છે, જે વેરથી વમળાઈને અંતમાં પિતરાઈ પુત્ર મંગુથી વળાંક પામ્યા પછી પણ જીવીના બબડાટથી અડગ-અટલ રહેવા મથે છે. 'પગલીનો પાડનાર'માં કેન્દ્રસ્થ પાત્ર શાંતારામની પૌત્રઝંખના તત્કાલીન સામાજિક માનસિકતાને ચીંધે છે, જેનો પૂરો માહોલ ગામઠી છે. દીકરીને પારકી થાપણ માનવાની

મનોગ્રંથિ શાંતારામની વેદનાને ઘૂંટી-ઘૂંટી ઘેરી બનાવે છે. તો, 'હીલ્લી'માં મા વગરની હીલ્લીને મળતો ગ્રામજનોનો વાત્સલ્ય-પ્રેમ પ્રધાનવિષય બનીને ઉઠાવ પામ્યો છે. હીલ્લી વિશે, હીલ્લીના જન્મ વિશે પ્રશ્નો કરતા, શંકા સેવતા ગ્રામજનોમાં ગ્રામજગતનો જ સ્વ-ભાવ પ્રત્યક્ષ થાય છે. 'ઉમાશંકરની ઘણીખરી વાર્તાઓની જેમ, 'લોહીતરસ્યો' પણ ગ્રામસમાજની લાક્ષણિક ઘટનાઓ અને પાત્રોને આલેખે છે. એટલે કે વાર્તાનું લોકાલ-સ્થળપરિવેશ તો ગામડું છે. ગામડાનાં પાત્રો, તેમની ભાવસૃષ્ટિ, તેમનાં વેર, અસૂયા, પ્રપંચો અને કૂડાં કર્મોની પિછાણ લેખકને, તેમનામાંના એક હોય એટલી સરસ છે.'[૬]

ધૂમકેતુ અને ઉમાશંકરની વાર્તાઓમાં નિરૂપિત ગામડા વિશે મડિયા નોંધે છે કે, 'ધૂમકેતુ અને ઉમાશંકર બન્નેએ ગ્રામજીવન અંગે કલાયુક્ત વાર્તાઓ લખી છે, છતાં બંનેની વાતો વચ્ચે એક મૂળભૂત ભિન્નતા છે. ઉમાશંકરની ગ્રામવાતોમાં તરકોસી વાડી અને ઘોડાપૂર મોલ નથી, પણ વ્યાજખોર શોષકોને ત્યાં ગીરો મુકાતાં ખેતરો અને તડકે બળતાં ઝાંકળિયાં છે.'[૭]

'ગ્રામજીવનનું અને એ જીવનનાં માનવીઓનું આલોખન ધૂમકેતુએ મોટે ભાગે કંઈક અહોભાવપૂર્વક અને રંગદર્શી રીતે કર્યું હતું. સુંદરમ્‌માં એ રંગદર્શી અભિનિવેશને સ્થાને વાસ્તવદર્શનની પ્રતિષ્ઠા છે. સુન્દરમ્ ધૂમકેતુથી સામે છેડે જઈને બેઠેલો જણાય છે. પન્નાલાલમાં એવો કોઈ અંતિમ નહીં પણ બે અંતિમોની વચ્ચેનો ગ્રામજીવનનો પ્રદેશ વિસ્તર્યો છે. પન્નાલાલના પ્રવેશની સાથે ઇડરિયા પ્રદેશની, ઉત્તર ગુજરાતની લોકબોલી એની સાહજિકતા અને વેધકતા સાથે એના અનેક રંગો લઈને પ્રવેશી. એ બોલીના લહેકા અને કાઠુઓ જીવંત રીતે પન્નાલાલની વાર્તાઓમાં પ્રવેશ્યા છે.'[૮]

સામાન્ય ગ્રામખેડુમાંથી મોટા ગજાના કથાસર્જક તરીકે ઊપસી આવનાર પન્નાલાલની વાર્તાઓમાં ગામડું અભરે ભરાયું છે. ચાલીસ વર્ષની વાર્તાકાર તરીકેની કારકિર્દીમાં એમની પાસેથી મળતી ૪૭૬ વાર્તાઓ ગ્રામજીવન અને ગ્રામમાનસથી છલોછલ છે. એમની ભાગ્યે જ થોડી એવી વાર્તાઓ હશે કે જેમાં ગ્રામસમાજનો નરવો/વરવો વાસ્તવ ને લોકમાનસની લકીરો ન અંકાઈ હોય ! પન્નાલાલની વાર્તાઓમાં ગ્રામચેતના – એવો એક સ્વતંત્ર અભ્યાસ થઈ શકે તેવું ને તેટલું ઇયત્તા અને ગુણવત્તાની દૃષ્ટિએ સમૃદ્ધ ગ્રામાલેખન એમની વાર્તાઓનો વિશેષ છે. ગ્રામચેતના એમની વાર્તાઓની ધોરી નસ છે, એ કાપી નાખો તો વાર્તા ભાંગી પડે. પારુલ કંદર્પ દેસાઈ પન્નાલાલની વાર્તાઓ વિશે નોંધે છે તેમ, 'તળપદો સમાજ અને પરિવેશ પન્નાલાલની નવલકથાઓની જેમ ટૂંકીવાર્તાઓમાં કરોડરજ્જુ બની રહે છે. ગ્રામીણ જીવનનું નરવું, ગરવું અને વરવું દર્શન આ વાર્તાઓમાં વ્યંજિત થાય છે. એ જ્યાં જન્મ્યા અને જીવ્યા છે એ ગુજરાતનો ઈશાનિયો પ્રદેશ અને એના સમાજ સાથે એમને જીવંત સંબંધ છે. એ પ્રદેશ અને પ્રજાનું જીવન, એનાં સુખ-દુઃખ, મૂંઝવણો ને મથામણો, રીતરિવાજો, વ્રત-ઉત્સવો-તહેવારો,

ઋતુચર્યા, આર્થિક અને સામાજિક વિધિનિષેધોનો ભોગ બનેલા માનવીની વિવશતા અને યાતના – આ બધું જ એમની સર્જક-ચેતનામાં ઠલવાઈ ઠલવાઈને સંગોપાયેલું છે.'[૯]

પન્નાલાલની વાર્તાઓમાં ઊભરતો સમાજ ઉત્તર ગુજરાત-ઇડરિયા પ્રદેશનો છે. એ પૂરો ગ્રામસમાજ એના ઊજળા-મેલા વાસ્તવ સાથે અહીં ઊઘડ્યો છે. આ સમાજના જીવનથી મરણ સુધીની જ નહીં; પણ જીવન પૂર્વેની અને મૃત્યુ પછીની ઘટનાઓ, રીત-રિવાજો, વ્યવહારો અને તહેવારો એનાં અસલ મિજાજ સાથે આલેખાયાં છે. તળમાનવના મનપારખુ પન્નાલાલને, એને યથા રૂપે વાતોમાં ઉતારતા પણ આવડે છે. આઘાતો-પ્રત્યાઘાતો સહેતો અને વ્યથા-પીડાને પાલવતો આ સમાજ એમાંથીય મારગ કરીને જીવન જીવવાની જડીબુટ્ટી શોધી કાઢે છે. તળબોલી/ભાષાનું બળ એની તાકાત બનીને પડખે ઊભું રહે છે. તળ ઉપમાનો, લોકોક્તિઓ, કહેવતો ને રૂઢિપ્રયોગોથી સજ્જ ભાષાના એવા જ તળ લય-લહેકા અને વળ-વળાંકો એની સમૃદ્ધિ બની શોભે છે. અહીં કોઈ બે-ચાર વાર્તા હોત તો એની વિગતે વાત થાત; પણ અધધધ વાર્તાઓમાં અહોહોહો એવી પેલી ગ્રામચેતના ઊછળી-ઊછળીને આંખો સામે નાચ કરે છે – એ ક્યારેક પ્રણય-પરિણય, મેળા-ઉત્સવો કે વ્રતો-તહેવારો રૂપે દેખા દે છે તો ક્યારેક કાચના વિકરાળ રૂપે તાંડવ બની વ્યથા ને પીડાના ઢગ રચી દે છે ! ને છતાં, અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ લખે છે તેમ, 'વાર્તાકાર પન્નાલાલમાં કોઈ અમુકતમુક વિચારસરણીઓનાં અભિગ્રહો-પ્રતિગ્રહોનાં જાળાં બંધાયેલાં નથી. એટલે ગ્રામસમાજનું અને પાત્રમાનસનું નિરૂપણ પન્નાલાલે કોઈ વિચારસરણી કે વાદનાં ચશ્માં પહેરીને નથી કર્યું કે નથી કર્યું એક આંખ બંધ રાખીને. આમ હોવાથી પાત્રોના માનસપ્રદેશને વાર્તામાં વિસ્તરવાની તક મળી છે. પાત્રોની ભાતીગળ લાગણીઓને પન્નાલાલ લીલયા આલેખી શકે છે; કહો કે લાગણીઓની લીલા આલેખવા તરફ પન્નાલાલની નજર સવિશેષ રહેલી છે. પણ તેથી સમાજજીવનની બાદબાકી નથી થતી. સમાજજીવન અને વ્યક્તિજીવનના તાણાવાણા પન્નાલાલની વાર્તાઓમાં એવા તો ગૂંથાયેલા હોય છે કે એમાંથી ઊપસતી ભાતને એનું નૈસર્ગિક પરિણામ ગણવાનું મન થાય.'[૧૦]

'તાણાવાણા', 'પટલાઈના પેચ', 'કાશીનું કરવત', 'લોહીની સગાઈ' જેવા અગિયાર સંગ્રહોમાં લગભગ ૧૫૦ જેટલી વાર્તાઓ આપનાર પેટલીકરની ઘણી વાર્તાઓમાં ચરોતર પ્રદેશ ને એ પ્રદેશની પ્રજાના પ્રશ્નો વસ્તુ રૂપે સ્વરૂપને વરે છે. માનવમનની વેદના-સંવેદનાઓનું ભાતીગળ આલેખન અને પ્રાદેશિક પ્રજાનાં સવાલો-સમસ્યાઓને સામાજિક સ્તરે ઉઠાવ આપવાની કે ઉકેલ શોધી બતાવવાની સર્જક ખાસિયત વાર્તાને આકાર આપવા મથે છે. સર્જક-તાટસ્થ્ય જ્યાં જળવાય છે ત્યાં વાર્તા ખીલે-નીખરે છે, પણ વાર્તાકારમાં થતો સમાજસુધારકનો પ્રવેશ વાર્તાને ક્યાંક વણસાવી પણ દે છે ! વાર્તાને તળવાર્તા રૂપે ઉપસાવવામાં ચરોતરી લોકબોલીનો ઉપયોગ ખાસ્સો

ખપમાં લાગ્યો છે. 'લોહીની સગાઈ', 'જનમનો ખેડુ', 'દુઃખનાં પોટલાં', 'સુખનો ઓડકાર', 'પડદા પાછળ', 'માનતા' કે 'ચતુરમુખી' જેવી વાર્તામાં જોવા મળતો ગ્રામપરિવેશ ને લોકબોલીનો લહેકો વાર્તાની નિજ ઓળખ બની નીખરે છે. 'લોહીની સગાઈ' તો સ્વાનુભૂતિનું, ઘરમાં જ જોયેલી ઘટનાનું નર્યું વાર્તારૂપ છે. દલિતો-પીડિતોની વેદનાને વાચા આપતી વાર્તાઓ 'રુદિયાનું દરદ', 'હવાડીનું પાણી', 'હલકી વરણ' કે 'મોટી બહેન' જોવી-તપાસવી ગમે તેવી છે. ગ્રામકક્ષાએ જીવતો અસ્પૃશ્યતાનો ખ્યાલ કઈ રીતે દલિતોની પીડા બની વિસ્તરે છે તે વિશેનો સમભાવ-સહાનુભાવ આ વાર્તાઓની વસ છે. 'જનમનો ખેડુ'નું અતિપ્રાકૃત તત્ત્વ, 'માનતા'ની શ્રદ્ધા-અંધશ્રદ્ધા વચ્ચેની ભીંસ, 'સુખનો ઓડકાર'માં ખેડૂતોની આર્થિક ભીડ સામે ઉમદા કાર્યનો સંતોષી ઓડકાર ખાતા પાત્રની માનવગરિમા, 'ચતુરમુખી'માં આળસુ માણસનું શેખચલ્લી માનસ આદિમાં ડોકાતું ગામડું, ગ્રામભાવ, ગ્રામ-સ્વભાવ વત્તે-ઓછે અંશે ગ્રામચેતનાની જ લકીર લાંબી કરે છે.

મેઘાણીની જેમ મડિયા પણ સૌરાષ્ટ્રમાંથી આવતા સર્જક, વાર્તાકાર છે. પરિણામે તેમની વાર્તાઓ પણ સોરઠી તળપદને ઝીલે છે. દેશ-વિદેશના અભ્યાસી, પ્રવાસી સર્જકનો ગામડા તરફનો ઝુકાવ તેમની વાર્તાઓને સમૃદ્ધિ બક્ષે છે. બાર વાર્તાસંગ્રહોમાંથી પ્રારંભના આઠ સંગ્રહોમાં ગામડું ધબકે છે, જ્યારે પછીના ચાર સંગ્રહો શહેરી સભ્યતાની છીછરી માનસિકતાનો ચિતાર બની રહે છે. જોકે, સર્જક ખીલે છે તો ગ્રામજગતના આલેખનમાં જ. એમના એક સંગ્રહનું નામ જ 'ગામડું બોલે છે.' છે. એ ઉપરાંત, 'ઘૂઘવતાં પૂર', 'પદ્મજા', 'ચંપો અને કેળ', 'તેજ અને તિમિર', 'શરણાઈના સૂર' આદિમાં પણ ગામડું બોલે છે, બોલતું સંભળાય છે – તેનાં પાત્રાલેખનથી, ઘટનાઘાટથી, બોલીબળથી ને કથાકસથી. મડિયા વસ્તુને બહેલાવી શકે છે, બનાવોને ચમત્કારી બનાવી શકે છે ને પાત્રોમાં વૈવિધ્ય લાવી શકે છે; પરિણામે મર્યાદાઓ આછી-ઓછી થતી ભળાય છે. ગામડું એ વાર્તાઓને જિવાડી દેતું લાગે છે. આમ છતાં, મેઘાણીનું સ્મરણ જગાડવાનું સામર્થ્ય તો મડિયામાં છે. તેથી 'વાની મારી કોયલ', 'કમાઉ દીકરો', 'શરણાઈના સૂર', 'ગળચટ્ટાં વખ', 'રાજી ભંગડી', 'ચંપો ને કેળ', 'દોણીનો દોરનાર' વગેરે અનેક વાર્તાઓમાં ગ્રામજગતની વિલક્ષણતા પાત્રસંદર્ભે પ્રગટ થઈ શકી છે. 'અંતઃસ્રોતા'ના દેવાયત અને જાનબાઈ હાડોહાડ ગામડાનાં છે. 'વાની મારી કોયલ'ના નેણસી ભગત નખશિખ ગ્રામીણ છે. શેરડીના વાડનું કે આણું વળાવવાના પ્રસંગનું વાતાવરણ અહીં કેવું હૂબહૂ ઝિલાયું છે ! 'શરણાઈના સૂર' કે 'ગળચટ્ટાં વખ'નો તળ લોકજીવન વચ્ચેનો આર્થિક વર્ગભેદ અને 'કમાઉ દીકરો'નો ગ્રામપરિવેશ વાચકના ચિત્તમાંથી કેમેય ખસતા નથી. તળ-માનવમનના અગાધ ઊંડાણને તાગવામાં સફળ રહેલા મડિયાની વાર્તાઓ લોકજીવનનાં વિવિધ પાસાંઓને પ્રત્યક્ષ કરાવી આપે છે.

પેટલીકરની જેમ રાવજી પણ ચરોતરના ખરા; પણ એમની પાસેથી ખાસ વાર્તાઓ, વિશેષે ગ્રામચેતનાની મળતી નથી. એમની પચ્ચીસેક વાર્તાઓમાંથી બે-ચાર વાર્તાઓનો પરિવેશ તો હૉસ્પિટલનો છે. બાકીની થોડીમાંથી થોડી – 'સૈનિકોનાં બાળકો', 'ચંપી', 'દેવું', 'ઘેટાં' આદિ – માં આછા-ઓછા ગ્રામપરિવેશ – વચ્ચે ઝાંખું-પાંખું તળજીવન તગતગે છે.

જયંત ખત્રી ખરા, એમની સશક્ત કલમે કચ્છ પ્રદેશનો પરિવેશ પ્રત્યક્ષ કરાવ્યો હોય. 'ફોરાં', 'વહેતાં ઝરણાં' અને 'ખરા બપોર' એવા ત્રણ સંગ્રહોની એકતાલીસ વાર્તાઓમાંથી ગ્રામચેતનાને પ્રબળતાથી ઉજાગર કરતી થોડી વાર્તાઓને આંગળી મૂકી ઓળખાવી શકાય. 'ધાડ', 'ખરા બપોર' કે 'માટીનો ઘડો' જેવી વાર્તાઓને એનાં દૃષ્ટાંત રૂપે જોઈ શકાય. આ વાર્તાઓમાં કચ્છનો રણપ્રદેશ, રેત ઉડાડતા વાયરાઓ અને ધોમધખતા તાપ વચ્ચે દેહ દઝાડતી લૂ, વાંઝણી ધરતી ને કાંટાળાં ઝાડી-ઝાંખરાંનો પ્રદેશ-પરિવેશ, 'કાળો માલમ'માં આવતો દરિયાઈ-પરિવેશ, 'સસીનો અંતકાળ'માં આવતું દુકાળનું વર્ણન, પાત્રોના મનોગતને ઉઠાવ આપવામાં, આંતરમનને પ્રગટાવવામાં કે પરિસ્થિતિને ઘેરી બનાવવામાં સહાયક બને છે. 'ખીચડી'ની લખડીની ગરિબાઈ, 'શેર માટીની ભૂખ'ની પદ્‌માનું વાંઝિયાપણું કે 'સસીનો અંતકાળ'ની સસીનું કારુણ્ય આદિમાં દેશી વ્યવહાર ને ગ્રામીણ રીતરિવાજ ભાગ ભજવે છે. 'લોહીનું ટીપું'ની હલિમા, 'હીરો ખૂંટ'નો પૂનમચંદ, 'ખીચડી'ની લખડી, 'ધાડ'નો ઘેલો, 'માટીનો ઘડો'ની રાણલ, 'ખરા બપોર'નો પુરુષ નાયક, કાળોમાલમ કે સસી – તળપ્રદેશના લોકને, તેની પીડા-યાતનાને, તેની મજબૂરી-મજદૂરીને તેના અસલ અસબાબ સાથે સામે લાવી દે છે.

ગાંધીયુગ ગુજરાતી ટૂંકીવાર્તામાં જે રીતે ગ્રામચેતનાનું ઊગમબિંદુ બની રહે છે, તે જ રીતે એનાં સર્વોચ્ચ શિખરોને સિદ્ધ કરનારું યુગપરિબળ પણ બની રહે છે. ગાંધીચીંધ્યા મારગે ચાલવામાં 'ચલો ગામડે'ની હાકલ કામ કરી જાય છે ને પ્રાદેશિકતા એની અસલિયત સાથે આલેખાવા લાગે છે. ગાંધીયુગના પ્રારંભે આવતું ગામડું મેઘાણીથી પૂરા રૂપે ખૂલે છે ને પન્નાલાલથી પૂરા રંગે-રૂપે ખીલે-વિકસે છે. મેઘાણી-મડિયામાં સૌરાષ્ટ્ર, ઉમાશંકર-પન્નાલાલમાં ઉત્તર ગુજરાત, પેટલીકર-રાવજીમાં ચરોતર અને ખત્રીમાં કચ્છ પ્રદેશ તેના તમામ વિશેષો સાથે આલેખાતાં ગુજરાતનું (દક્ષિણ ગુજરાત સિવાય) ગામડું પ્રત્યક્ષ થાય છે. ધૂમકેતુની જેમ માત્ર વિશેષતા જ નહીં, ગામડાની વિલક્ષણતા ને વિરૂપતા પણ આલેખાય છે. સારાંની સાથે નરસાં પાસાં પણ સ્થાન પામતાં ગ્રામજનોની પીડા-યાતના, વ્યથા-વેદના, શોષણ આદિ સપાટી પર આવે છે. (જોકે, ગામડાનો હજુ એક ખૂણો તો વણસ્પર્શ્યો જ રહ્યો છે. અસ્પૃશ્ય જ રહ્યો છે, જે અનુઆધુનિક યુગમાં દલિતચેતનાથી પ્રજ્વળતો પ્રવેશે છે.) સર્જકની સમાજાભિમુખતા વાસ્તવનું યથાર્થલક્ષી આલેખન કરવામાં સફળ નીવડે છે એનું કારણ જે-તે વાર્તાકાર

તે-તે પ્રદેશમાંથી આવે છે. એ-એ પ્રદેશનાં રીત-રિવાજો, વ્રતો-ઉત્સવો, તહેવારો-વ્યવહારો, સુખ-દુઃખ આદિના સાક્ષી રહ્યા છે. સ્વાનુભૂતિનો રણકો તેમની આ વાર્તાઓમાં સંભળાય છે. પરિણામે સ્થળભેદે, પાત્રભેદે ને જાતિભેદે બોલીભેદની તળતાકાત તેના અસલ અસબાબ સાથે સંવાદોમાં ઝિલાય છે. જોકે, અનુઆધુનિકોની, ખાસ તો '૮૦ પછીથી રચાતી વાર્તાઓની દુર્બોધ/દુર્વાચ્યની નિકટ પહોંચવા મથતી બોલીની તીવ્ર બરછટતા હજુ પ્રવેશી નથી. એવો જ તીવ્ર આવેશ પણ હજુ ખાસ જોવા મળતો નથી. 'અસ્પૃશ્યતા નિવારણ' ને ગાંધીજીના પ્રયત્નો ક્યાંક-ક્યાંક થોડે-ઘણે અંશે આલેખાયા છે પણ તેનો આવેગ હજુ આઘો છે. બ્રાહ્મણોની સાથે પટેલો અને વહવાયા તરીકે ઓળખાતા લુહાર લખતા થયા છે. પણ હરિનો જન હજુ હરિ-ભ-જનમાંથી બહાર નથી નીકળ્યો, નથી નીકળી શક્યો. આમ છતાં, સાહિત્યમાં ગામડું પ્રવેશ્યું, ગામડાંના લોકો પ્રવેશ્યા, એના પ્રશ્નો ને એની વેદનાને સ્થાન મળ્યું એય પંડિતયુગની તુલનાએ તો ઘણું મોટું ને મહત્ત્વનું છે. ગ્રામચેતનાની વાત કરનાર ગાંધીયુગને, ને તેના સમૃદ્ધ સાહિત્યવારસાને વિસારે ન જ પાડી શકે એટલું બળકટ આલેખન ગાંધીયુગીન ટૂંકીવાર્તામાં થયું છે એ નોંધવું જ રહ્યું.

**સંદર્ભ :**


૧. 'ગ્રામચેતનાની નવલિકાઓ', સંપા. રઘુવીર ચૌધરી, રમેશ ર. દવે, પ્રાસ્તાવિક-V
૨. 'ટૂંકીવાર્તા અને ગુજરાતી ટૂંકીવાર્તા', સંપા. જયંત કોઠારી, પૃ. ૧૭૯, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૭
૩. એ જ, પૃ. ૧૭૯
૪. એ જ, પૃ. ૧૮૦
૫. 'પ્રશિષ્ટ નવલિકાઓ' ભાગ-૧, સંપા. રઘુવીર ચૌધરી, પૃ. ૯૦, બીજી આવૃત્તિ, ૨૦૧૨
૬. 'ચાર વાર્તાકારો', વિજય શાસ્ત્રી, પૃ. ૧૬૫-૧૬૬, પુનર્મુદ્રણ ૨૦૦૭
૭. 'ટૂંકીવાર્તા અને ગુજરાતી ટૂંકીવાર્તા', પૃ. ૧૮૪
૮. એ જ, અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ, પૃ. ૨૪૦
૯. 'પન્નાલાલની વાર્તાસૃષ્ટિમાં', સંપા. પારુલ કંદર્પ દેસાઈ, દૃષ્ટિ પટેલ, પૃ.૧૩, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૨
૧૦. 'વીણેલી નવલિકાઓ', પ્રસ્તાવના પૃ. ૮, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૩


□

# મહાન સાહિત્યકારોની શોધમાં નોબેલ પારિતોષિક-વિજેતાઓ પર એક અભ્યાસ : ભાગ ૧

પ્રદીપ ખાંડવાળા

મહાન સાહિત્ય-સર્જનમાં મને રસ છે. સંસ્કૃતિને ઘડવામાં એનો મોટો ફાળો છે. સર્જકતા મારો પ્રિય વિષય છે અને હું પોતે સર્જક થવાનો પ્રયત્ન કરતો રહ્યો છું એટલે સ્વાભાવિક રીતે મહાન સર્જન કેવું હોય એ વિશે કુતૂહલ રહ્યું છે. સર્જનના કે સર્જકના કયા ગુણોને આધારે આપણે કહેતા હોઈએ છીએ કે એક સર્જક કે સર્જન મહાન છે અને બીજો સર્જક કે બીજું સર્જન સામાન્ય છે ? જ્યારે મને લાગતાં ચીલા-પાર અને ઉત્તમ ગુજરાતી કાવ્યોનું હું અંગ્રેજીમાં ભાષાંતર કરી રહ્યો હતો ત્યારે આ પ્રશ્ન મને વારે વારે સતાવતો : કયા ધોરણે હું નક્કી કરતો હતો કે કાવ્ય અનુવાદ કરવા જેવું છે અને બીજું નથી ? શું હું માત્ર વ્યક્તિગત પૂર્વગ્રહોને આધારે જ આ નક્કી કરી રહ્યો હતો, કે ઉત્તમતામાં એવું કશુંક છે જેને આધારે સાહિત્યના જાણકારો દૃઢતાથી કહી શકે કે અમુક સર્જન કે સાહિત્યકાર ઊંચી કક્ષાનું કે કક્ષાનો છે ? આ લેખના પહેલા ભાગમાં સાહિત્યના નોબેલ પારિતોષિક-વિજેતાઓની જીવનકથાઓ પરનાં મારાં સંશોધનને આધારે થોડાંક તારણો નીકળ્યાં છે તે પ્રસ્તુત કર્યાં છે. બીજા ભાગમાં સ્વીડનની અકાદમીએ જે કારણોસર પારિતોષિક એનાયત કર્યા હતાં એનું વિશ્લેષણ કરી અકાદમી કયાં ધોરણોને આધારે ઇનામ આપે છે તેની ચર્ચા કરી છે.

## મહાન સર્જનની લાક્ષણિકતાઓ

થોડા સમય પહેલાં મેં 'મહાન કવિતાની શોધમાં' નામનો એક લેખ લખ્યો. એની પૂર્વે મારા થોડાક મિત્રોને પૂછી જોયું : ''તમે કઈ જાતની કવિતાને મહાન ગણો ?'' વિવિધ મતો સાંપડ્યા : ''દીર્ઘ કાવ્ય જ મહાન હોઈ શકે કારણ કે એમાં જ દૃષ્ટિબિંદુઓનું કે વસ્તુનું બાહુલ્ય બતાવી શકાય''; ''સામાન્ય માણસના મત પર ન જઈ શકાય. સાક્ષરો જેને મહાન ગણે એ મહાન કવિતા''; ''જે કાવ્ય લાંબા ગાળા સુધી જીવી જાય તે મહાન''; ''એના ઝાંર (પ્રકાર) પર કાવ્યની ઊંડી અસર પડી હોય તે કાવ્ય મહાન''; ''માણસના ભાવોને જે કાવ્ય બહુ અસરકારક રીતે પ્રગટ કરી શકે, રસનિષ્પત્તિ કરાવી શકે તે કાવ્ય મહાન''; ''વાચકને આત્માના ઊંડાણનો પરિચય કરાવી શકે, એને આધ્યાત્મિક અનુભવ કરાવી શકે એ કાવ્ય મહાન'' વગેરે.

આવા વિવિધ મતો સાંભળ્યા પછી મને થયું કે સાહિત્યની મહાનતા પર કોઈ લખાણ થયું હોય તો વાંચવાથી કદાચ મહાનતા શો પદાર્થ છે એનો હું નિષ્કર્ષ વધુ સધ્ધરતાથી કરી શકું. એવું લખાણ તો ન જડ્યું પણ મિત્રોના અનુરોધોને આધારે આપણા રસશાસ્ત્ર, લોંજાઇનસના ઉદાત્તતા પરના વિચાર, પશ્ચિમી સૌંદર્યશાસ્ત્ર, આધુનિક પશ્ચિમી ક્રિટિકલ થીઅરી, સંશોધન – આધારિત સર્જકતા અને મૌલિકતા પરનાં તારણો

વગેરે તપાસી ગયો.

આ બધાં વાંચન પછી મહાનતા માટેનાં સહાયક બળો વધુ સ્પષ્ટ થયાં પણ ખરાં : મહાન સર્જનનું વાંચન એક ઉત્કૃષ્ટ અનુભવ છે; એ અનુભવ કૃતિની અર્થપૂર્ણતા, સ્મરણીયતા, હર્ષાનંદ ઉત્પન્ન કરવાની શક્તિ, અને પ્રભાવકતાથી ઉત્પન્ન થાય છે; ભાવ, કલ્પના, વસ્તુ, વિચાર અને લેખનકૌશલ્યના ઉચિત સમન્વયથી કૃતિ મહાન બની શકે છે; કૃતિ રસનિષ્પત્તિ ન કરાવી શકે તો મહાન બનતી નથી અને રસનિષ્પત્તિ માટે સ્થાયી અને સંચારી ભાવ-નિરૂપણ, સૂચન, ધ્વનિ, અલંકારો અને વક્રતાનો સફળ પ્રયોગ અનિવાર્ય છે; મહાનતાના અનુભવ માટે ભાવોનું ઊંડું ખેડાણ જરૂરી છે – ઉપરછલ્લા કે ગિમિકિ ખેડાણથી મહાનતાનો અનુભવ પ્રાપ્ત થવો મુશ્કેલ છે; કૃતિની મહાનતા માટે સર્જકતા અનિવાર્ય છે, ખાસ કરીને વિચારલક્ષી, વિસ્તારલક્ષી, અભિવ્યક્તિલક્ષી, શક્તિપાતીય અને સ્વવિકાસલક્ષી સર્જકતાઓના ઉચિત સુમેળથી સર્જનની મહાનતાની શક્યતા વધી જાય છે; કૃતિમાં સંદિગ્ધ કે વિરોધાભાસી કે અસંગત લાગતાં તત્ત્વો હોય તો એમનું ઉચિત અને આશ્ચર્યકારક સમાધાન કરવાથી પણ મહાનતાની શક્યતા વધી જાય છે. આ બધાં સહાયક બળોને માપવા એક પ્રશ્નાવલિ ઘડી કાઢી જેના આધારે કોઈ પણ કૃતિની મહાનતાને વધુ વિશ્વસનીય રીતે માપી શકાય.

## નોબેલ વિજેતાઓ પરનું સંશોધન

મહાન સર્જન કેવું હોય એના પર થોડી સ્પષ્ટતા પ્રાપ્ત કર્યા પછી મહાન સાહિત્યકારો કેવા હોય એ પ્રશ્ન હાથમાં લીધો. એને માટે મેં સાહિત્યના નોબેલ પારિતોષિક-વિજેતાઓની સંક્ષિપ્તમાં ઉપલબ્ધ જીવનકથાઓનો અભ્યાસ કર્યો. મારું માનવું હતું કે આ બધા વિજેતાઓ ઉત્તમ કક્ષાના સર્જકો તો હશે જ. મૂળશંકર ભટ્ટની ચોપડી 'નોબેલ પારિતોષિક-વિજેતાઓ' જોઈ ગયો. એમાં એમણે ૧૯૦૧ના પહેલા વિજેતાથી માંડીને ૨૦૦૩ના વિજેતાને આવરતી સો વિજેતાઓની જીવનકથાઓ સંક્ષિપ્તમાં આલેખી છે. મને ખૂબ રસપ્રદ લાગી, પણ થોડી અધૂરી પણ લાગી, એટલે વિકિપીડિઆનો આશરો લીધો. એમાં આ સો ઉપરાંત ૨૦૦૪થી ૨૦૧૦ સુધીના વિજેતાઓની જીવનકથાઓ પણ સંક્ષિપ્તમાં આપી છે. એ ઉપરાંત, શા કારણોને ટાંકી સ્વીડનની અકાદમીએ એમને વિજેતા ઘોષિત કર્યા એ પણ માહિતી આપી છે. આ બધાં વાંચનોને લીધે મને ૧૦૭ વિજેતાઓ ક્યાં જન્મ્યા હતા, એમનો ઉછેર કેવો હતો, એમનો અભ્યાસ કેવો હતો, આજીવિકા માટે એમણે શું કર્યું, એમનું જીવન કેવું રહ્યું, કેવા સંઘર્ષોમાંથી એમને પસાર થવું પડ્યું, એમની શી વિચારસરણી અને શાં એમનાં વલણો હતાં, કઈ કઈ જાતના સાહિત્યપ્રકારો એમણે અજમાવ્યા, એમની જીવાદોરી કેટલી રહી, કઈ ઉંમરે એમને નોબેલ પારિતોષિક મળ્યું, એમની લેખનીની ખાસિયતો, એમની લેખની પર અસરો, કયાં કારણોસર એમને વિજેતા ઘોષિત કર્યા વગેરે માહિતી મળી આવી. આ બધી વિગતોનું વિશ્લેષણ જારી છે. આ લેખમાં થોડાંક પ્રાથમિક તારણો જ પ્રસ્તુત

કરું છું.

એવું નથી કે જગતના બધા જ મહાન ગણાતા સાહિત્યકારોને નોબેલ ઇનામ મળ્યું છે. કેટલાય નામાંકિત સર્જકોને નથી પણ મળ્યું. મોટા ક્યાસના ગદ્યકારો બાકાત રહ્યા છે જેમ કે ટૉલ્સ્ટૉય, ચેખોવ, જેમ્સ જોય્સ અને ફ્રાંઝ કાફ્કા. તેવી જ રીતે કેટલાક મોટા કવિઓને આ ઇનામથી નવાજાયા નથી. જેમ કે રિલ્કે, ફ્રૉસ્ટ, ઑડન અને એઝ્રા પાઉંડ, બૅકેટ, બ્રૅક્ટ અને ઇબ્સન જેવા અતિ પ્રભાવશાળી નાટ્યકારો પણ બાકાત રહ્યા છે. ભારત અને અન્ય એશિયાઈ દેશોના સર્જકોને તો લગભગ અવગણ્યા જ છે – ૧૦૯માંથી માત્ર ચાર જ વિજેતાઓ એશિયાઈ છે (એક ભારતીય, એક ચીની, અને બે જાપાની). મુખ્ય કારણ કદાચ એ હોઈ શકે કે એશિયાના બહુ ઓછા ઉત્તમ સર્જકોનું કામ અંગ્રેજીમાં અનૂદિત થયું છે. જે હોય તે, પણ લગભગ બધા વિજેતાઓ મોટા ક્યાસના સર્જકો છે, અને લગભગ બધાને નોબેલ ઉપરાંત બીજાં અનેક પારિતોષિક એનાયત થયાં છે.

## સંશોધન પરથી ઊભરતાં તારણો

હવે વિશ્લેષણ પરથી ઊભરતાં થોડાંક પ્રાથમિક તારણો રજૂ કરું. પહેલું તારણ એ નીકળ્યું કે લગભગ બે-તૃતીયાંશ વિજેતાઓ પુરસ્કૃત થતી વેળાએ યૂરોપના નવ દેશ અને અમેરિકાના નાગરિક હતા. સૌથી વધુ વિજેતાઓ ફ્રાંસ અને અમેરિકાવાસીઓ હતા (દરેક દેશના ૧૨), પછી જર્મની અને બ્રિટન (બન્નેના ૧૦), પછી સ્પેન (૮), ઇટાલી (૬), અને રૂસના ૫. જેને સ્કેન્ડિનેવિયન દેશો કહેવાય છે (ડેન્માર્ક, નૉર્વે અને સ્વીડન) તેમના કુલ ૧૦ વિજેતાઓ હતા. જગતની આબાદીવાળા માત્ર ૧૦% લોક આ દેશમાં વસે છે. યૂરોપ-અમેરિકાનું પ્રભુત્વ છેલ્લા થોડાક દાયકાઓમાં થોડું ઘટ્યું છે. પહેલા ચાલીસ વિજેતાઓમાંથી લગભગ ૮૦% આ દસ યૂરોપ-અમેરિકા દેશોના નિવાસીઓ હતા. જ્યારે છેલ્લા ચાલીસ વિજેતાઓમાં આ પ્રમાણ ઘટીને લગભગ ૬૦% રહ્યું છે. પહેલા ચાલીસ વિજેતાઓમાંથી માત્ર ૨ યૂરોપ-અમેરિકા બહારના હતા, જ્યારે છેલ્લા ચાલીસ વિજેતાઓમાંથી ૯ યૂરોપ-અમેરિકા બહારના હતા. એટલે કે સ્વીડનની અકાદમી હવે પહેલાથી વધુ પ્રમાણે યૂરોપ-અમેરિકા બહાર પણ જોતી થઈ છે. ભારતીય સાહિત્ય માટે આ તક છે. જો આપણી ઉત્તમ કૃતિઓનો મોટા પાયા પર અંગ્રેજીમાં અનુવાદ થાય તો સ્વીડનની અકાદમીની આંખ ભારતીય સાહિત્ય પર વધુ ઠરે.

બીજું તારણ એ નીકળ્યું કે ઘણાખરા વિજેતાઓએ લાંબા ગાળા સુધી સર્જન કર્યું હતું. કેટલાકે તો પ્રકાશન સુધ્ધાં વીસ વર્ષની ઉંમર પહેલાં શરૂ કરી દીધું હતું. રવીન્દ્રનાથ ઠાકુરે અને ફ્રાંસના સુલી પ્રુધોંએ તેમનું પહેલું પુસ્તક (કાવ્યો) ૧૬ વર્ષની ઉંમરે પ્રગટ કર્યું હતું; રૂસના આઈવન બુનિને ૧૭મે વર્ષે આ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. ઇટાલીની ગ્રાઝિઆ ડેલેડાએ એની પ્રથમ નવલકથા ૧૯મે વર્ષે પ્રકાશિત કરી હતી અને આઇસલેંડના હૉલ્ડોર ક્લિજાને ૧૯મે વર્ષે. ચિલીના પાબ્લો નેરુદાએ પ્રથમ નિબંધ ૧૩મે

વર્ષે પ્રકાશિત કરેલો. મૃતક વિજેતાઓ સરેરાશે લગભગ ૮૦ વર્ષ જીવેલા અને ઘણાખરાઓએ અંતકાળ સુધી સર્જન કર્યે રાખેલું. એટલે કે સરેરાશે ૫૦ વર્ષથી વધુ વર્ષ એમણે સર્જન અને પ્રકાશન કરેલું. આટલાં બધાં વર્ષો સુધીનાં લખાણ અને પ્રકાશનથી કલમ સબળ થાય, જીવનના અને કાળના જુદા જુદા તબક્કાઓ લખાણમાં ઊભરી આવે, સર્જકના માનસમાં પ્રભાવક અનુભવો અને અસરોનો મોટો સંચય થાય જેનાથી સર્જનમાં ઊંડાણ અને વૈવિધ્યના ચમકાર માણવાં મળે. પ્રકાશન પણ વિપુલ પ્રમાણમાં થાય અને એને લીધે સર્જકનું મોટું બ્રાંડ બની જાય. વિજેતાઓ-પ્રકાશિત ૧૫-૨૦ ગ્રંથો તો સાવ મામૂલી ઘટના હતી. જર્મનીના થીઓડૉર મોમ્સને ૧૫૦૦ કૃતિઓ રચી હતી, જ્યારે ઇજિપ્તના નગીબ મહફૂઝે પચાસેક નવલકથાઓ અને ૩૫૦થી વધુ વાર્તાઓ લખી હતી.

ત્રીજું તારણ નીકળ્યું કે ઘણાખરા વિજેતાઓ બહુમુખી સર્જકો હતા. વિશ્લેષણ કરવા સર્જનના ૧૬ વર્ગો નક્કી કરેલા : કવિતા, નવલકથા, નવલિકા, નાટક, નિબંધ, જીવનકથા, અનુવાદ, વિવેચન, સંપાદન, ઇતિહાસ, પત્રકારલેખન, પ્રવાસલેખન, સંપાદન, ચિંતનાત્મક લખાણ, ગીત અને બાળ-સાહિત્ય (ગીત, હાલરડાં, વાર્તા ઇત્યાદિ). લગભગ બે-તૃતીયાંશ વિજેતાઓએ આમાંથી ચાર કે વધુ પ્રકરણોમાં યોગદાન કર્યું હતું. ઠાકુરની બહુમુખી પ્રતિભાથી તો આપણે પરિચિત છીએ. ઝાં પૉલ સાર્ત્રએ ચિંતનાત્મક લખાણ, નવલકથા, નાટક, નિબંધ, નવલિકા, વિવેચન અને સંપાદન પર હાથ અજમાવ્યો હતો; જ્યારે મેક્સિકોના ઑક્ટાવિઓ પાઝે કવિતા, નિબંધ, વિવેચન, સંશોધન, ચિંતનાત્મક લખાણ, સંપાદન, નાટક અને જીવનકથાના ઝાંરોમાં મૂલ્યવાન પ્રદાન કર્યું હતું. સર્જનના આવા વૈવિધ્યથી સર્જકનું ફલક મોટું થવાની સંભાવના ઊભી થાય છે અને પ્રકારોનાં પ્રતિફલનની શક્યતા વધી જાય છે.

સૌથી વધુ મઝા તો આ વિજેતાઓના અભિનિવેશોને માણવામાં પડી. કેટલાયે સર્જકોએ અતિ આપત્તિમય અને સંઘર્ષમય જીવન વિતાવેલા અને તે છતાં - કે એને લીધે - તેઓ ઉત્તમ સર્જન કરતા રહ્યા. કેટલાક તો એવા પણ હતા જેમણે સાહિત્ય ઉપરાંત જીવનના બીજા પાસાઓમાં અસાધારણ સિદ્ધિઓ મેળવી હતી. કેટલાક સરમુખત્યારીના ભોગ બનેલા. કેટલાકને માનસિક વ્યાધિ હતો અને કેટલાક સમલિંગકામી હતા. કેટલાકે સરમુખત્યારી કે રંગભેદની નીતિ સામે ઝુકાવ્યું હતું; પણ એવો પણ એક હતો જેણે સ્પેનના સરમુખત્યાર ફ્રાંકોને ટેકો આપ્યો હતો અને એની તરફથી બીજા સાહિત્યકારો પર જાસૂસી કરી હતી ! વિજેતાઓ સારા પ્રમાણમાં ડાબેરી મતના હતા અને મૂડીવાદ અને સામ્રાજ્યવાદના પ્રખર વિરોધી હતા; તો થોડાક એવા પણ હતા, વિન્સ્ટન ચર્ચિલ જેવા, જે સામ્રાજ્યવાદી હતા, અને ટી. એસ. એલિઅટ જેવા, જે રૂઢિગ્રસ્ત વિચારધારા ધરાવતા હતા. ઘણા પ્રવાસના શોખીન હતા જ્યારે થોડાક ઘરકૂકડી પણ હતા. થોડાકની અતિ સંક્ષેપે જીવનકથા રજૂ કરું છું.

## થોડીક સંક્ષિપ્ત જીવનકથાઓ

(૧) ચિલીના ગૅબ્રિએલ મિસ્ત્રાલને ૧૯૪૫નું પારિતોષિક મળ્યું હતું. લૅટિન અમેરિકાના તેઓ પ્રથમ વિજેતા હતા. તેઓ ૧૮૮૯માં જન્મ્યા હતા. જન્મ અને ઉછેર એક નાનકડા ગામડામાં ગરીબાઈમાં થયો હતો. પિતા શિક્ષક હતા પણ ગૅબ્રિએલા ત્રણના હતા ત્યારે જ ગુજરી ગયા હતા. માત્ર અગિયાર વર્ષના હતા ત્યાર સુધી જ શિક્ષણ પામ્યા. ગૅબ્રિએલાના વડવાઓ સ્પૅનિશ પણ હતા અને અમેરિકન ઇંડિયન પણ હતા. ઓછું ભણતર છતાં જાતે ઘણું ભણ્યા. ઇતિહાસનો શોખ. શિક્ષિકા બન્યા. એક મિત્રના આપઘાતથી ખૂબ આઘાત લાગ્યો અને એમની લેખનીમાં પણ વરતાયો. પંદર વર્ષે તો કવિતા છપાવવા માંડેલી. પાછળથી સુધારક બન્યા અને મેક્સિકો અને અન્ય દેશોનાં પુસ્તકાલયો અને શાળાઓમાં સુધારા લાવી શક્યાં. પત્રકાર પણ હતાં. અમેરિકા અને યૂરોપના પ્રવાસે ગયા હતા અને ત્યાં પ્રવચનો પણ કર્યાં હતાં. લીગ ઑફ નેશન્સમાં કાર્ય કર્યું હતું. અધ્યાપન પણ કર્યું હતું અને રાજદૂત પણ બન્યા હતાં. એમને બાળકો, સ્ત્રીઓ, અને દલિતો માટે ખૂબ સહાનુભૂતિ હતી. કવિતા ઉપરાંત એમનાં હાલરડાં ખૂબ જાણીતાં છે. એમણે નિબંધો પણ લખ્યા છે. એમનાં સર્જનમાં પ્રકૃતિપ્રેમ, પ્રેમ, બેવફાઈ, માતૃપ્રેમ, દુઃખ, પ્રવાસ, દક્ષિણ અમેરિકાના લોકની અસ્મિતા વગેરે મુખ્ય થીમ્સ છે.

(૨) રૂસના બોરિસ પાસ્તરનાક ૧૮૯૦માં જન્મ્યા હતા. ૧૯૫૮માં એમને પારિતોષિક મળ્યું. સુખી કુટુંબમાં જન્મ્યા હતા. યહૂદી હતા. એમના પિતા વિખ્યાત ચિત્રકાર હતા અને અધ્યાપક હતા જ્યારે માતા કૉંસર્ટ પિઆનિસ્ટ હતાં. નાનપણથી જ મોટા મોટા સર્જકોના પરિચયમાં આવેલા. પહેલાં તો પાસ્તરનાકને સંગીતકાર થવું હતું અને એનું ભણતર પણ થોડોક સમય કર્યું. પણ પછી ફિલસૂફીનો શોખ જાગ્યો અને એ ફિલસૂફી ભણ્યા. પણ મૂળ જીવ સાહિત્યનો એટલે ફિલસૂફીના અધ્યાપનમાં ન પડ્યા. સાહિત્યકાર બન્યા. પહેલું પુસ્તક કાવ્યસંગ્રહ હતો જે ૨૪મે વર્ષે પ્રગટ થયો. પહેલા વિશ્વયુદ્ધમાં રાસાયણિક ફૅક્ટરીમાં કામ કર્યું અને ત્યાંના અનુભવો ‘ડૉક્ટર ઝિવાગો’ની રચનામાં કામ લાગ્યા. સ્ટાલિનના સરમુખત્યાર થયા પછી રૂસના સેંસરોને માફક આવવા લખાણમાં ફેરફાર કરવા પડ્યા. તે છતાં રાજદ્વારી ત્રાસનો ભોગ બન્યા. રૂસમાં ‘ડૉક્ટર ઝિવાગો’ પર પ્રકાશનનો પ્રતિબંધ હતો, અને જ્યારે નોબેલ વિજેતા જાહેર થયા ત્યારે સ્વીડન જવા પરવાનગી ન મળી. એમની કવિતાએ નવો ચીલો ચાતર્યો અને નવલકથાઓ પણ આંતરરાષ્ટ્રીય લોકપ્રિયતા પ્રાપ્ત કરી શકી. એમણે વાર્તાઓ અને આત્મકથા પણ લખી હતી અને અનુવાદ પણ કર્યા હતા.

(૩) સ્વીડનના એયવિંડ જૉનસન ૧૯૭૪માં વિજેતા થયેલા. ૧૯૦૦ની સાલમાં ગામડાના એક પથ્થર ફોડનારાને ત્યાં જન્મ્યા હતા. એમના પિતાનું બાળપણમાં જ મૃત્યુ થયું. એયવિંડની મા બાળકોને કોઈને સુપ્રત કરીને ઘર છોડી ગઈ. એયવિંડને બાળમજૂરી કરવી પડી. આગળ ભણતરની તો કોઈ શક્યતા જ નહતી. ખૂબ હાડમારી વેઠવી પડી.

મોટા થયા પછી મજૂર સંઘમાં જોડાયા, એમાં નેતા બન્યા અને રાજકારણમાં પણ સક્રિય થયા. પત્રકાર પણ થયા. દેશદેશાવરમાં ફર્યા. મૂડીવાદના આલોચક હતા અને સરમુખત્યારીના વિરોધી હતા. શ્રમિકોના હિતરક્ષક હતા. એમની લગભગ ચોવીસેક કૃતિઓ છે. એમણે મુખ્યત્વે નવલકથા અને નવલિકાઓ સર્જી છે. નોબેલ પારિતોષિક મળ્યા પછી બે વર્ષે ગુજરી ગયા.

(૪) નાઇજીરિયાના વોલ સોયિંકા ૧૯૩૪માં જન્મ્યા હતા અને ૧૯૮૬માં પારિતોષિક પામ્યા. યોરુબા જાતિમાં એક પ્રતિષ્ઠિત કુટુંબમાં એમનો જન્મ થયો હતો. એમના પિતા ખ્રિસ્તી પાદરી હતા અને એક શાળાના હેડમાસ્તર હતા. મા દુકાન ચલાવતી અને રાજકારણમાં પણ ભાગ લેતી. સોયિંકાએ નાઇજીરિયા અને બ્રિટનમાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યું. ભણતા હતા ત્યારે જ ભ્રષ્ટાચાર વિરોધી છાત્ર-સંસ્થા સ્થાપેલી. ઉચ્ચ અભ્યાસમાં એમના વિષયો હતા અંગ્રેજી સાહિત્ય, ગ્રીક ભાષા, અને પશ્ચિમનો ઇતિહાસ. ભણતર પછી નાટક વાંચનાર તરીકે થોડો સમય કામ કર્યું. બ્રિટનથી પાછા નાઇજીરિયા ગયા અને આફ્રિકાના નાટ્યનો અભ્યાસ કર્યો. અધ્યાપક થયા અને તુલનાત્મક સાહિત્ય શીખવવા લાગ્યા. રાજકારણમાં સક્રિય થયા અને બે વર્ષનો જેલવાસ પણ વેઠ્યો. તેઓ નાઇજીરિયાના સરમુખત્યારોના વિરોધી હતા. એમના પર મૃત્યુદંડની સજા પણ ફટકારવામાં આવી, પણ એ નાઇજીરિયામાંથી નાસી જઈ શક્યા. પછી પશ્ચિમના દેશોમાં ફરી એમણે નાઇજીરિયાની સરમુખત્યારી સામે આંદોલન કર્યું અને સરમુખત્યારી નાબૂદ કરવા કદમ ઉઠાવવા પશ્ચિમના શાસકો અને લોકને ઉકસાવ્યા. અંશતઃ એમના આ પ્રયાસોને લીધે નાઇજીરિયામાં ફરી લોકશાહી તંત્ર સ્થપાયું. નવલકથા, નાટક અને કવિતા ઉપરાંત એમણે નિબંધો. રેડિયો નાટકો, સિનેમાની સ્ક્રિપ્ટ્સ, નવલિકાઓ અને એમની આત્મકથા પણ લખ્યાં છે. એમનું પહેલું રેડિયો-પ્રસારણ વીસ વર્ષની ઉંમરે થયેલું. એમના લેખનમાં પરંપરા અને આધુનિકતા વચ્ચેનો સંઘર્ષ આલેખાયો છે. વિકાસશીલ દેશોની સમસ્યાઓ ચર્ચાઈ છે. અને એમણે સમાજની આકરી ટીકા પણ કરી છે.

(૫) દક્ષિણ આફ્રિકાના નૅડિન ગોર્ડિમર ૧૯૨૩માં જન્મ્યા હતા અને ૧૯૯૧માં એમને નોબૅલ પારિતોષિક પ્રાપ્ત થયું. તેઓ યહૂદી કુટુંબમાં જન્મ્યા હતાં. પિતા ઘડિયાળી હતા અને માતાએ કાલા બાળકો માટે ક્રેશ સ્થાપેલી. ઉછેર ખનિજ માટે ખોદકામ કરતી બસ્તીમાં થયો હતો. પ્રારંભે થોડા ઘરકૂકડી હતા એટલે શાળામાં જવાનો કંટાળો આવતો. કૉલેજમાં ગયા પણ અભ્યાસ છોડી દીધો. લખવાનો આવિર્ભાવ થયો અને ૧૫ વર્ષે તો થોડીક વાર્તાઓ છપાવી પણ ખરી. એમને કાળા લોક માટે ખૂબ હમદર્દી હતી અને આફ્રિકન નૅશનલ કૉંગ્રેસ (એનસી)માં જોડાયા. માંડેલાના મિત્ર હતા. એનસીના કાર્યકરોને સત્તાવાળાઓથી બચાવવા પોતાને ઘરે છુપાવતા પણ ખરા. એમનાં કેટલાંક અશ્વેત-તરફી લખાણોને લીધે સરકારે પ્રતિબંધ લાદેલો. એમનાં લખાણોને બળે, ભણતર ઓછું છતાં, અમેરિકાનાં અનેક વિશ્વવિદ્યાલયોમાં એમણે ટૂંકા ગાળાના કોર્સિસ આપેલા.

ગોર્ડિમરે નવલકથાઓ, નવલિકાઓ, અને રંગભેદ સામેનાં લખાણ લખ્યાં છે.

આપત્તિઓનો સામનો અને કશુંક કરી છૂટવાની તમન્ના આ જીવનકથાઓમાં ભારોભાર વરતાય છે. એવું હોઈ શકે કે આવી જીવંતતા મોટા ક્યાસના સર્જન માટે સહાયક બળ છે. વર્ષો પહેલાં ૧૯મી અને ૨૦મી સદીઓનાં જુદાં જુદાં ક્ષેત્રોના ૯૨, મુખ્યત્વે પશ્ચિમના પ્રભાવક મહાનુભાવોની જીવનકથાઓ જોઈ ગયેલો. એમાંના ઘણા હતા જેમને નાનપણમાં કોઈ ને કોઈ પ્રકારનો તીવ્ર આઘાત લાગેલો. આના આધારે મારો એક પૂર્વસિદ્ધાંત ઊભો થયો કે નાનપણમાં આવેલી ઘેરી આપત્તિ સર્જતા-સભર માનસને ગંભીર, ઊંડાણવાળા સર્જન પ્રત્યે વાળે છે. મારે જાણવું હતું કે આ પૂર્વસિદ્ધાંતનું સાહિત્યના ક્ષેત્રે તથ્ય કેટલું. એટલે જે જે વિજેતાઓએ નાનપણમાં માતા-પિતા કે બીજી કોઈ આત્મીય વ્યક્તિ ગુમાવી હોય, અથવા જે વિજેતાને બાળપણમાં મોટો અકસ્માત નડ્યો હોય કે મોટી માંદગી નડી હોય, કે જેમના ઉપર કોઈ બીજી, મન પર ઘેરી અસર કરે એવી આપત્તિ આવી પડી હોય (જેમ કે અત્યંત ગરીબાઈ, કે ઉછેર થયો હોય ત્યાંથી વિપરિત જગ્યાએ સ્થળાંતર, કે કુટુંબનું વિપ્લવમાં કે મોટી પ્રાકૃતિક હોનારતમાં સપડાઈ જવું) તેમની નોંધણી કરી. તારણ નીકળ્યું કે ૧૦૭માંથી ૩૭ એવાં હતાં કે જેમને નાનપણમાં ઉપરના કોઈ કારણસર યાતના ભોગવવી પડી હતી. એટલે મારા પૂર્વસિદ્ધાંતને આંશિક ટેકો તો મળે છે. એવા પણ ઘણા નીકળ્યાં કે જેમને કોઈ મોટી યાતનાનો સામનો કરવો પડ્યો ન હતો. તે છતાં, એવું લાગે છે કે નાનપણની મોટી વીતી ગંભીર સર્જનને સહાયક થઈ શકે છે - જો લેખકમાં સર્જનનું કૌવત હોય તો.

મહાનુભાવોની જીવનકથાઓ વાંચતાં, અને સર્જકતા પરનું સાહિત્ય વાંચતાં બીજો પણ પૂર્વસિદ્ધાંત લાધ્યો : સર્જન સંભાવ્યતા હોય તો ઉછેરના સમયે કુટુંબમાં કે શાળામાં કોઈ સર્જન-લક્ષી, ચિંતન-લક્ષી કે આદર્શવાદી પાત્રો (role models) સાથે ગાઢ સંપર્ક થાય તો મોટાં સર્જન તરફ મન ઢળે છે. ૧૦૭ સાહિત્યના નોબૅલ વિજેતાઓના આવો સંપર્ક થયો હતો. મુખ્યત્વે પિતા કે માતા આવા રોલ મૉડેલ હતા. પચ્ચીસને કલા કે સાહિત્યનો વારસો મળ્યો હતો; દસેકના પિતા ધર્મગુરુ હતા.

નાનપણમાં મોટી આપત્તિ, કે કલા, સાહિત્ય, કે ચિંતન-સંશોધનનો વારસો આપણા હાથમાં નથી. પણ ભણતર આપણા હાથમાં છે. જીવનની કડવી સચ્ચાઈઓ તરફ બાળકોનું ધ્યાન દોરવામાં આવે, જેમ કે ગરીબાઈ, અપાહિજતા, અને કુદરતી પ્રકોપથી થતું નુકસાન, અને ઉચ્ચ કોટિના રોલ મૉડેલો જોડે વાંચન દ્વારા અને મુલાકાત દ્વારા એમનો સંપર્ક કરાવવામાં આવે, તો જેમનામાં ઉચ્ચ સર્જનની સંભાવના છે તેમની ગંભીર અને ઉચ્ચ કોટિના સર્જન તરફ વળવાની શક્યતા વધી શકે.

18

# આસ્વાદ : ઉદયનનું આત્મનિવેદન પુરાણમ્

**રાધેશ્યામ શર્મા**

[**'ઉદયન ઠક્કરનાં ચૂંટેલાં કાવ્યો'** : લેખક : ઉદયન ઠક્કર, પ્રકાશક : નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ-૨, અમદાવાદ-૧, ૨૦૧૨, પૃ. ૧૫૬, મૂલ્ય : રૂ. ૨૦૦.]

કવિશ્રી ઉદયનનો પ્રથમ કાવ્યસંગ્રહ 'એકાવન' ૧૯૮૭માં પ્રગટ થયેલો, બીજો 'સેલ્લારા' ૨૦૦૩માં અને આ ત્રીજો 'ઉદયન ઠક્કરનાં ચૂંટેલાં કાવ્યો' ૨૦૧૨માં આવ્યો – ત્યારે 'એકાવન'માંથી પસંદ કરેલાં તથા 'સેલ્લારા'નાં સમસ્ત કાવ્યો સાથે નવી કાવ્યરચનાઓ પણ સામેલ છે.

વિવેચક બ. ક. ઠાકોરે કદાચ કાકા કાલેલકરને 'સર્વ વિષયવખારી' કહી વખાણેલા એમ ઉદયનને કોઈ 'સર્વપ્રકારવખારી' કહી શકે. અહીં અછાંદસ છે, મુક્ત પદ્ય છે, ગઝલ તો હોય જ – ના હોય તો નવાઈ !, નવાઈની ત્રિપદી છે, સાથે મુક્તક છે, એની પછી નઝમ સાથોસાથ ગીત-દુહા તેમ જ છંદોબદ્ધ છે. શું રહ્યું બાકી તે ભાવકો ભાગ્યે જ શોધી શકશે. સબ મંજૂર હૈ...

હસિત વદન કવિ, એમની છવિ પર કેવું કવે છે ?

**'મને કાનમાં કહ્યું પુરાણી છત્રીએ**
**'ઊઘડી જઈએ, અવસર જેવું લાગે છે...'**

મનહર મોદીનુમા છત્રી નક્કી પરમ્પરાથી પ્રવર્તેલી પુરાણી, છતાં કૃતિઓ કાવ્ય સિદ્ધ કરવાનો અવસર લગભગ નથી ચૂકી. સંચયવાચન બાદ કહેવું ઘટે, ચૂંટેલી રચનાઓ ચોષ્ય છે, ચીપેલી કે ચોંટાડેલી નથી ! ભાષાકર્મ ભાવબોધને અનુસરે છે. ભાવે ભાષાને શોધવા જવું પડ્યું નથી.

હલકા સ્તરે ઊતરી પડતી હળવાશ હોય તો ક્લેશ થાય, વ્યંગ સસ્તો હોય તો તે વાગી વ્યંજનાભંગ કરે, નર્યું કઠોર વાસ્તવ કંટાળો નોતરે, જાતદયા યા પરદયા નિર્દય લાગે–જેનો અહીં લગભગ અભાવ છે.

રસ ઝમ્યો પાંડોબા, મથુરાદાસ, અમરતલાલ, મોચી, મણિલાલ, ટીના, સોડા જેવો છોકરો, પાનેતર શી છોકરી જેવાં વિ-લક્ષણ વિશિષ્ટ ચરિત્રોની બાનીના લયમુકામોમાં !

શીર્ષકથી ચોંકાવનાર રચના સાદ્યંત ચમત્કૃતિઓની હવાઈઓ ઉડાડ્યા કરે તે છે : 'મારી એક વરની પ્રેમિકાને બાળક જન્મ્યું છે.' (પૃ.૨૦) તે ટાણે કાવ્યનાયક કોઈ રામકૃષ્ણ લૉજમાં રાઇસ પ્લેટ આ-રોગ-તો હોય છે ! એમાં જર્નાલિસ્ટિક જાર્ગન જાણીને યોજી છે ('ચહેરાની ચુંગાલના બંદી') મગર કહેના પડે 'સારો શબ્દપ્રયોગ છે.' કર્તા પાંડોબાની ઓળખ કલમના એક લસરકાથી ખડી કરી શક્યા છે :

**'ખેતર જેને ટૂંકાં પડતાં – આજે ચાર દીવાલોમાં**
**યથાશક્તિ રોમાન્સ કરે છે, ભોઈવાડાની ચાલોમાં**
**શું છે ભોઈવાડાથી મોટું ? ચણિયા કરતાં રંગીન પણ ?**
**ના સમજ્યો તેથી વેડફાયો, પાંડોબા નામે એક જણ.' (પૃ. ૫)**

'પણ' સાથે 'જણ'નો પ્રાસ સ-કૃતક નથી ?

– તો અમરતલાલનું પાત્ર અન્તે શું નીરખે છે ? પોતાની જિંદગી દરમિયાન તેમણે 'પોતાના કાવ્યસંગ્રહને જન્મતો, વૃદ્ધ થતો અને મરતો જોયો.' (પૃ. ૧૩)

(અમરતલાલને, ઉદયનનો સંગ્રહ – અસ્તાચલ ધારવાની જરીકે જરૂર નથી.)

લાક્ષણિક 'ઇમેજરિ' ધરાવતી સૅન્સ્યુઅસ આકૃતિ માણી તે 'અધવચ્ચે ઊભેલી સ્ત્રીનું ગીત' કૃતિમાં :

'મારા પૈણાજી કેરી હું સોડમાં સૂતી,
ને મૂઆ તારા ચહેરાને કાં ભાળું ?
મારી છાતીમાં ટશરાતાં ઇચ્છાનાં પૂર,
પૂર કેટલી રાત્યુંની રાત ખાળું ?' (પૃ. ૪૧) 'ટશરાતાં' જેવું ક્રિયાપદ સંદર્ભમાં કેટલું તો સચોટ છે.

'પ્રશ્નપત્ર' (પૃ.૩)ની પેઠે 'ટચૂકડી જાxખ' બૉક્સ આઇટમ નોંધ લેવડાવે એવી છે. 'ખોવાઈ છે'ના ત્રિગુણી હેડિંગ હેઠે ખોજીઓ ખોજે કે ખોદે ત્યારે હળવો આંચકો પામે :

'ગુજરાતી વાંચતી-લખતી એક આખી પેઢી,
કાનુડાએ કોની મટુકી ફોડી ?
એમ પૂછો તો કહેશે,
'જૅક ઍન્ડ જિલની' ! (પૃ. ૬૭)

'મરવું' રચના ફ્રાન્સ-ઇન્ડિયા-ગ્રીસ-ન્યૂઝીલૅન્ડની પુરાણપ્રથિત વિભૂતિઓના – જાણે અપમૃત્યુદંડના કરુણ કિસ્સાઓને એક ભારીમાં શબ્દબદ્ધ કીધા છે :

**કેવા વેશ કાઢે છે, આ 'મરવું'**
**ફ્રાન્સવાળાઓએ કાચી કુમળી વયે બાંધીને બાળ્યું,**
**પારધીવાળાઓએ અંગૂઠે વીંધ્યું,**
**ગ્રીસવાળાઓએ પ્યાલી પાઈ,**
**યહૂદીવાળાઓએ ખિલ્લે ઠોક્યું,**
**તોયે સાલું હેં હેં કરતું ઊભું જ છે, અમર**
**આ 'મરવું'. '** પૃ. ૫૯

મૃત્યુને પણ 'અમર' કથવાનો હેં-હેં કસબ કર્તાએ સુબોધ વિનોદવ્યંગથી ફ્રેમ કર્યો છે.

'કેલિફૉર્નિયા માઉન્ટેન' રચના આખી ફિલ્મના સીન-શૉટ-ટેક-ની ટર્મિનૉલૉજથી મઢી છે. ડાયરેક્ટર પ્રોડ્યુસર ઠક્કર કવિનું આ અનોખું ચર્વણચક્કર છે. યૌનરસિકતા કર્તાની પક્ષપાતી રુચિની ચાડી ખાધા વિના નથી રહેતી—આવી કડીઓમાં.

'કોણે કહેલું રાંડની ટેકરીને
બધા શૉટમાં ઊભી રૈ ગૈ ડીંટડી કાઢીને ?
હવે એને કેમ પેરાવવું પોલકું ?
હાળા કન્ટિન્યુઇટીવાળા ઉંદરે ડુંગર કાઢ્યો
તે ય છ-છ રીલ શૂટ થઈ ગયા પછી !' (પૃ. ૮૬)

'ગઝલ' વિભાગમાં, વૈષ્ણવ રૂઢિવિધિવિધાનોના માર્કેટિંગ મટિરિયલ્સ રૂપે ઠાકોરજીને પણ નિર્મમ રીતિએ રજૂ કર્યા છે.

**'મંગળા ત્રણસો, શયન સો, દોઢસોમાં રાજભોગ,**
**આપને ઠાકોરજી બહુ વાજબી ભાવે પડ્યા...'**

પૂરા સંચયની બે કૃતિઓ, એક 'આત્મનિવેદનમ્' અને બીજી 'ગરુડપુરાણ' સુજ્ઞો માટે સ્મરણીય રહે એવી છે. મહામૃત્યુસંજીવની મંત્રથી આરંભાયેલી રાવણી રચના 'આત્મનિવેદન'માં અપ્સરા પંચીકસ્થળા અને વેદવતીની પુરાકથાને ઊંડળમાં લઈ રાવણના પ્રાંજલ ઉદ્‌ઘોષમાં ગૂંથાયેલો આહમ્ આબાદ અભિવ્યક્તિ પામ્યો છે :

**'ગાઉં ને ગુંજું ત્યારે હું સાચો**
**બાકીનો સમય**
**રાક્ષસ'** (પૃ.૭૭)

મકરન્દ દવેએ 'ગરુડપુરાણ' નિજી મર્મઘટનથી આલેખ્યું હતું, હવે આ કર્તાએ પોતાનું ગરુડી પુરાણ સૂચક 'નરકમંડલમ્‌થી નિર્મ્યું છે. પ્રારમ્ભ કૌંસમાં આમ કર્યો છે. (અંજારના બાબુલાલે અપમૃત્યુ પામેલા પિતા પાછળ, વગર છાપરાના એક મકાનમાં કથા બેસાડી છે.) ત્યાં શ્રી વિષ્ણુ પાસે કવિએ ઉવાચાવ્યું છે :

**'હે ગરુડ, કશ્યપપુત્ર !**
**ભીંતો વચ્ચે રહેંસાઈ રહેલા પિતાએ**
**વિશ્વને લંબાતે હાથે ધરી દીધેલું શિશુ**
**તે સ્વર્ગ.'** (પૃ. ૧૫૫)

આ પૂર્વે શ્રી વિષ્ણુએ કટાક્ષની કટારધાર સમેત પ્રશ્ન પૂછ્યો છે :

'શું તમને સ્વર્ગની સુવાસ ન આવી
ચાની રેંકડી ચલાવતા છોકરડાએ દાન માટે
ઉતારી આપેલા ફાટલાતૂટલા ખમીસમાંથી ?' (પૃ. ૧૫૪)

ભચાઉ-રાપર ભયમ્કર ભૂકમ્પની ઓઝટમાં સર્જકે શ્રી વિષ્ણુને પણ ફરિયાદીના મજબૂરી પાંજરામાં પ્રતિષ્ઠિત કર્યા છે :

'મંદિરની તૂટી પડેલી કમાન હેઠળ
મારાં ચરણ દબાયાં છે, શું કરું ?' (પૃ. ૧૪૫)

– સંવેદનશીલ-તા અહીં કિંકર્તવ્યવિમૂઢ નથી, તે પ્રચંડ પ્રહારો ઉપરથી સમજી લેવાય. દારુણ વિષમતાને પ્રમાણી કર્તા બિન-અંગતતાનું જતન કરી શક્યા છે. જો ભાવક પૂછે આવો કવિ ક્યાં છે ? છે ક્યાંય ? તો અહીં શે'અર હાજર છે :

**'કવિતાઓ કરે છે પંખીઓ, તોપણ કવિ ક્યાં છે ?**
**ટહુકાઓ નીચે નામ, સરનામું, સહી ક્યાં છે ?' (પૃ. ૧૧૧)**

ઉદન ઠક્કરના આવા ટહુકાઓ અહીં ચૂંટ્યા પછી 'ક્યાં છે ?' પૂછવું નહીં પડે....

□

## 'સવાર લઈને, આવે છે તાજી ગઝલો...' | ધ્વનિલ પારેખ

['સવાર લઈને' : અનિલ ચાવડા, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, ઑગસ્ટ-૨૦૧૨]

કોઈ તરોતાજા ગઝલકારને મુશાયરામાં સાંભળવામાં આવે છે અને એની ગઝલો તમને પસંદ પણ પડે છે. આવું એકથી વધુ વખત બને છે ત્યારે એ ગઝલકાર પ્રત્યેની અપેક્ષા વધી જાય છે. વળી, એ ગઝલકારનો ગઝલસંગ્રહ પ્રગટ થાય ત્યારે એમાંથી પસાર થવાની ઉત્કંઠા પણ રહે છે. અનિલ ચાવડાનો ગઝલસંગ્રહ 'સવાર લઈને' પ્રગટ થયો ત્યારે મને ઉત્કંઠા રહી હતી અને એમાંથી પસાર થયા પછી –

ગઝલસંગ્રહનું શીર્ષક 'સવાર લઈને' કશીક તાજગીભરી અભિવ્યક્તિની અપેક્ષા જન્માવે છે. અનિલની ગઝલોમાંથી કેટલીક નવી અભિવ્યક્તિઓ મળે છે, જે સ્પર્શી જાય છે –

**''શ્વાસને ઇસ્ત્રી કરી મેં સાચવી રાખ્યા હતા,**
**ક્યાંક અણધાર્યા પ્રસંગે જો જવાનું થાય તો !'' (પૃ. ૦૫)**

– અનિલ આ શે'રથી વધારે જાણીતો થયો. પણ આ ઉપરાંત ઘણા નવી અભિવ્યક્તિ રજૂ થઈ હોય એવા શે'ર એની પાસેથી મળે છે –

**''પરસેવા જેવાં છે દુઃખો,**
**સુખ ખખડેલા પંખા જેવાં.'' (પૃ. ૩૪)**

**''એમ પીડાઓ બધી બેઠી છે જીવન પર,**
**કોઈ પંખી પર ચડીને ઝાડ બેઠું હોય.'' (પૃ. ૫૦)**

અનિલ ગઝલમાં ભાષાને જે રીતે પ્રયોજે છે એ એની બીજી ખૂબી છે. તળપદી અને અંગ્રેજી શબ્દોના મિશ્રણ દ્વારા પણ એ સરળ-ગહન અભિવ્યક્તિ સાધી શકે છે. આ પ્રકારની અભિવ્યક્તિને કારણે પણ એ અન્ય ગઝલકારોથી જુદો પડે છે. જોવાનું એ પણ રહે છે, કે આ પ્રકારની અભિવ્યક્તિને કારણે શે'રનો મિજાજ પ્રગટે છે કે નહીં ?

એવા કેટલાક શે'ર –

**"કાન તો કાપી લીધા'તા ભીંતના,**
**તો પછી આ વાત ક્યાંથી લીક થઈ ?" (પૃ. ૪૦)**

ભીંતને પણ કાન હોય છે, આ વાત આપણે સાંભળી હતી પણ ભીંતના કાન કાપી લેવામાં અભિવ્યક્તિનાવીન્ય છે. બીજો મિસરો પણ સહજ વાતચીતનો છે અને અહીં એ ગઝલના શે'રની પંક્તિ બની જાય છે.

**"આ ઉદાસી કોઈ છેવટ જેમ ખંખેરી શકાતી હોત અથવા,**
**વસ્ત્રની નીચેય જો ઢાંકી શકાતી હોત તો શું જોઈતું'તું." (પૃ. ૫૬)**

બોલચાલની ભાષાના વિનિયોગ દ્વારા પણ અનિલે ઘણા શે'રો આપ્યા છે. નરસિંહની જાણીતી રચના 'હળવે હળવે...'નો લયઉ પાડીને એમાં બોલચાલના શબ્દો પ્રયોજીને અનિલે જે ગઝલ રચી છે એ આ સંગ્રહની જુદી પડતી રચના છે –

**"નવું નવું મંદિર ચણ્યાની જાહેરાતો દો છાપામાં,**
**બાયોડેટા લઈ ઈશ્વરની અરજી આવે ? ના આવે." (પૃ. ૬૫)**

'આવે ? ના આવે' શબ્દોના વિનિયોગથી અનિલે બોલચાલની ભાષાનો લય પ્રગટાવ્યો છે. 'બાયોડેટા' અંગ્રેજી શબ્દ અને અભિવ્યક્તિની દૃષ્ટિએ પણ આ શે'ર નોંધપાત્ર બને છે. અનિલ દ્વિરુક્ત શબ્દોના પ્રયોગથી પણ બોલચાલનો લય પ્રગટાવે છે. પૃ. ૪૬ પરની ગઝલમાં દ્વિરુક્ત શબ્દો અને 'શું હે ?' રદીફના વિનિયોગથી આવો લય અને મિજાજ બંને પ્રગટ થાય છે –

**"જેને આવી પાંખો એને પંખી માફક ઊડવા દીધાં,**
**હદથી ઝાઝો કોઈના પ્રત્યે લગાવ-બગાવ શું હેં ?" (પૃ. ૪૬)**

– પણ ભાષામાં દ્વિરુક્ત શબ્દપ્રયોગો વળગણ બની જાય ત્યારે એ મર્યાદા બને છે. પૃ. ૪૯ પરની ગઝલ એવા વળગણનું ઉદાહરણ છે. એ જ રીતે અંગ્રેજી શબ્દો પણ પ્રત્યેક સ્થાને સહજ લાગતા નથી, એ ચોંટાડેલા અથવા તો જુદી અભિવ્યક્તિના કેફમાં પ્રયોજાયા હોય એવું લાગે છે –

**"અર્થ જીવનનો ફક્ત છે એ જ કે વ્હેવું સતત વ્હેવું,**
**ને યુગોથી આપણે સૌ ફ્રીજમાં જીવી રહ્યા છીએ." (પૃ. ૬૭)**

આ ઉપરાંત 'કલર' : (પૃ. ૧૦), 'ફિટ' (પૃ. ૩૨), 'નર્સ', 'પર્સ' (પૃ. ૪૨) વગેરે અંગ્રેજી શબ્દો પણ જે તે શે'રમાં આગંતુક બની રહે છે. જ્યારે એ કાફિયા તરીકે આવે ત્યારે વિશેષ ! ચિનુ મોદીએ પણ આ પ્રકારની મર્યાદા ચીંધી બતાવી છે.

અનિલની ગઝલોની એક લાક્ષણિકતા એ પણ રહી છે, કે એ જાણીતા સંદર્ભો, ક્યારેક એ કથાસંદર્ભો પણ હોય એને જરા ઉલટાવીને શે'રની બે પંક્તિમાં મિજાજ સાથે પ્રગટ કરે છે. જાણીતા સંદર્ભોને તિર્યક રીતે જોવાની દૃષ્ટિને કારણે આખી વાત

જુદી રીતે સામે આવે છે. આવા કેટલાક શે'ર –

**"લાગણીનો કાગડો નાખે હવે ક્યાં કાંકરા ?**
**એમની ભીતર ઘડામાં સ્હેજ પણ પાણી નથી." (પૃ. ૦૪)**

**"આ વખત પાણી નહીં પણ જિંદગી ડ્હોળાઈ છે મિત્રો,**
**સ્વચ્છ એને રાખવા માટે ફટકડી કામ નૈં આવે." (પૃ. ૬૨)**

**"લાગણીઓ, પ્રેમ, ઇચ્છા નામની સૌ યોજનાઓ,**
**શી ખબર કે આપણા મનમાં કઈ સરકાર મૂકે છે ?" (પૃ. ૬૬)**

આ ત્રણે શે'ર લાગણીહીન થઈ ગયેલા સમાજ પ્રત્યે પણ નિર્દેશ કરે છે. એવા સમાજને કારણે જીવન એવું ડહોળાયું છે, કે કોઈ ફટકડી એને સ્વચ્છ કરી શકે એમ નથી. ફટકડીની ક્ષમતા પાણી શુદ્ધ કરવા સુધીની છે, પણ જિંદગી શુદ્ધ કરવા ? – આવી અભિવ્યક્તિઓ પણ અનિલને અન્ય ગઝલકારોથી જુદો તારવે છે.

આગળ કહ્યું છે તેમ દ્વિરુક્ત પ્રયોગોનું એને વળગણ છે એમ અમુક પ્રકારના કાફિયા– 'વાદળ, કાગળ, ઝાકળ'–નું પણ એને વળગણ રહ્યું છે. એમ જ 'આંસુ', 'હવા', 'પવન', 'અંધકાર' વગેરે કલ્પનપ્રતીકોનું વળગણ જોવા મળે છે. આ સંગ્રહમાં 'છીએ વધારે કૈં નથી', 'અને ચાલ્યો ગયો ને કૈં ખબર પણ ના પડી', 'ને અચાનક આગ લાગે', 'કામ સોંપ્યું', 'આપણે શીખ્યા છીએ', 'રહ્યા છે તે છતાં હું એમનો એમ જ ઊભો છું', 'શકાતી હોત તો શું જોઈતું'તું' નવી અને લાંદી રદીફો જોવા મળે છે. આવી રદીફોનાં વિનિયોગથી પ્રગટ થતા શે'ર-

**"કાયમી પીડા મને તેં સાંખવાનું કામ સોંપ્યું;**
**આગ કાગળના પડીકે બાંધવાનું કામ સોંપ્યું !"** (પૃ. ૩૬)

**"હજી હમણાં સુધી જેને તણખલું બોલતાં પણ ઠીક આવડતું ન'તું,**
**એ માણસ શ્હેર સળગાવી અને ચાલ્યો ગયો ને**
**કૈં ખબર પણ ના પડી."** (પૃ. ૨૫)

'ચાલો રમીએ મીરાં મીરાં' રદીફ ભલે જુદી હોય પણ એ સમગ્ર રચના ગઝલ બનતી નથી, મીરાં પ્રત્યેની એ એક ભક્તિમય રજૂઆત બની રહે છે. 'બધુંય છે જ તો પછી અહીં જ આવશે' રદીફવાળી પૃ. ૪૫ પરની ગઝલના રદીફમાં 'ય' અને બે વખત 'જ' નિપાતના વિનિયોગથી આખી રદીફ લપટી પડી જાય છે અને નુકસાન આખી ગઝલે ભોગવવાનું આવે છે.

અનિલને રમલ બહેરનાં વિવિધ આવર્તનો અને 'ગાગાગાગા'નાં વિવિધ આવર્તનોમાં ગઝલની રચના કરવાનું વધારે ફાવ્યું છે. પરંતુ છંદસફાઈ પરત્વે પણ ધ્યાન રાખવા જેવું છે. પૃ. ૦૪ પરની ગઝલનો છંદ 'ગાલગાગા ગાલગાગા ગાલગાગા, ગાલગા' છે. આ ગઝલનો અંતિમ શેર જુઓ –

**'સ્હેજ ચૂમું પાની તરત છીપે તરસ, પણ તે છતાં;**
**ફર્ક તો પડશે જ, કારણ કે ચરણ પાણી નથી.'**

અહીં પહેલી પંક્તિનો છંદ 'ગાલગાગા ગાગાલગા ગાગાલગા ગાગાલગા' થાય છે. ટૂંકમાં, આખો છંદ બદલાયો છે.

કવિને નિજી જીવનમાં સંઘર્ષનો સામનો કરવાનો આવ્યો હશે, એકથી વધુ પ્રકારનાં દુઃખોનો અનુભવ પણ થયો હશે પરંતુ ગઝલમાં એની વારંવાર થતી રજૂઆત ક્યારેક અતિરંજકતામાં પરિણમે છે. બાકી, અનિલ સંગ્રહના પ્રથમ શે'રમાં જ કહે છે-

**''જ્યારથી એ જણ કશાની શોધમાં છે;**
**ત્યારથી આખું જગત વિરોધમાં છે.'' (પૃ. ૧)**

જે કશાની શોધમાં છે, સમાજ એના વિરોધમાં રહેવાનો એ કડવી વાસ્તવિકતા અનિલે સ્વીકારી છે, અને આ સ્વીકાર જ એને અલગ ગઝલકાર બનાવે છે. 'સવાર લઈને' આવેલો આ ગઝલકાર મારો સમકાલીન છે, એનો પણ આનંદ છે !

18

## સાભાર સ્વીકાર

### કવિતા

**મધુરા** : ડૉ. દિવ્યાક્ષી શુક્લ, ૨૦૧૨, નીજુ પ્રકાશન, વડોદરા, પૃ. ૨૦+૧૦૮, રૂ. ૧૨૦/- (૨૦૭) **ચાક્ષુષ** : ડૉ. દિવ્યાક્ષી શુક્લ, ૨૦૧૨, નીજુ પ્રકાશન, વડોદરા, પૃ. ૧૪+૫૪, રૂ. ૫૦/- (૨૦૮) **મારાં ૫૦૦૦ હાઈકુ** : પ્રા. મુકુંદ બ્રહ્મક્ષત્રિય, ૨૦૧૩, લેખક પોતે, પૃ. ૬+૧૦૨, રૂ. ૨૫૦/- (૨૦૯) **એક શોધપર્વ** : રાજેન્દ્ર પટેલ, ૨૦૧૩, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, પૃ. ૧૪+૮૧, રૂ. ૧૦૦/- (૨૧૦) **એક કપ કૉફી કપ અને** : દિનેશ કાનાણી, ૨૦૧૩, લેખક પોતે, શ્રીરામ, ૭, નારાયણનગર, રાજકોટ-૧, પૃ. ૧૦+૧૦૨, રૂ. ૧૧૧/- (૨૧૧) **અમથું તોયે ગમતું** : ડૉ. જગદીપ નાણાવટી, ૨૦૧૩, પ્રવીણ પ્રકાશન, પ્રા. લિ., રાજકોટ, પૃ. ૧૧૨, રૂ. ૧૦૦/- (૨૧૨) **મા તું માનસરોવર ભા. ૨** : સંપા. હસમુખ શાહ, ૨૦૧૩, હાર્મોનિકા પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૭+૬૩, રૂ. ૭૫/-

# આવરણચિત્ર : આસ્વાદનોંધ

પીયૂષ ઠક્કર

કળાકૃતિનું શીર્ષક : GENERALS AND TROPHIES/સેનાપતિઓ અને ચંદ્રકો
કળાકાર : કે. જી. સુબ્રહ્મણ્યન્ (જ. ૧૯૨૪, કુથપરામ્બા, કેરળ)
માધ્યમ : Terracotta / પકવેલી માટી
માપ : ૬૨ x ૬૨ સે. મિ.
વર્ષ : ૧૯૭૧
સંગ્રહ : ઇબ્રાહીમ અલ્કાઝી

**આવરણશિલ્પ વિશે :**

આપણે સૌ માટીથી રમ્યા છીએ. માટીમાં રમ્યા છીએ. માટીથી ખરડાયા છીએ. (ઘણાયે તો માટી પણ ખાધી હશે.) માટીમય થયા છીએ. બાળપણથી તે વૃદ્ધાવસ્થાના ઉંબરે પહોંચતાં તો માટીનાં કેટકેટલાં રૂપોનો આપણને સાક્ષાત્કાર થાય છે. આપણી ભજન પરંપરામાં માટીનું રૂપક આપણા દેહ સાથે જાણે અવિનાભાવે જોડાયેલું મળે છે. માટીની આવી જ એક વિલક્ષણ સરજતની વાત આ વખતે કરવી છે.

આવરણ પર મૂકવામાં આવેલી કલાકૃતિની છબી એક અર્ધમૂર્ત (relief) શિલ્પની છે. પકવેલી માટીમાં રચાયેલા શિલ્પની છબી. માટીની જાડી-પાતળી કતરણો/પરતો (Slab)ના સંયોજનમાં રચાયેલું આ શિલ્પ છે. ૧૯૭૧ના બાંગ્લાદેશના યુદ્ધની તારાજીથી વ્યથિત થયેલા કળાકારે ત્રણ અર્ધપૂર્ત શિલ્પોની રચના કરી એમાંનું આ એક શિલ્પ છે, 'સેનાપતિઓ અને ચંદ્રકો.' કળાકાર કહે છે કે, 'સેનાપતિઓને સંહાર કરવામાં રસ હોય છે. કેટલા મર્યા અને કેટલા ઘાયલ થયા એ જ જાણે કે મહત્ત્વની બાબત એમના માટે બની જાય છે. એક જ માપનાં નવ સપ્રમાણ ચોરસનો સમુચ્ચય પીઠીકા રૂપે અહીં ખપમાં લેવાયો છે. એમાંની પહેલી હરોળમાં એક તરફ ત્રણ ચહેરા છે. ત્રણ સેનાપતિઓના ઘાતકી, ક્રૂર, ડાઘિયા ચહેરા. ભયાનક હાસ્યથી ખળભળતા. તો બીજી તરફ દૈહિકતા અને ભૌતિકતા બન્નેમાં નગણ્ય કહેવાય એવા ભાવહીન નિષ્ક્રિય છતાપાટ પડેલા દેહ. આપણને પ્રશ્ન થાય કે શું આ મૃતકોના દેહ છે કે પછી નવજાત શિશુના? શિલ્પકારે અહીં  પ્રશ્નવાચક વિરોધાભાસ રચીને પરિસ્થિતિની વક્રતાને ઉપસાવી છે.

આછા હળવા દાબથી તો ક્યાંક આછા ઉઠાવથી તો ક્યાંક સમતલ પથરાટથી પ્રસ્તુત શિલ્પમાંની માટીની પાતળી પરતો બોલકી બની છે. ત્રણે ચહેરાઓ અલગ ને

ચહેરા પરની ક્રૂરતા અદકી ને ઉત્કટ. અહીં બોલીવુડ ફિલ્મોના વિલનોની મુખાકૃતિઓનું કે ફ્રાન્સિસ ન્યૂટન સૂઝા (૧૯૨૪ -૨૦૦૨) એ સાહીપેનમાં રચેલા રેખાંકનો, 'આપણા સમયના છ સજ્જનો', ૧૯૫૫નું ભાવકને સહેજેય સ્મરણ તાજું થાય. સૂઝા કે સુબ્રહ્મણ્યને પોતપોતાની પસંદગીના માધ્યમોમાં જાણે ટ્રેજિક અને કોમિકનું વિલક્ષણ મિશ્રણ કર્યું છે. જો કે માટીની ખૂબી એ છે કે એમાં લવચીકતા, કોમળતા, કઠણતા અને ચિકાશ બધું એક સાથે હોય છે. એક વાર્તાલાપમાં કળાકાર કહે છે કે, 'માટીમાં કામ કરતા હો તો જાણે પોતાની ચામડીને લઈને કામ કરતા હો એવો અનુભવ થાય. પકવેલી માટીમાં તો ચામડી સાથેની સાદૃશ્યતા ઓર વધી જાય છે. ખાસ કરીને એમાંની તડો ને એમાં પડેલા કાપાને કારણે. પકવેલી માટીમાં એકાધિક અર્ધમૂર્ત શિલ્પો કળાકારે એ પછી પણ કર્યાં છે.

**કળાકાર વિશે :**

કે. જી. સુબ્રહ્મણ્યન્ એટલે કે મણિસાહેબ/ મણિસર. મણિ એટલે સુબ્રહ્મણ્યન્‌નું ટૂંકાવેલું લાડકું નામ. ચિત્રકાર, મ્યૂરલિસ્ટ, કળામર્મજ્ઞ, કળાવિદ, કળા અધ્યાપક, અનુવાદક, બાળવાર્તાકાર, બાળવાર્તાઓના આલેખક, વિસ્મયકારક રમકડાં બનાવનાર મૌલિક સર્જક, કવિ, નાટકોના પડદાથી માંડી ને નાટકોની વેશભૂષાના ડિઝાયનર, કુશળ સંસ્થાસંચાલક – એમ કેટકટલી ઓળખો આ શખ્સિયત સાથે જોડાયેલી છે. સમાજના વિભિન્ન થરોમાં કળાનો પ્રવેશ કરાવવા માટે આ કળાકારે કળાનાં ઉપલબ્ધ અનેકાનેક માધ્યમો અજમાવી જોયાં અને એ સાથે એમણે નવતર માધ્યમો વિકસાવ્યાં પણ ખરા. લોકકળા અને કારીગરી અને પ્રશિષ્ટ કળા જેવા બંધિયાર ચોકઠાંઓમાંથી પોતાની કળાને મુક્ત રાખી અને બહોળા સમાજ સાથે અનેક રીતે જોડાવાના એમણે રસ્તા શોધ્યા.

યુવાનીમાં તેઓ અર્થશાસ્ત્રના વિદ્યાર્થી હતા ત્યારે સ્વાતંત્ર્યની ચળવળના રંગે રંગાયા, ને જેલ પણ જઈ આવ્યા, પરિણામે આગળ અર્થશાસ્ત્રનો અભ્યાસ ચલાવવો અશક્ય બન્યો. ચિત્રકળામાં દૃષ્ટિ હતી જ. શાંતિનિકેતનમાં કળાભવનના આચાર્ય નન્દલાલ બસુ(૧૮૮૩-૧૯૬૬) ને મોટાભાઈએ પરિસ્થિતિની રજુઆત કરતો પત્ર લખ્યો. નન્દબાબુએ આવકાર આપ્યો ને કે. જી. સુબ્રહ્મણ્યન્ કળાના રસ્તે વળ્યા. નન્દલાલ બસુ, વિનોદવિહારી મુખરજી(૧૯૦૪-૧૯૮૦) અને રામકિંકર બૈજ(૧૯૧૦-૧૯૮૦) જેવા સમર્થ કળાગુરુનો સંસર્ગ સાંપડ્યો અને એમણે પોતાનો વિકાસ સાધ્યો. વડોદરા અને શાંતિનિકેતનમાં કળાના અધ્યાપક તરીકેની એમની યશસ્વી કારકિર્દીની દ્યોતક છે દેશ-પરદેશમાં નોંધપાત્ર સર્જન કરી રહેલાં અસંખ્ય કળાકારોની ઉપસ્થિતિ.

એમની કળાના દેશ-વિદેશમાં અનેક પ્રદર્શનો આયોજિત થયા છે. વર્ષ ૧૯૭૫માં ભારત સરકારે એમને પદ્મશ્રીના નાગરિક સન્માનથી વિભૂષિત કર્યા. વર્ષ ૨૦૦૬માં પદ્મભૂષણના સન્માનથી તેઓ સન્માનિત થયા અને વર્ષ ૨૦૧૪માં ભારત સરકારે એમનું પદ્મવિભૂષણથી સન્માન કર્યું. બીજા અનેક સન્માનોથી તેઓ વિભૂષિત થતા રહ્યા છે.

ગુજરાતને એમણે ઉત્તમ કળાકૃતિઓ દ્વારા અને ગુલામમોહમ્મદ શેખ, જ્યોતિ ભટ્ટથી લઈને ઇન્દ્રપ્રમિત રાય જેવા પ્રશસ્ત કળાકારો અને કળાઅધ્યાપકો જેવા શિષ્યો દ્વારા અલંકૃત કર્યું છે. ૯૧ વર્ષની જૈફ વયે પણ તેઓ ચિત્રકલાસર્જનમાં વ્યસ્ત છે. હાલ તેઓ વડોદરામાં નિવાસ કરી રહ્યા છે.

સંદર્ભ :


૧. Siva Kumar, R. *K. G. Subramanyan: A Retrospective.* New Delhi: National Gallery of Modern Art, ૨૦૦૩. Print.

૨. http://www.webofstories.com


કળાકારનું સરનામું : ૧૧ ધનુષ્ય સોસાઇટી, સમા રોડ, વડોદરા ૩૯૦ ૦૦૮. ગુજરાત

## સાભાર સ્વીકાર

### પ્રકીર્ણ

(૨૧૩) **પુષ્ટિ યાત્રા** : બંસીલાલ જી. શાહ, ૨૦૧૨, કુસુમ પ્રકાશન, અમદાવાદ, પૃ. ૬+૧૩૨, રૂ. ૧૦૦/- (૨૧૪) **છતાંયે** : જે. એન. શેલત, ૨૦૧૨, લેખક પોતે સી/૧૨, રીનાપાર્ક, તીથલ રોડ, વલસાડ, પૃ. ૮+૩૭૨, રૂ. Nil (૨૧૫) **જ્ઞાનતીર્થની યાત્રા** : પૂ.આ.શ્રી યશોવર્મ સૂરિજી મ.સા., પૂ. આ. શ્રી સોમચંદ્રસૂરિજી મ.સા. ૨૦૧૨, પ્રકાશક ડૉ. કવિન શાહ, ૧૦૩/સી, જીવન જ્યોત એપાર્ટમેન્ટ, વખારીયા બંદર રોડ, બીલીમોરા, પૃ. ૩૮+૨૮૨, રૂ. ૨૦૦/- (૨૧૬) **વિપયો સમાંવલ્લ** : જે. એન. શેલત, ૨૦૧૨, લેખક પોતે, સી-૧/૨, રીનાપાર્ક, તીથલ રોડ, વલસાડ૦૩૯૬૦૦૧, પૃ. ૬+૨૨૪, રૂ. Nil (૨૧૭) **પ્રીતિ પ્રપંચે** : જે. એન. શેલત, ૨૦૧૨, લેખક પોતે, સી-૧/૨, રીનાપાર્ક, તીથલ રોડ, વલસાડ, પૃ. ૬+૨૨૮, રૂ. Nil (૨૧૮) **મનોવિકાસ** : (ધીમો વિકાસ ધરાવતા બાળકો વિશે માહિતી) ડૉ. સુભાષ આપ્ટે, ૨૦૧૩, આલોક પ્રકાશન, અમદાવાદ, પૃ. ૫૭, રૂ. ૪૦/- (૨૧૯) **SMS (એસએમએસ) શરીફા વીજળીવાળાના** : ૨૦૧૨, નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ, પૃ. ૮+૭૨, રૂ. ૧૦૦/- (૨૨૦) **કચ્છનો સર્વાંગી ઇતિહાસ ભા. ૧** : ૨૦૧૨, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પૃ. ૧૨+૨૫૬, રૂ. ૩૫૦/- (૨૨૧) **કચ્છનો સર્વાંગી ઇતિહાસ ભા. ૨** : ૨૦૧૨, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પૃ. ૬+૨૭૪, રૂ. ૩૫૦/- (૨૨૨) **વહાલી દીકરીને** : જયવતી કાજી, ૨૦૧૨, નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ, પૃ. ૧૨+૧૧૮, રૂ. ૨૦૦/- (૨૨૩) **વિકાસની કેડી પ્રશ્નોની સીડી** : હસમુખ પટેલ, ૨૦૧૨, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પૃ. ૧૬+૨૧૨, રૂ. ૧૦૦/-

# પત્રસેતુ

**દીપક મહેતા**

તંત્રીશ્રી 'પરબ',

છેલ્લા કેટલાક મહિનાથી પ્રદીપ ખાંડવાળાના પુસ્તક નિમિત્તે લિપિફેર વિશે જે લંબાણભરી ચર્ચા ચાલી રહી છે તેના અનુસંધાનમાં આ લખું છું.

૧. 'ટ્રાન્સલિટરેશન' માટે 'લિપ્યંતરણ' જેવો જડબાતોડ પર્યાય વાપરવાને બદલે 'હવાફેર' જેવો 'લિપિફેર' કે 'ભોંયબદલો' જેવો 'લિપિબદલો' શબ્દ આપણે કેમ ન વાપરીએ ? અંગ્રેજીના પર્યાયો સંસ્કૃતમાંથી જ આયાત કરવાનો કે ઉપજાવવાનો આગ્રહ શા માટે ?

૨. લિપિફેર અંગે એક એક અક્ષર માટે 'આમ થઈ શકે' 'આમ ન થઈ શકે' એવી ચર્ચા કરવાની જરૂર છે ખરી ? જો આપણે લિપિફેરને ગંભીરતાથી લેવા માગતા હોઈએ તો તે અંગે કેટલીક સુસ્થાપિત, વ્યાપકપણે સ્વીકૃત એવી પદ્ધતિઓ ઘણા લાંબા વખતથી અસ્તિત્વમાં છે જ, અને તેમાંની કોઈ પણ એક પદ્ધતિ સ્વીકારી હોય તો નાહકની ચર્ચામાં ઊતરવું ન પડે – ન કોઈ પુસ્તકના કર્તાએ કે ન કોઈ સમીક્ષકે. વળી આ પદ્ધતિઓ માત્ર ગુજરાતી પૂરતી સીમિત નથી. પણ જે ભાષાઓની લિપિના મૂળમાં દેવનાગરી લિપિ રહેલી છે તે બધી માટે વાપરી શકાય છે.

૩. આવી ત્રણ મુખ્ય પદ્ધતિઓ અત્યારે પ્રચલિત છે પહેલી છે ISO ૧૫૯૧૯. અનેક જુદી જુદી બાબતો અંગે આંતરરાષ્ટ્રીય સ્તરે ધોરણો નક્કી કરી આપનાર ઇન્ટરનૅશનલ સ્ટૅન્ડર્ડ્ઝ ઓર્ગનિઝેશને ભારતીય ઉપખંડની દેવનાગરીમૂલક લિપિઓ માટે આ ધોરણ તૈયાર કર્યું છે. પણ આપણા દેશમાં વ્યવહારમાં તેનો ઉપોગ થતો નથી કારણ તેનો ઉપયોગ કરવા માટે દર વખતે એ સંસ્થાને રૉયલ્ટીની રકમ ચૂકવવી પડે છે. તેમણે તૈયાર કરેલો કોઠો કમ્પ્યૂટર પર ડાઉનલોડ કરવા માટે પણ રકમ ચૂકવવી પડે છે. એટલે તેનો ઉપયોગ નહીંવત્ પણ નથી.

બીજી પદ્ધતિ છે ALA-LC પદ્ધતિ. અમેરિકન લાઇબ્રેરી એસોસિયેશન (ALA) અને લાઇબ્રેરી ઑફ કૉંગ્રેસ (LC) દ્વારા સંયુક્તપણે વિકસાવાયેલી આ પદ્ધતિ અમેરિકામાં વધુ વપરાય છે. તેનો ઉપયોગ વિનામૂલ્યે કોઈ પણ કરી શકે છે. ત્રીજી પદ્ધતિ હન્ટેરિયન પદ્ધતિ તરીકે ઓળખાય છે. તેનો ઉપયોગ પણ વિના મૂલ્યે કરી શકાય છે. સર વિલિયમ વિલ્સન હન્ટર (૧૮૪૦-૧૯૦૦) દ્વારા આ

પદ્ધતિ વિકસાવાઈ હતી. બ્રિટીશ સરકારના સનદી અધિકારી તરીકે તેમણે ઘણાં વર્ષો ભારતમાં ગાળ્યાં હતાં અને આપણી ઘણી ભાષાઓના જાણકાર હતા. 'અ કમ્પેરિટિવ ડિક્ષનરી ઑફ ધ લૅન્ગવેજીસ ઑફ ઇન્ડિયા ઍન્ડ હાઈ એશિયા' નામનો બૃહદ શબ્દકોશ તેમણે તૈયાર કર્યો. તેમણે સર્વેયર જનરલ ઑફ ઇન્ડિયા તરીકે પણ કામ કર્યું હતું. ૨૬ ભાગમાં પ્રગટ થયેલ 'ઇમ્પિરિયલ ગેઝેટ ઑફ ઇન્ડિયા'માં ભારતીય નામો લખતી વખતે લિપિફેર માટે એક ચોક્કસ ધોરણ અપનાવવાની જરૂર સમજાઈ. તેથી હંટરે આ પદ્ધતિ વિકસાવી. બ્રિટિશ સરકારે તેને માન્યતા આપી અને તેનો વ્યાપકપણે એ ગેઝેટમાં ઉપયોગ થયો. પણ 'આ તો સામ્રાજ્યવાદીઓએ વિકસાવેલી પદ્ધતિ છે' એવી સૂગ રાખવાની જરૂર નથી. આઝાદી પછીની ભારત સરકારે અને દિલ્હીની સાહિત્ય અકાદેમીએ પણ લિપિફેર માટે આ પદ્ધતિને સ્વીકૃતિ આપી છે.

૪. ખરું જોતાં ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય અકાદમી, ગુજરાત વિદ્યાસભા, ગુજરાતી વિશ્વકોશ, ગુજરાતી લેક્સિકન ડોટ કોમ જેવી સંસ્થાઓએ, જાણીતા પ્રકાશકોએ, સામયિકોએ, વર્તમાનપત્રોએ આ પદ્ધતિને સ્વીકૃતિ આપવાનું તથા તેનો ઉપયોગ કરવાનું જાહેર કરવું જોઈએ. તો પછી એક એક અક્ષર માટે વાદ-વિવાદ કરવાની જરૂર નહિ રહે. લેખકે માત્ર એટલું જ જણાવવાનું રહે કે તેણે લિપિફેર માટે હન્ટેરિયન પદ્ધતિ અપનાવી છે કે નહિ, અને ન અપનાવી હોય તો શાથી. આમ કરવાથી ઘણાં બધાંનાં અને ઘણાં બધાં શ્રમ, સમય, શક્તિ અને કાગળ બચી જાય.

કુશળ હશો.

18

## સાભાર સ્વીકાર

### પ્રકીર્ણ

(૨૨૪) **ગુજરાતનાં સંગીતકારરત્નો** : હસુ યાજ્ઞિક, ૨૦૧૨, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પૃ. ૮+૧૨૦, રૂ. ૧૦૦/- (૨૨૫) **ક્રાંતિકથાઓ** : સ્વામી સચ્ચિદાનંદ ૨૦૧૩, ગૂર્જર સાહિત્ય ભવન, પૃ. ૧૪+૨૬૨, રૂ. ૧૩૦/- (૨૨૬) **દૃષ્ટિમંગલ** : મોહનલાલ મહેતા 'સોપાન' ૨૦૧૨, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, પૃ. ૪+૧૮૬, રૂ. ૧૭૫/-



# આપણી વાત

**સંકલન : પ્રફુલ્લ રાવલ**

પરિષદની પરંપરા રહી છે કે સાહિત્યનાં વિવિધ સ્વરૂપો વિશે અવારનવાર પરિસંવાદો અને એ અંગેની ચર્ચાવિચારણા થતી રહી છે. આ સંદર્ભે તા. ૨૯-૩૦ માર્ચના રોજ સૂરતમાં હાસ્યસાહિત્ય અંગેનો એક પરિસંવાદ યોજાઈ ગયો. ૨૯મી તારીખે ઉદ્‌ઘાટન-બેઠકમાં હાસ્યસત્રની ભૂમિકા શ્રી નીતિન વડગામાએ દર્શાવી અને શ્રી ભગવતીકુમાર શર્માના હસ્તે દીપપ્રાગટ્ય કરી બેઠકનું ઉદ્‌ઘાટન કર્યું. શ્રી ભગવતીકુમાર શર્માએ ઉદ્‌ઘાટન-વક્તવ્ય આપ્યું અને શ્રી રતિલાલ બોરીસાગરે બીજ-વક્તવ્ય આપ્યું તેમ જ અધ્યક્ષસ્થાનેથી પરિષદ પ્રમુખશ્રી ધીરુ પરીખે હાસ્ય સંદર્ભે વક્તવ્ય આપ્યું. કાર્યક્રમનું સંચાલન શ્રી જનક નાયકે કર્યું. ત્યારપછીની પ્રથમ બેઠકમાં અધ્યક્ષસ્થાને શ્રી રઘુવીર ચૌધરી હતા અને શ્રી વિજય શાસ્ત્રી, શ્રી હરિકૃષ્ણ પાઠક, શ્રી સતીશ વ્યાસ અને શ્રી પ્રફુલ્લ રાવલે અનુક્રમે ‘અમે બધા’, ‘ન.પ્ર. બૂચનાં પ્રતિકાવ્યો’, ‘શેક્સપિયરનું શ્રાદ્ધ’ અને ‘અંગપચીસી’ વિશે વક્તવ્ય રજૂ કર્યાં. સંચાલન ડૉ. પ્રફુલ્લ દેસાઈએ કર્યું હતું. રાત્રે હાસ્યકવિસંમેલન યોજાયું તેનું સંચાલન રઈશ મનીયારે કર્યું હતું. તેમાં નયન હ. દેસાઈ, રવીન્દ્ર પારેખ, બકુલેશ દેસાઈ, કિરણસિંહ ચૌહાણ, પ્રજ્ઞા વશી અને હરિકૃષ્ણ પાઠકે હાસ્ય કવિતાનો પાઠ કર્યો હતો. બીજા દિવસે ૩૦મી માર્ચ રવિવારના રોજ રવીન્દ્ર પારેખની અધ્યક્ષતામાં ધ્વનિલ પારેખ, પ્રજ્ઞા વશી, રમેશ મહેતા, સંધ્યા ભટ્ટ, રવીન્દ્ર પારેખ અને રઘુવીર ચૌધરીએ અનુક્રમે ‘ચાંદરણાં’, ‘એકલવ્ય’, ‘ભજઆનંદમ્’, ‘વિનોદ કથાઓ’, ‘અડવા પચીસી’ અને ‘આપણો ઘડીક સંઘ’ વિશે વક્તવ્યો આપ્યાં હતાં. આ બેઠકનું સંચાલન જનક નાયકે કર્યું હતું.

બે દિવસના આ હાસ્યસત્રમાં સૂરતના સાહિત્યરસિકોએ હાજરી આપી હતી. અને સૌ વક્તાઓ બે દિવસ રોકાયા હતા. આ સત્ર અત્યંત સફળ થયું હતું અને હાસ્યની વિવિધ કૃતિઓ તેમ જ સર્જકો વિશે વાત થઈ હતી.

પરિષદ હવે પછી પણ વિવિધ કાર્યક્રમો કરવાની છે. તેમાં રમેશ કથા, ઉપેન્દ્ર ત્રિવેદીનું વાર્તાપઠન, લેખિકાઓની વાર્તાશિબિર ઇત્યાદિ કાર્યક્રમો થવાના છે.

પરિષદે ‘એકત્ર’ નામક સંસ્થા સાથે ઇ-બુકમાં જોડાવાનું પણ વિચાર્યું છે અને ‘ગ્રંથવિહાર’ને નવા સ્વરૂપે મૂકવાનું આયોજન થઈ રહ્યું છે.

– પ્રફુલ્લ રાવલ

## પાક્ષિકી

તા. ૩-૪-૨૦૧૪ના રોજ રાજેન્દ્ર પટેલે મોહન પરમારની વાર્તા ‘વરસાદ’નો

આસ્વાદ કરાવ્યો હતો. અને વિજય સોનીએ મૌલિક વાર્તા 'વૉર્ડ નં.૬'નું પઠન કર્યું હતું. તા. ૧૭-૪-૨૦૧૪ના રોજ વાર્તાકાર હસમુખ રાવલે 'પ્રેત યોનિ' વાર્તા વાંચી હતી. જેમાં વૃદ્ધ અને એકલવાયા વ્યક્તિની કથા રજૂ કરી હતી. વાર્તાની શરૂઆત રસપ્રદ હતી. વાર્તાસંદર્ભની ચર્ચામાં રમેશ દવેએ વાર્તાની ખૂબીઓની ચર્ચા કરી હતી. આ ઉપરાંત બિપીન પટેલે સર્જક શ્રી કિરીટ દૂધાતની 'એક બપોરે' વાર્તાનું સરસ રસદર્શન કરાવ્યું હતું.

### રવીન્દ્રભવન અંતર્ગત

નિરંજન ભગતની આગેવાની હેઠળ રવીન્દ્રનાથના સાહિત્યને ફેલાવવાનું કામ રવીન્દ્રભવન દ્વારા કરવામાં આવે છે. જેના અંતર્ગત ગુજરાતી સાહિત્ય પરિષદમાં સુજ્ઞા શાહ અને શૈલેશ પારેખે તા. ૧૭-૪-૨૦૧૪ના રોજ 'હુ હાઉ ટ્વીટ', 'વાઘની વાર્તા', 'તે કન્યા જોવા જાય છે', 'તેનો ચહેરો ખોવાઈ જાય છે', 'તેનું બ્રેઇન ટ્રાન્સપ્લાન્ટ' અને 'બેસુરાની પ્રચંડ શક્તિ' જેવી વાર્તાઓનું વાચિકમ્ કર્યું હતું જે વાર્તાઓમાં લેખકે સમાજના કુરિવાજો પર કટાક્ષ કર્યો છે.

## પરિષદના આગામી કાર્યક્રમો

### એનીબહેન સરૈયા લેખિકા પ્રોત્સાહનનિધિ

સંયોજક : પારુલ કંદર્પ દેસાઈ, પ્રજ્ઞા પટેલ. તા. ૧૮-૫-૨૦૧૪ના રોજ જાણીતા વાર્તાકાર, રમેશ ર. દવે, કિરીટ દૂધાત અને બિંદુ ભટ્ટની હાજરીમાં વાર્તાશિબિર પછી બહેનો દ્વારા લખાયેલી વાર્તાનું પઠન અને ચર્ચા. સમય : બપોરે ૧-૦૦ થી ૪-૦૦.

### પાક્ષિકી

સંયોજક : દીવાન ઠાકોર. તા. ૧-૫-૨૦૧૪, ગુરુવારે સાંજે ૬-૦૦ વાગે પૂજા તત્સત વાર્તાનું પઠન કરશે અને રમેશ ર. દવેની વાર્તાનો હરીશ ખત્રી આસ્વાદ કરાવશે. તા. ૧૫-૫-૨૦૧૪ના ગુરુવારે સાંજે ૬-૦૦ વાગે રાજેશ અંતાણી મૌલિક વાર્તાનું પઠન કરશે અને અજય રાવલ અન્ય સર્જકની વાર્તાનો આસ્વાદ કરાવશે.

### વિશ્વ કવિતા કેન્દ્ર

તા. ૭,૧૪,૨૧-૫-૨૦૧૪, બુધવારે સાંજે ૭-૦૦ વાગે બુધસભા. અને ૨૮-૫-૨૦૧૪ના રોજ વ્યાખ્યાન.

### ગુજરાત યુનિવર્સિટીમાન્ય પત્રકારત્વ અને અનુવાદના અભ્યાસક્રમ

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક. લા. સ્વાધ્યાયમંદિર દ્વારા ગુજરાત યુનિવર્સિટીમાન્ય છ-માસિક પત્રકારત્વ અને અનુવાદના પ્રમાણપત્ર અભ્યાસક્રમના વર્ગોનું સત્ર ૧૫ જુલાઈ, ૨૦૧૪થી શરૂ થશે. અભ્યાસક્રમમાં જોડાવા ઇચ્છતા

વિદ્યાર્થીઓએ તાત્કાલિક સંપર્ક કરવો. વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ અપાશે. વર્ગો સોમવાર અને મંગળવારે સાંજના ૫.૦૦ થી ૭.૦૦ના સમય દરમિયાન લેવાશે.

સંપર્કસૂત્ર

કાર્યાલય – (૦૭૯) ૨૬૫૮૭૯૪૭

શ્રી ચન્દ્રકાન્ત ભાવસાર (મો) ૯૫૩૭૬૭૧૦૭૩

સ્થળ

ગુજરાતી સાહિત્ય પરિષદ, ટાઈમ્સની પાછળ,

નદીકિનારે, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯

## સાહિત્યવૃત

આનર્ત ગુજરાતીનો અધ્યાપક સંઘ-AGASનું ૧૩મું અધિવેશન યોજાયું

હેમચંદ્રાચાર્ય ઉ.ગુ. યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોના ગુજરાતી વિષયના વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોનું અધીત તેજસ્વી બને એ માટે સતત મથામણ કરતા ને વિદ્યાકીય ઉપક્રમો રચતા આનર્ત ગુજરાતીનો અધ્યાપક સંઘ-AGASનું વાર્ષિક અધિવેશન, મહિલા આટ્‌ર્સ કૉલેજ, વિદ્યાનગરી હિંમતનગરના યજમાનપદે તા. ૨૨-૩-૨૦૧૪ના રોજ યોજાયું હતું જેમાં સર્વશ્રી સુમન શાહ, સતીશ વ્યાસે રસપ્રદ વક્તવ્યો આપ્યાં હતા.

### ગ્રંથવિમર્શ

દર્શક શતાબ્દી મહોત્સવ હેઠળ, દર્શક ફાઉન્ડેશન દ્વારા તા. ૨૨-૩-૨૦૧૪ના રોજ ગ્રંથવિમર્શનો કાર્યક્રમ સાંજે ૫-૦૦ કલાકે ગુજરાતી સાહિત્ય પરિષદમાં યોજવામાં આવ્યો હતો. જેમાં સામાજિક કાર્યકર ડૉ. પ્રકાશ આમટે લિખિત તથા સંજય ભાવે દ્વારા અનૂદિત પુસ્તક 'પ્રકાશની દંડીઓ' વિશે શ્રી રાજેન્દ્ર પટેલ તથા ચિનુભાઈ મોદીના ગઝલસંગ્રહ 'ખારાં ઝરણ વિશે' અશોક ચાવડાએ આસ્વાદમૂલક પ્રવચનો આપ્યાં હતાં. સંજય ભાવેએ પ્રતિભાવમાં અનુવાદ વખતે તેમને થયેલા અનુભવો તેમજ ડૉ. પ્રકાશ આમટે લખેલાં નવાં પુસ્તકો અંગે માહિતી આપી હતી. ચિનુ મોદીએ પસંદગીની ગઝલોનું પઠન કર્યું હતું.

### ટાગોર અને અરવિંદનું કાવ્યદર્શન

તા. ૧૬-૭-૨૦૧૪ના રોજ રાજેન્દ્ર પટેલે ગુજરાત વિશ્વકોશમાં સાંજે ૫-૦૦ વાગે શ્રી અરવિંદ અને રવીન્દ્રનાથ ટાગોરના કાવ્યદર્શન પર વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં તેમણે કહ્યું હતું કે અરવિંદ નવ્યઉષાના કવિ છે, તો રવીન્દ્રનાથ ટાગોર પ્રભાતના કવિ છે.

### આજથી ૩૦૦૦ વર્ષ પહેલાં લુપ્ત થયેલી સરસ્વતીનો પ્રવાહ

શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાનવિજ્ઞાન વ્યાખ્યાન-શ્રેણી અંતર્ગત ઇસરોના નિવૃત્ત

વિજ્ઞાની ડૉ. પી. એસ. ઠક્કરે 'લુપ્ત સરસ્વતીની ખોજ' વિશે વક્તવ્ય આપ્યું હતું. વૈદિક સરસ્વતી નદી કૈલાસ-માનસરોવર વિસ્તારમાં આવેલ ગંગાધર મુખ સરોવરમાંથી ગૌમુખમાંથી નીકળી સપ્તસિંધુ પ્રદેશ એટલે કે તિબેટમાં વહી ઉત્તરાખંડમાં આવતી હતી. ઉત્તરાખંડમાંથી ઉત્તરપ્રદેશમાં વહી છપારામાંથી દક્ષિણ પશ્ચિમ એટલે કે નૈઋર્ત્યમાં વહી સોન નદીના પ્રવાહમાં નર્મદાને મળતી હતી. ત્યારબાદ નર્મદાના પ્રવાહમાં અંકલેશ્વર પાસે દાખલ થઈ પૂર્વ ભાદર અને પશ્ચિમ ભાદરના પ્રવાહમાં વહી ગિરનાર પાસે ઓજત અને સોનરેપ નદીના પ્રવાહમાં વહી અરબી સમુદ્રને મળતી હતી. કોઈ મોટા ધરતીકંપને કારણે સરસ્વતી નદીના પ્રવાહમાં પ્રલયકાળમાં ફેરફાર થતા નર્મદાનો આ પ્રવાહ હીરણ, હાથણી તથા ચંબલ જેવી નદીઓના પ્રવાહમાં વહી મહી નદીના પ્રવાહમાં વહેતો હશે. કવિ ન્હાનાલાલ દલપતરામ લિખિત હરિસંહિતામાં પણ આ વર્ણન જોવા મળે છે. વક્તાનો પરિચય ડૉ. કુમારપાળ દેસાઈએ આપ્યો.

## ગ્રંથ દ્વાદશ લોકાર્પણ

પ્રેમાનંદ સાહિત્ય સભા (વડોદરા)ના ઉપક્રમે શ્રી ચંદ્રકાન્ત રાવનાં બાર પુસ્તકોના લોકાર્પણનો કાર્યક્રમ સિતાંશુ મહેતાની અધ્યક્ષતામાં તા. ૨-૩-૨૦૧૪ના રોજ સંપન્ન થયો હતો જેમાં ત્રણ વાર્તાસંગ્રહો, ત્રણ ચિંતનાત્મક લેખોનાં પુસ્તકો, ચાર કાવ્યસંગ્રહો અને બે બાળકાવ્યસંગ્રહોનાં પુસ્તકોનું તજ્જ્ઞ સાહિત્યકારોને હસ્તે લોકાર્પણ થયું.

## મધુસૂદન કાપડિયાને ૨૦૧૩નો ડાયસ્પોરા રાઇટિંગ એવૉર્ડ

વિદેશમાં રહીને ગુજરાતી ભાષા-સાહિત્યક્ષેત્રે ક્રિયાશીલ સારસ્વતોને 'ગાર્ડી રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ ફૉર ડાયસ્પોરા સ્ટડીઝ' દ્વારા પ્રતિ વર્ષ એનાયત થતો ડાયસ્પોરા લેખન પુરસ્કાર આ વર્ષે અમેરિકા ખાતે છેલ્લા ત્રણેક દાયકાથી ગુજરાતી ડાયસ્પોરા સાહિત્યનું સતત-વિવેચન મૂલ્યાંકન કરી રહેલા વિદ્વાન શ્રી મધુસૂદન કાપડિયાને ૨૦૧૩નો ડાયસ્પોરા રાઇટિંગ એવૉર્ડ એનાયત કરવામાં આવ્યો છે. મધુસૂદન કાપડિયાને અભિનંદન.

## 'સુમન શાહ સર્જકપ્રતિભાવિશેષ' પરિસંવાદ

સુરેશ જોષી પરંપરાના અધ્યાપક, સર્જક અને વિચારક એવા સુમન શાહના પંચોતેરમા વર્ષ નિમિત્તે તેમના વિદ્યાર્થીઓએ 'સુમન શાહના અમૃત પર્વ ઉજવણી વર્ષ'ની ઉજવણી કરવાનું નક્કી કર્યું. એ નિમિત્તે 'સુમન શાહ સર્જકપ્રતિભાવિશેષ પરિસંવાદ'ના આયોજન રૂપે તા. ૨૩-૩-૨૦૧૪ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદના ગોવર્ધનભવનમાં એક દિવસનો પરિસંવાદ યોજાયો હતો. જેમાં સુમનભાઈના વિદ્યાર્થીઓ તથા ચાહકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સર્વશ્રી રાજેન્દ્ર પટેલ, વિનોદ જોશી, અજય રાવલ, જયેશ ભોગાયતા, પારુલ દેસાઈ, જગદીશ ગુર્જર, નરેશ શુક્લ, મણિલાલ પટેલ, કિશોર વ્યાસ, બળવંત જાની, જિજ્ઞેશ બ્રહ્મભટ્ટ, જિતેન મેકવાને વિવિધ સ્વરૂપોમાં

સુમન શાહે કરેલાં સર્જન વિશે વક્તવ્યો આપ્યાં હતાં. તેમજ સર્વશ્રી પી. જે. પટેલ, દીપક પંડ્યા, ભરત મહેતા, ઉમા ચૌધરીએ 'સુમન શાહ અને હું' સંદર્ભે શિક્ષક-વિદ્યાર્થી તરીકેનાં પોતાનાં સ્મરણોને તાજા કર્યાં હતાં. પરિસંવાદના પ્રારંભે સુમન શાહે પોતાની કેફિયત આપી હતી.

## ગુજરાતી ભાષાના સાહિત્યકારો માટે

ગુજરાતી ભાષામાં ઈ.સ. ૨૦૧૪ સુધીમાં જે વિદ્યમાન સાહિત્યકારનું ઓછામાં ઓછું એક પુસ્તક પ્રગટ થયું હોય તે સર્વ ગુજરાતી ભાષાના ગ્રંથકાર-લેખકોને જણાવવામાં આવે છે કે, ગુજરાત સાહિત્ય અકાદમી ડૉ. કિરીટ શુક્લના સંપાદનમાં ગુજરાતી સાહિત્યકાર પરિચયકોશની તૃતીય સંવર્ધિત આવૃત્તિ પ્રગટ કરી રહી છે. તે અન્વયે (૧) પૂરું નામ (૨) ઉપનામ (૩) જન્મ તારીખ, સ્થળ અને વતન (૪) અભ્યાસ અને વ્યવસાય (૫) પ્રકાશિત પુસ્તકોની વિષયવાર સંપૂર્ણ યાદી (આવૃત્તિ તથા પ્રકાશન વર્ષ) સાથે (૬) જે કોઈ પારિતોષિક, એવૉર્ડ, સન્માન વગેરે મળ્યાં હોય તેની વિગતો. (૭) હાલનું સરનામું તથા ટેલિફોન નંબર, ઈ-મેલ સરનામું અને અન્ય વિશેષ જણાવવા જરૂરી લાગતી હોય તેવી વિગતો ડૉ. કિરીટ શુક્લ, ગ્રંથપાલશ્રી, ગુજરાત સાહિત્ય અકાદમી, અભિલેખાગાર ભવન, સેકટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૭ એ સરનામે સંપૂર્ણ માહિતી સાથે કાગળમાં સ્વચ્છ રીતે લખીને gujsahkosh@gmail.comએ ઈ-મેલ સરનામે મોકલવા વિનંતી. અગાઉની માહિતીમાં કોઈ ફેરફાર ન હોય તો બીજી વાર મોકલવાની જરૂર નથી. સુધારા-વધારા અચૂક મોકલવા. અધુરી વિગતોનો સમાવેશ કરવાનો શક્ય નહિ બને તેથી આ અંગેની જરૂરી તમામ વિગતો ઉપરના સરનામે તાત્કાલિક મોકલી આપવા વિનંતિ.

## સ્મિતા પારેખ સાહિત્ય સ્પર્ધાની રૂપરેખા અને શરતો

(૧) અખિલ હિન્દ મહિલા પરિષદ બૃહદ સુરત શાખા ટ્રસ્ટના વાચકમંચના ઉપક્રમે સ્મિતા પારેખ સાહિત્યલેખન સ્પર્ધા થાય તેવું વિચાર્યું છે. તેમાં દર વર્ષે વાર્તાલેખન, ગઝલલેખન અને બાળવાર્તાલેખન એમ ત્રણ પ્રકારની સ્પર્ધાઓ કરવામાં આવશે.

(૨) ત્રણે પ્રકારમાં શ્રેષ્ઠ કૃતિને પારિતોષિક આપવામાં આવશે.

(૩) ગુજરાતીમાં લખતા અને ગુરાતમાં વસતા સર્જકો માટે આ સ્પર્ધા યોજાશે.

(૪) દરેક પ્રકારની કૃતિની મહત્તમ શબ્દમર્યાદા નીચે પ્રમાણે રહેશે.
વાર્તા–૨૦૦૦ શબ્દો, ગઝલ–૧૪ પંક્તિ, બાળવાર્તા–૧૫૦૦ શબ્દો

(૫) દરેક કૃતિને શીર્ષક આપવું જરૂરી છે.

(૬) કૃતિ પર લેખકે પોતાનું નામ લખવું નહિ. કૃતિનું શીર્ષક, નામ, સરનામું, ટેલિફોન નંબર વગેરે અલાયદા કાગળ પર લખવું.

(૭) લખાણ ટાઇપ કરીને મોકલવું ઇચ્છનીય છે. કોઈ સંજોગોમાં ટાઇપ ન થઈ શકે તો સુવાચ્ય અક્ષરે લખેલી કૃતિ પણ ધ્યાનમાં લેવામાં આવશે. કૃતિ કાગળની એક બાજુ લખવાની રહેશે.

(૮) સ્પર્ધકે પોતાની કૃતિની બે નકલ મોકલવાની રહેશે.

(૯) ત્રણે વિભાગની કૃતિઓ દર વર્ષે ૩૧ જુલાઈ સુધીમાં અખિલ હિન્દ મહિલા પરિષદ બૃહદ સુરત શાખા, શાલીભદ્ર કૉમ્પ્લેક્ષ, કાદરશાની નાળ, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧ના સરનામે મોકલવાની રહેશે.

(૧૦) દર વર્ષે નવેમ્બર માસમાં સ્પર્ધાના પરિણામો જાહેર કરવામાં આવશે.

## સ્વ. શ્રી કેશવલાલ ધનેશ્વર દ્વિવેદી વિશે

મુંબઈના એક જમાનાના ખ્યાતનામ ગુજરાતી સાપ્તાહિક 'ચેતમછંદર'ના તંત્રી સ્વ. શ્રી કેશવલાલ ધનેશ્વર દ્વિવેદી (દવે) 'શનિ' જેઓ ચૂડા, જિ. સુરેન્દ્રનગરના વતની હતા. તેઓ સારા કાર્ટૂનિસ્ટ પણ હતા. 'ચેતમછંદર'માં તેમની કટાર 'હાલ્ય ઘોડી હામે પાર' ઘણી લોકપ્રિય થયેલી.

તેમનાં જીવન અને પત્રકારિત્વ વિશે સંશોધનકાર્ય હાથ ધરેલ છે તો તેમના વિશેની આધારભૂત માહિતી અને 'ચેતમછંદર'ના કોઈ અંકો પ્રાપ્ય હોય તો નીચેના સરનામે મોકલવા વિનંતી છે.

નગીન દવે, ૨૪૨, પુષ્કરધામ સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ-૬૦૦૦૫. મો. ૯૪૨૬૯૬૩૧૪૨

# હું વાર્તા લખીશ...

## ડૉ. દષ્ટિ પટેલ

કોઈ સાસુ કે નણંદને ભરોસે રસોડું મૂકીને આવ્યું તો કોક સદ્ભાગીને મમ્મીએ આગ્રહ કરીને મોકલી આપ્યું. કેટલાંકને ઘરે શીતળા સાતમ થઈ તો વળી, એકલપંડે હતાં એમને તો આજે પૂરો દિન મેળાવડાનો નક્કી હતો. પરોઢ થતાં પહેલાં કેટલાંક ભૂજથી રવાના થયાં તો સુરતથી સૂરજદાદાની રાહ જોયા વગર બહાર નીકળી પડનારાંય ઓછાં ન હતાં. નાનાં નગરોનાં ને ગામનાં ને વડોદરાનાંય ખાસ્સાં નીકળ્યાં. અમદાવાદનાંને તો ભાઈ ઘરે જ માંડવો હતો. એટલે બાકી રહે જ શાનાં ? આ ત્રીસ માર્ચના દિનની રાહ કોઈ ત્રીસ દિવસથી તો કોઈક તો આગલા દિવસે ખબર પડતાં જોડાવા અધીરું બન્યું હતું. વાતો તો સહુ કરતું પણ આ વાર્તા કરવાની, લખવાની કેમ ? એ જાણવાની શિબિર અને એય માત્ર બહેનો માટે એટલે ઉત્સાહ કંઈક અનેરો હતો. એક દિનની કાર્યશાળામાં બે-ત્રણ ડઝન તો ભેળાં થશે જ એવો અંદાજ હતો ત્યાં તો

ખાસ્સાં ચાર કોડી ભેળાં થઈ ગયાં.

નદીકિનારે ગોવર્ધન સ્મૃતિમંદિરમાં સાચુકલો મનપાંચમનો મેળો જામ્યો. લાલ-પીળા-લીલા-ગુલાબી રંગોથી સજેલાંઓ અર્ધગોળાકારે ગોઠવેલી બેઠકોમાંથી એકેય ખાલી ન છોડી, અને પ્રારંભ થયો એની સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ અંતર્ગત માત્ર બહેનો માટેની વાર્તાશિબિરનો. પારુલ કં. દેસાઈ અને પ્રજ્ઞા પટેલનાં સંયોજન-આયોજનમાં આ વાર્તાશિબિરનું સંચાલન જાણીતા વાર્તાકાર રમેશ ર. દવે કરશે એવું જાણનારાં સૌના હરખમાં વધારો કરવા વાર્તાકારો સર્વશ્રી બિંદુ ભટ્ટ, કિરીટ દૂધાત અને ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર હર્ષદ ત્રિવેદી પણ આખ્ખો દિવસ સૌનાં સંગાથી બની રહ્યાં.

પ્રારંભે પ્રજ્ઞા પટેલે એની સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ હેઠળ થઈ ચૂકેલા કાર્યક્રમોની વિગતો આપી. સાહિત્ય પરિષદના ઉપપ્રમુખ રાજેન્દ્ર પટેલે નવસર્જકોને પ્રોત્સાહિત, પ્રેરિત કરતી પરિષદપ્રવૃત્તિની વિગતો આપી અને બહેનોની આટલી મોટી સંખ્યા સાહિત્યિક પ્રવૃત્તિમાં જોડાવા ઉત્સુક છે તે જોઈ રાજીપો વ્યક્ત કર્યો.

પારુલ કં. દેસાઈએ એકદિવસીય શિબિરમાં સમાવિષ્ટ વિગતોની રૂપરેખા આપી અને વિશેષ રૂપે એની સરૈયા નિધિ વિશે જણાવ્યું. એંશી બહેનોની વાર્તાશિબિરમાં હાજરી જેટલી પ્રોત્સાહક છે એટલી જ પ્રોત્સાહક હવે પછી નિયમિતપણે યોજાતી વાર્તાશિબિરોની હાજરી પણ હોય એવી અભિલાષા પારુલબહેને વ્યક્ત કરી.

તાલીમ શિબિરની શરૂઆત રમેશભાઈએ દ્વિપક્ષીય સંવાદથી જ કરી. ટૂંકી વાર્તામાં શું શું હોય એ પ્રશ્નનો જવાબ આપવામાં બહેનોને જરાય અગવડ ન પડી. ઘટના, પાત્ર, સંવાદ, સમય-સ્થળ, વર્ણન-કથન વગેરે. તો વાર્તામાં શું શું થાય એના ઉત્તરમાં વાર્તામાં રસ પડે તેવું કશુંક થાય, દૃષ્ટિકોણ બદલાય, સંવાદ-આંતરસંવાદ થાય, કશુંક બને એવી વિગતો સાથે સ્વપ્ન-દિવાસ્વપ્નનો પણ ઉમેરો કરવામાં આવ્યો. ટૂંકી વાર્તામાં કથન કેવી રીતે થાય – વાર્તા કેમ કહેવાય એનો જવાબ રમેશભાઈએ મઠાર્યો – સર્વજ્ઞ, સ્વકથન અને સાક્ષી અર્થાત્ કથક એમ ત્રણ ઘટકો. ચોથો પ્રશ્ન હતો – પાત્ર શું કરે ? વિચાર, વાણી અને વર્ણન અર્થાત્ આંતરસંવાદ, સંવાદ અને ક્રિયા – આ ત્રણ તત્ત્વો પાત્રને ઘડે, વાર્તાને ઘાટ આપે. તરત સમજાયું નહીં પણ એટલે તો વાર્તા વિશે વિવેચન વાંચીને આવેલાં માટે પણ અહીં ઘણું બધું શીખવાનું હતું. પ્રશ્નોત્તરી દરમિયાન મૂંઝવણોના જવાબ મળતા ગયા. આવા અનૌપચારિક – દ્વિમાર્ગીય આદાનપ્રદાનથી બહેનોનો ઉત્સાહ વધ્યો. પ્રારંભે જ વિવેચનની રૂઢ પરિભાષાથી અળગા રહેવાનું સૂચન પુનરાવર્તિત થતું રહ્યું જે આ સાહિત્યસ્વરૂપ વિશેની સમજનો પાયો પાક્કો કરવામાં મદદરૂપ થયું. શિબિરાર્થીઓ બધાં કાંઈ ભાષા કે સાહિત્યનાં અભ્યાસી પણ ન હતાં.

બિન્દુ ભટ્ટે અન્ય ભારતીય ભાષાઓની સરખામણીમાં ગુજરાતીમાં ઘણું સારું લખાય છે એમ ગૌરવભેર કહેવા સાથે (સારું) લખવું સરળ નથી એમ ચોખવટ પણ કરી લીધી. કોઈ પણ સ્ત્રી માટે લખવું એટલે સૌપ્રથમ તો જાત પાસે અનાવૃત્ત થવું

અને સાથે જ જાત અને જગતને નવી દૃષ્ટિથી જોવી એમ બિન્દુબહેને જણાવ્યું લખવું એ સ્ત્રી માટે મુક્તિનો માર્ગ બની શકે. ''ટૂંકી વાર્તામાં ઘટના અને આરંભ'' વિષય સંદર્ભે વાત કરતાં બિન્દુબહેને ક્રિયાવ્યાપાર વચ્ચે કાર્યકારણ સંબંધ હોવો જરૂરી છે એ મુદ્દો ઉપસાવ્યો. વાર્તામાં સ્થૂળ ઘટના કે પ્રસંગોનું જ નિરૂપણ નથી કરવાનું. એક જ ક્રિયાનું પુનરાવર્તન પણ કેવા સંકેતો પ્રગટાવી શકે ? અલબત્ત, ક્રિયાઓ વચ્ચેના અંકોડા મેળવવા પડે. લખવું એટલે જોવું. જુદી રીતે જોવું. આ જુદી રીતે જોવામાં ચેખૉવ કહેતા એમ ''Anything under the sun'' કહેતાં ઇદમ્ સર્વમ્‌નો સમાવેશ થઈ જાય. જ્યાં પણ જીવન છે, વાર્તા છે, ટૂંકી વાર્તા એટલે ઘટના ખરી પણ એટલી ભારેખમ નહીં કે સુરેશ જોશી કહેતાં એમ ઘટનાના ભારે વાર્તા જ ડૂબી જાય ! તો એવી પાંખી પણ નહીં કે કશું કહી જ ન શકે. ''ઓસરીમાં ઘોડાં ખેલાવવાં'' કે ''એક પૈડાંની સાઇકલ ચલાવવા'' જેવું કામ વાર્તાકારનું છે. એ તેમણે ઉદાહરણો સાથે સમજાવ્યું.

''ક્યાંય બહાર જવાનું હોય ત્યારે મમ્મી મોડી પડે છે.'' એવા એક વાક્યથી આરંભીને આગળનાં પાંચ વાક્યો, શિબિરાર્થીઓ ક્રમશઃ માત્ર એક-એક વાક્ય રચતા જઈને જોડે એવો મનોયત્ન રમેશભાઈના નિર્દેશનમાં આરંભાયો. એ જ પ્રમાણે ''ગામડાગામના એક અપંગ વૃદ્ધ ઘરની બહાર નીકળે છે''થી શરૂ કરીને બહેનોએ જ એક પરિચ્છેદ રચ્યો. વાર્તા ન બની પણ બધાંને કંઈક સૂઝ્યું અને વાત આગળ ચાલી એ જ આ મનોયત્નનો હેતુ.

ભોજનના વિરામ બાદ, કિરીટ દૂધાતે ''ટૂંકી વાર્તામાં પરિવેશ'' અને 'અંત' વિશે સોદાહરણ રસપ્રદ વાત કરી. ખરી મજા વાર્તા કેવી રીતે કહેવાય છે તેમાં રહેલી છે. ચાટૂક્તિ ક્યાંક ચમકે તે ચાલે, એનાથી સમગ્ર વાર્તા ન રચાય. દેશકાળનો નિર્દેશ આપતો પરિવેશ વાર્તામાં પાત્રચિત્રણ અને ઘટનાને આકાર આપવામાં મદદરૂપ થવા સાથે સર્જનાત્મક ગદ્યનો નમૂનો બની રહે તે અંગે કિરીટભાઈએ ધૂમકેતુ, દ્વિરેફ, મેઘાણી, મડિયા, જયંત ખત્રીમાંથી અનુક્રમે ''પોસ્ટ ઑફિસ'', ''મુકુન્દરાય'', ''જટો હલકારો'', ''વાની મારી કોયલ'' અને ''હીરો ખૂંટ'' વાર્તાઓમાંથી પાંચ ખંડો રજૂ કર્યા. તેમણે જણાવ્યું કે નવોદિતોએ એ જાણી લેવું જરૂરી છે કે આમ જ વાર્તા લખાય એવું નથી, આમ પણ વાર્તા લખી શકાય એવો પ્રયત્ન કરવો. પ્રથમ વાચને અંત ખબર પડ્યા પછી પણ ફરીફરી વાંચવી ગમે એને નીવડેલી કૃતિ કહી શકાય. પુનર્વાચને આ કૃતિઓ માનવીય કરુણાને પ્રગાઢ કરતી જાય.

ટૂંકી વાર્તામાં અંત બે પ્રકારના હોઈ શકે - Close end કે જેમાં વાર્તાકાર કથનને અંત આપીને વાર્તા પૂરી કરે. Open endમાં વાર્તાકાર વાચકને વિચારતા કરે. કથન પૂરું થયા પછી પણ વાચકના ચિત્તમાં કથા આગળ વધે.

પારુલ કં. દેસાઈએ ''ટૂંકી વાર્તામાં પાત્રાલેખન'' વિશે વાત કરતાં કોઈ પણ પ્રકારનું પાત્ર વાર્તામાં આવી શકે એમ જણાવવા સાથે ઉમેર્યું કે એ પાત્રની બધી જ લાક્ષણિકતાઓ

ટૂંકી વાર્તાના ફલકમાં ન સમાવાય. 'કમાઉ દીકરો' (ભડિયા), 'સાંકળ' (રઘુવીર ચૌધરી), 'જુમો ભિસ્તી' (ધૂમકેતુ) વગેરે વાર્તાઓમાં પ્રાણીપાત્રની લાક્ષણિકતા નોંધપાત્ર બને છે. વાર્તાકારે પાત્ર માટે પ્રયોજેલાં વિશેષણોથી નહીં પરંતુ પાત્રનાં મન, વચન અને કર્મને પ્રત્યક્ષ-તાદશ કરતા અન્તર્સંવાદ, સંવાદ અને વર્તનના નિરૂપણથી પણ વાચક સમક્ષ તાદશ થાય, ઊઘડે. પાત્રાલેખન મહત્ત્વનું ઘટક હોવા છતાં વાર્તા એ ચરિત્રનિબંધ નથી. વ્યક્તિની લાક્ષણિકતાઓ નોંધવા સંદર્ભે જે સ્વૈરવિહાર ચરિત્રનિબંધમાં થઈ શકે તે વાર્તામાં ન પાલવે. ટૂંકી વાર્તા તેના મુખ્ય પાત્રના જીવનના કોઈ એક વિશેષ મહત્ત્વના તબક્કાને અથવા કહો કે, એક ચરમ પળનું નિરૂપણ કરે છે.

રમેશ ર. દવેએ સંચાલનનો દોર ફરી હાથમાં લેતાં ''કથન અને વર્ણન'' વિશે સ્પષ્ટતા કરી. કથન માહિતી આપે છે, વિગતો દર્શાવે છે જ્યારે વર્ણન તાદશીકૃત કરે છે. ક્યારેક લેખક વર્ણનમાંથી કથનમાં અને કથનમાંથી વર્ણનમાં સહજ સરી પડતો હોય છે. પ્રત્યક્ષ તાલીમના ભાગ રૂપે રમેશભાઈએ 'સમુદ્રકાંઠે સૂર્યોદય નિહાળતું યુવાન યુગલ' અને 'ગામના કૂવેથી, છલકાતી હેલ માથે ચઢાવીને કાંખમાં ગાગર મૂકીને મલપતી આવતી પનિહારી' – એ બે વિષયોને કથન અને વર્ણન રૂપે આગળ વધારવાનો મનોયત્ન કરાવ્યો. વાક્યો રચાતાં ગયાં. ક્યાંક વાક્યો સાર્થક નીવડ્યાં તો ક્યાંક માત્ર શબ્દો ગોઠવાયા પણ મૂળ મજા તો શિબિરાર્થીઓ દ્વારા થતા સહિયારા પ્રયાસની હતી. મજા ભેગા મળી વાર્તા બનાવવામાં હતી. એક પછી એક વાક્ય લખાય, સભાનપણે પ્રયાસ કરાય તો વાર્તા બને. રમેશભાઈ વાર્તાલેખનના મહાવરા માટે અનેક વિષયો અને ઠેકઠેકાણેથી પાત્રો ખોળી લાવેલા જેની એક ખાસ્સી મજાની યાદી રજૂ કરી :

* રસ્તા પર બેસી ભીખ માંગતી ભિખારણ
* ફૂલોથી લદાયેલું પાન વિનાનું કેસૂડાનું ઝાડ
* ત્રીજી પેઢીના યુવક દ્વારા પોતાના વતનગામમાં અવલોકાતું ખંડિયેર જેવું ઘર
* લાંબા સમયથી ચાલી રહેલા ખૂનકેસનો ચુકાદો આપતા ન્યાયાધીશ
* મુશળધાર વરસાદમાં ઝાડ નીચે પલળતાં વૃદ્ધા.

વાર્તાનાં એક ઘટકતત્ત્વ તરીકે સંવાદ રચવાનો મહાવરો પડકારરૂપ બન્યો. અલગ-અલગ પાત્રો વચ્ચે ત્વરિત સંવાદ રચવાનો આ પ્રયાસ શિબિરાર્થી બહેનોમાં ગર્ભિત ભાષાશક્તિ પ્રગટ કરવા સાથે સોંપાયેલું પાત્ર જે-તે પરિસ્થિતિમાં કેવો પ્રતિભાવ આપે તે રજૂ કરવાનો અનુભવ મજાનો રહ્યો. સંવાદ માટેના વિષયો પણ રમેશભાઈ રસપ્રદ લાવ્યા :

* આગળ અભ્યાસ કરવા ઇચ્છતી દીકરીને રોકતી મા
* નૃત્યના ક્લાસમાં જવા નીકળેલી સ્કૂલગર્લને એના ટીચર રોકે છે
* સામયિકના સંપાદક દ્વારા પાંચ વખત વાર્તા પરત કરાતાં વાર્તાકાર-સંપાદક વચ્ચે સંવાદ

* સરકસમાં સાથે કામ કરતાં જોકર અને એક્રોબેટ યુવતી વચ્ચે પ્રણય-લગ્ન વિશે સંવાદ

શિબિરના સહસંયોજક પ્રજ્ઞા પટેલે ઝડપભેર આગળ વધતા ઘડિયાળના કાંટાને પહોંચી વળવાનું હતું એટલે ''વાર્તામાં વિવિધ ચેતનાનું નિરૂપણ'' વિષયને ચારમાંથી એક મુદ્દો ચર્ચીને સંકેલી લેવો પડ્યો. નારી, ગ્રામ, દલિત અને નગર ચેતનામાંથી નારીચેતના વિશે વાત કરતાં પ્રજ્ઞાબહેને ભાર મૂક્યો કે નારીના આંતરિક વિશ્વમાં ડોકિયું કરાવતી ટૂંકી વાર્તાને કલાત્મક ઘાટ પણ મળવો જોઈએ.

પ્રતિભાવ દરમિયાન આનંદ તો વ્યક્ત થયો જ પણ સાથે જીવનની સમસ્યાઓ માનસિક રીતે કેવી થકવી દે છે એ વિશે એક શિક્ષિકાબહેનની વાચા રુદનભરી બની ગઈ. શિબિરાર્થીઓને ૩૦ એપ્રિલ સુધીમાં વાર્તા લખી મોકલવાની શરત જણાવાઈ અને અઢારમી મે એ બપોરે એકથી પાંચ વચ્ચે આ વાર્તાઓ વિશેની ચીરફાડ ચર્ચા માટે સજ્જ થઈ જવાનો અનુરોધ પણ પારુલબહેને કર્યો.

તો આમ, એની સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિમાં વસંતઋતુમાં ગોઠડી માંડ્યા બાદ બહેનો મેના બળબળતા તાપમાં બપોરે ફરી એક વાર પરિષદ પ્રાંગણમાં પધારશે અને સર્જકતાથી ઊભરાતી એક નવી સર્જક-વાર્તાકાર પેઢીને આવકારવા સાબરમતીય બે કાંઠે છલકાશે.

## ગુજરાતી સાહિત્ય પરિષદનાં પારિતોષિકો

**૨૦૧૨ અને ૨૦૧૩નાં બે વર્ષના ગાળામાં પ્રસિદ્ધ થયેલાં પ્રથમ આવૃત્તિવાળાં પુસ્તકોને ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી નીચે પ્રમાણેનાં પારિતોષિકો એનાયત કરવામાં આવશે. સર્વ લેખકો અને પ્રકાશકોને ૩૦-૫-૨૦૧૪ સુધીમાં દરેક પુસ્તકની બે નકલો, કયા પારિતોષિક માટે છે તે વિગત પુસ્તકના પહેલા પાના પર દર્શાવીને પરિષદ કાર્યાલય પર મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.**

૧. **શ્રી ભગિની નિવેદિતા પારિતોષિક** : ૨૦૧૨ અને ૨૦૧૩ના બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા લેખિકાઓના વર્ષદીઠ એક એક સર્વશ્રેષ્ઠ પુસ્તકને શ્રી હરિઃ ૐ આશ્રમપ્રેરિત આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨. **શ્રી અરવિંદ (સુવર્ણચંદ્રક) પારિતોષિક** : ૨૦૧૨-૨૦૧૩નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા ભક્તિવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને શ્રી હરિ ૐ આશ્રમપ્રેરિત આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૩. **શ્રી ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિક** : ૨૦૧૨-૨૦૧૩નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સર્વશ્રેષ્ઠ સાહિત્યિક પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૪. **શ્રી કાકાસાહેબ કાલેલકર પારિતોષિક** : ૨૦૧૨-૨૦૧૩નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા નિબંધ, પ્રવાસ, સ્મરણો, જીવનચરિત્રો આદિ પ્રકારનાં સર્વશ્રેષ્ઠ

પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૫. **શ્રી બટુભાઈ ઉમરવાડિયા એકાંકી પારિતોષિક** : ૨૦૧૨-૨૦૧૩નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલાં એકાંકીઓમાંથી સર્વશ્રેષ્ઠ એકાંકીને પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૬. **શ્રી પ્ર. ત્રિવેદી પારિતોષિક** : ૨૦૧૨-૨૦૧૩નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા શિક્ષણવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૭. **શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા પારિતોષિક** : ૨૦૧૨-૨૦૧૩નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલાં સમાજ, શિક્ષણ વગેરે વિશેના ચિંતનાત્મક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૮. **શ્રી જ્યોતીન્દ્ર દવે હાસ્ય પારિતોષિક** : ૨૦૧૨-૨૦૧૩નાં વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા હાસ્ય, વિનોદ, કટાક્ષ વગેરેના વર્ષદીઠ એક એક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૯. **શ્રી બી. એન. માંકડ ષષ્ટિપૂર્તિ પારિતોષિક** : ૨૦૧૨-૨૦૧૩નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા લોકભોગ્ય વિજ્ઞાનવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૧૦. **શ્રી રામપ્રસાદ પ્રેમશંકર બક્ષી પારિતોષિક** : ૨૦૧૨-૨૦૧૩નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સાહિત્યશાસ્ત્રના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૧૧. **શ્રી તખ્તસિંહ પરમાર પારિતોષિક** : ૨૦૧૨-૨૦૧૩નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા લેખકના પ્રથમ સર્જનાત્મક સર્વશ્રેષ્ઠ પુસ્તક (કવિતા, નાટક, નવલકથા સ્વરૂપના)ને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૧૨. **શ્રી હરિલાલ માણેકલાલ દેસાઈ પારિતોષિક** : ૨૦૧૨-૨૦૧૩નાં બે વર્ષ દરમિયાન પ્રગટ થયેલા વિવેચન અથવા સામાજિક તત્ત્વજ્ઞાનવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૧૩. **શ્રી નટવરલાલ માળવી પારિતોષિક** : ૨૦૧૨-૨૦૧૩નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા બાળસાહિત્યના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૧૪. **શ્રી ઉશનસ્ પારિતોષિક** : ૨૦૧૨-૨૦૧૩નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલાં સર્વશ્રેષ્ઠ દીર્ઘકાવ્યો (સૉનેટમાળા, ખંડકાવ્યો, પદ્યનાટક કે અન્ય પ્રકારનાં વર્ણનાત્મક ચિંતનાત્મક દીર્ઘકાવ્યોની કૃતિ ગ્રંથસ્થ અથવા કોઈ સામયિકમાં પ્રગટ થયેલી હોવી જરૂરી છે.)ને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૧૫. **શ્રી દિલીપ ચં. મહેતા પારિતોષિક** : ૨૦૧૨-૨૦૧૩નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સર્વશ્રેષ્ઠ ગઝલસંગ્રહને અથવા જે કાવ્યસંગ્રહમાં ગઝલોની નોંધપાત્ર સંખ્યા હોય તેને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૧૬. **શ્રી મહેન્દ્ર ભગત (ટૂંકીવાર્તા) પારિતોષિક** : ૨૦૧૨-૨૦૧૩નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા ટૂંકીવાર્તાસંગ્રહને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૧૭. **શ્રી રમણ પાઠક ષષ્ટિપૂર્તિ પારિતોષિક** : ૨૦૧૨-૨૦૧૩નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સર્વશ્રેષ્ઠ નવલિકાસંગ્રહને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૧૮. **શ્રી સદ્‌વિચાર પરિવાર પારિતોષિક** : ૨૦૧૨-૨૦૧૩નાં બે વર્ષ દરમિયાન પ્રગટ થયેલા સર્વશ્રેષ્ઠ પ્રેરક સાહિત્યના પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૧૯. **શ્રી ગોપાળરાવ વિદ્વાંસ પારિતોષિક** : ૨૦૧૨-૨૦૧૩નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા ભારતીય ભાષાઓમાંથી થયેલા ભાષાંતરના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨૦. **શ્રી ભાસ્કરરાવ વિદ્વાંસ (સમાજશાસ્ત્ર) પારિતોષિક** : ૨૦૧૨-૨૦૧૩નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા ભૂગોળ-સમાજશાસ્ત્રના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨૧. **શ્રી રમણલાલ સોની (બાળ-કિશોર સાહિત્ય) પારિતોષિક** : ૨૦૧૨-૨૦૧૩નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સર્વશ્રેષ્ઠ બાળ-કિશોરસાહિત્યના પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨૨. **શ્રી સુરેશા મજૂમદાર પારિતોષિક** : ૨૦૧૨-૨૦૧૩નાં બે વર્ષ દરમિયાન પ્રગટ થયેલા સ્ત્રી-અનુવાદકના અનુવાદગ્રંથને અથવા ૨૦૧૨-૨૦૧૩નાં બે વર્ષ દરમિયાન પ્રગટ થયેલાં કવયિત્રી-રચિત સર્વશ્રેષ્ઠ કાવ્યસંગ્રહને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨૩. **ડૉ. રમણલાલ જોશી વિવેચન પારિતોષિક** : ૨૦૧૨-૨૦૧૩નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા વર્ષદીઠ એકએક વિવેચનવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨૪. **ડૉ. ઉપેન્દ્ર પંડ્યા (મહાનિબંધ) પારિતોષિક** : ૨૦૧૨-૨૦૧૩નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત-અપ્રકાશિત બંને પ્રકારના પરંતુ નિર્દિષ્ટ સમયગાળામાં યુનિવર્સિટી દ્વારા મંજૂર થયેલા સર્વશ્રેષ્ઠ મહાનિબંધને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨૫. **ડૉ. ઉપેન્દ્ર પંડ્યા (લલિતનિબંધ) પારિતોષિક** : ૨૦૧૨-૨૦૧૩નાં બે વર્ષ

દરમિયાન પ્રકાશિત થયેલા લલિતનિબંધના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨૬. **શ્રી દિનકર શાહ 'કવિ જય' પારિતોષિક** : ૨૦૧૨-૨૦૧૩નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા કવિના પ્રથમ સર્વશ્રેષ્ઠ કાવ્યસંગ્રહને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨૭. **શ્રી દોલત ભટ્ટ પારિતોષિક** : ૨૦૧૨-૨૦૧૩નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલી ગ્રામજીવન પર લખાયેલી સર્વશ્રેષ્ઠ નવલકથા અથવા લોકસાહિત્યવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨૮. **શ્રી પ્રિયકાન્ત પરીખ નવલકથા પારિતોષિક** : ૨૦૧૨-૨૦૧૩નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલી વર્ષદીઠ એકએક સર્વશ્રેષ્ઠ નવલકથાઓને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૨૯. **શ્રી પંડિત બેચરદાસ જીવરાજ દોશી પારિતોષિક** : ૨૦૧૨-૨૦૧૩નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા સંસ્કૃત-પ્રાકૃત ગુજરાતી વ્યાકરણવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૩૦. **કવિશ્રી ભાનુપ્રસાદ પંડ્યા પારિતોષિક** : ૨૦૧૨-૨૦૧૩નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા મૌલિક ગીતસંગ્રહના પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૩૧. **શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી પારિતોષિક** : ૨૦૧૨-૨૦૧૩નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા ચિંતનાત્મક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૩૨. **શ્રી રામુ પંડિત (અર્થશાસ્ત્ર, વાણિજ્ય, ઉદ્યોગ) પારિતોષિક** : ૨૦૧૨-૨૦૧૩નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા અર્થશાસ્ત્ર-વાણિજ્ય-પ્રબંધ-ઉદ્યોગમાં માનવીય સંબંધવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૩૩. **શ્રી પ્રભાશંકર તેરૈયા પારિતોષિક** : ૨૦૧૨-૨૦૧૩નાં બે વર્ષ દરમિયાન પ્રસિદ્ધ થયેલા ભાષાવિજ્ઞાન-વ્યાકરણવિષયક સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૩૪. **સર્વોદય આશ્રમ સણાલી 'કરુણામૂર્તિ ભગવાન મહાવીર ફાઉન્ડેશન' પારિતોષિક** : ૨૦૧૨-૨૦૧૩નાં બે વર્ષ દરમિયાન પ્રકાશિત લોકસાહિત્યવિષયક શ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૩૫. **ડૉ. બી. ટી. ત્રિવેદી (ચર્ચાપત્રી) પારિતોષિક** : આ પારિતોષિક સંદર્ભે એન્ટ્રી મોકલવાની રહેતી નથી કે કશી રજૂઆત પણ કરવાની થતી નથી.

૩૬. **ગુજરાત દર્પણ પારિતોષિક** : (દરિયાપારના સાહિત્યકારો માટે) ૨૦૧૧-૨૦૧૨-૨૦૧૩નાં ત્રણ વર્ષ દરમિયાન પ્રકાશિત થયેલા નવલિકાસંગ્રહના સર્વશ્રેષ્ઠ પુસ્તકને આ પારિતોષિક એનાયત કરવામાં આવશે.

૩૭. **ધનરાજ કોઠારી પારિતોષિક** : ૨૦૧૨-૨૦૧૩ દરમિયાન પ્રથમ સર્જનાત્મક પુસ્તક માટે.

૩૮. **શ્રી ચંદ્રકાન્ત ન. પંડ્યાપ્રેરિત પારિતોષિક** : ૨૦૧૩-૨૦૧૪ ('પરબ' પ્રકાશિત) શ્રેષ્ઠ લેખ પારિતોષિક.

૩૯. **ચિ. શિ. ત્રિવેદીપ્રેરિત ન્હાનાલાલ અને રા. વિ. પાઠક પારિતોષિક** : ૨૦૧૩-૨૦૧૪ ('પરબ' પ્રકાશિત) બે શ્રેષ્ઠ કાવ્ય પારિતોષિક

૪૦. **શ્રી નાનુભાઈ ફાઉન્ડેશન પારિતોષિક** : ૨૦૧૩-૨૦૧૪ ('પરબ' પ્રકાશિત) શ્રેષ્ઠ નિબંધ પારિતોષિક.

૪૧. **શ્રી નાનુભાઈ સુરતી ફાઉન્ડેશન પારિતોષિક** : ૨૦૧૩-૨૦૧૪ ('પરબ' પ્રકાશિત) શ્રેષ્ઠ નવલિકા પારિતોષિક.

**નોંધ** : 'પરબ' પારિતોષિકો વર્ષ ૨૦૧૩-૨૦૧૪ દરમિયાન 'પરબ'માં પ્રકાશિત થયેલ શ્રેષ્ઠ કાવ્ય, લેખ, નિબંધ અને નવલિકાને પ્રતિવર્ષ એકએક પારિતોષિક આપવામાં આવે છે.

ઉષા ઉપાધ્યાય
**પ્રકાશનમંત્રી**

## ગુજરાતી સાહિત્ય પરિષદમાં વિવિધ પ્રવૃત્તિઓ માટે મળેલ દાનની વિગત

| ક્રમ | દાતાનું નામ | ગામ | રકમ |
|---|---|---|---|
| ૧. | ગોવર્ધન નવનિર્માણ માટે મળેલ દાન | | |
| | ૧. નમ્રતા એ. સોમાણી | અમદાવાદ | ૧૦,૦૦૦/- |
| ૨. | પરબ અપીલ પેટે મળેલ દાન | | |
| | ૧. નીતિનચંદ્ર સી. મોદી | નવસારી | ૧૦૧/- |
| | ૨. સોમચંદ એલ. શાહ | જામનગર | ૫૦૦/- |
| | ૩. મનસુખ વી. સાવલા | જામનગર | ૫૦૦/- |
| | ૪. રૂપેશ બી. શાહ | જામનગર | ૫૦૦/- |
| | ૫. વિભૂતિબહેન ઉમરવાડિયા | વલસાડ | ૨૫૦૧/- |
| | ૬. ઇલ્યાસ રેલવેવાળા | સુરત | ૨૫૦૦/- |
| | ૭. કિરીટ ગાંધી | સુરત | ૧૦,૦૦૦/- |
| | ૮. પુષ્પા વ્યાસ | અમદાવાદ | ૫૦૦/- |
| | ૯. નવીનચંદ્ર અજમેરા | રાજકોટ | ૪૦૦૦/- |

| | | | |
|---|---|---|---|
| ૩. | રવીન્દ્ર ભવનમાં મળેલ દાન | | |
| | ૧. સુકુમાર પરીખ | અમદાવાદ | ૨૫૦૦/- |
| ૪. | ગુજરાતી સાહિત્ય પરિષદ સ્થાયીફંડ માટે મળેલ દાન | | |
| | ૧. મધુસૂદન કાપડિયા | યુ.એસ.એ. | ૧૦,૦૦૦/- |
| | ૨. લાલભાઈ એન્ડ શકુંતલા ચેરિટેબલ ટ્રસ્ટ | અમદાવાદ | ૧૧,૧૧૧/- |
| ૫. | સાદું દાન | | |
| | ૧. મધુસૂદન કાપડિયા | યુ.એસ.એ. | ૧૦,૦૦૦/- |
| | ૨. ભારતી પી. મોદી | અમદાવાદ | ૧૦૦૦/- |
| | ૩. હિમાંશુ સી. સોપારીવાલા | સુરત | ૩૦૦૦/- |
| ૬. | વ્યાખ્યાન નિમિત્તે મળેલ દાન | | |
| | ૧. એન. એસ. પટેલ આર્ટ્સ કૉલેજ | આણંદ | ૧,૦૦,૦૦૦/- |
| | ૨. ભાનુમતીબહેન પી. દેસાઈ | રાજકોટ | ૨,૦૦,૦૦૦/- |
| ૭. | પ્રકાશન નિમિત્તે મળેલ દાન | | |
| | ૧. વાગ્મિન હ. બૂચ | વડોદરા | ૧,૨૫,૦૦૦/- |
| | ૨. સુકુમાર પરીખ | અમદાવાદ | ૪૦,૦૦૦/- |
| | ૩. જયંત પેંઢારકર | મુંબઈ | ૨૫,૦૦૦/- |
| ૮. | પરબ સ્થાયીફંડમાં મળેલ દાન | | |
| | ૧. સોશ્યિલ વેલ્ફેર ટ્રસ્ટ | ગાંધીનગર | ૫,૦૦,૦૦૦/- |
| | ૨. ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર એન્ડ કેમિકલ્સ લિ. | વડોદરા | ૨,૦૦,૦૦૦/- |

## ગુજરાતી સાહિત્ય પરિષદનાં પુસ્તકો માટે વિશેષ વળતરની યોજના

ગુરાતી સાહિત્ય પરિષદના ઈ.સ. ૨૦૦૦ પહેલાં પ્રકાશિત થયેલાં આ સાથેની યાદી પ્રમાણેનાં પુસ્તકો જિજ્ઞાસુઓ અને અભ્યાસુઓ સુધી પહોંચે તે હેતુથી ૬૦% વળતરથી આપવાનું ઠરાવાયું છે. આ પુસ્તકો ગુજરાતી સાહિત્ય પરિષદના વેચાણકેન્દ્ર 'ગ્રંથવિહાર' ઉપરથી રૂબરૂ મેળવી શકાશે. ટપાલથી મેળવવા ઇચ્છનાર રવાનગી ખર્ચ આપીને ઑર્ડરથી પણ આ પુસ્તકો મેળવી શકશે.

**ઉષા ઉપાધ્યાય**
પ્રકાશનમંત્રી

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક | કિંમત |
|---|---|---|---|
| ૧. | આધુનિક સ્કેન્ડિનેવિયન કવિતાની ભૂમિકા | વત્સરાજ | ૮.૫૦ |
| ૨. | અક્ષરનાં ચિતરામણ | ડાહ્યાભાઈ પટેલ | ૮૦.૦૦ |
| ૩. | અન્ડરગ્રાઉન્ડ | વિજુ ગણાત્રા | ૨૦.૦૦ |
| ૪. | એ તો નાનાં બાળ | ઉપેન્દ્ર ર. ભટ્ટ | ૨૫.૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૫. | બલાકા | રાજેન્દ્ર શાહ | ૨૦.૦૦ |
| ૬. | છીપલાં | મેઘનાદ હ. ભટ્ટ | ૮.૦૦ |
| ૭. | ધૂપસળી | ઈશ્વર પટેલીકર | ૧૦૦.૦૦ |
| ૮. | દરિયાનો પડઘો | નવનીત ઉપાધ્યાય | ૧૦.૦૦ |
| ૯. | ગદ્યસંચય-૧ | ઉપેન્દ્ર પંડ્યા/પ્રમોદ પટેલ | ૩૦.૦૦ |
| ૧૦. | ગદ્યસંચય-૨ | યશવંત શુક્લ/ પ્રવીણ દરજી | ૩૨.૦૦ |
| ૧૧. | ઝલક | પિનાકિન ઠાકોર | ૬૦.૦૦ |
| ૧૨. | ક્યાંય નહિ કદી નહિ | મનેશચંદ્ર કંસારા | ૯૦.૦૦ |
| ૧૩. | કંદરા | મનીષા જોશી | ૬૫.૦૦ |
| ૧૪. | કાવ્યો | શિવ પંડ્યા | ૧૫.૦૦ |
| ૧૫. | કોતરની ધાર પર | કાનજી પટેલ | ૧૦.૦૦ |
| ૧૬. | કીકીની દાબડી | નટવર પટેલ | ૨૦.૦૦ |
| ૧૭. | મલબારીનાં કાવ્યરત્નો | ફિરોઝખાન | ૧૫૦.૦૦ |
| ૧૮. | મારા હાથની વાત | સરૂપ ધ્રુવ | ૧૦.૦૦ |
| ૧૯. | નાટક વિશે | જયંતિ દલાલ | ૧૦.૦૦ |
| ૨૦. | પાંડુ કાવ્યો અને ઇતર | દિલીપ ઝવેરી | ૨૦.૦૦ |
| ૨૧. | પ્રબોધકાળનું ગદ્ય | નટવરસિંહ પરમાર | ૫૦.૦૦ |
| ૨૨. | પીપરમિંટ વાવી | વિમળાબહેન મહેતા | ૧૫.૦૦ |
| ૨૩. | પદ્મા વિનાના દેશમાં | મણિલાલ પટેલ | ૭.૫૦ |
| ૨૪. | પર્યાય તારા નામનો | હનીફ સાહિલ | ૧૦.૦૦ |
| ૨૫. | પૂર્વવાહિની | જ્યોતિ થાનકી | ૧૮.૦૦ |
| ૨૬. | રણજિતરામ ગદ્યસંચય-૧ | રણજિતરામ મહેતા | ૪૦.૦૦ |
| ૨૭. | રણજિતરામ ગદ્યસંચય-૨ | રણજિતરામ મહેતા | ૪૫.૦૦ |
| ૨૮. | શબ્દવેધ | જયન્ત પંડ્યા | ૨૮.૦૦ |
| ૨૯. | શબ્દકથા | હરિવલ્લભ ભાયાણી | ૨૪.૦૦ |
| ૩૦. | સુમનલાલ ટી. દવે | સુભાષ શાહ | ૧૦.૦૦ |
| ૩૧. | સ્વપ્નવટો | રવીન્દ્ર પારેખ | ૨૦.૦૦ |
| ૩૨. | શરૂઆત | મહેશ શાહ | ૬.૦૦ |
| ૩૩. | સ્વપ્નનગર | સુશીલા ઝવેરી | ૩૦.૦૦ |
| ૩૪. | વીક્ષા અને નિરીક્ષા | નગીનદાસ પારેખ | ૩૦.૦૦ |

18

# આ અંકના લેખકો

**અર્જુનસિંહ રાઉલજી** : ૪૨, કૃષ્ણશાંતિ સોસાયટી-૨, મુજમહુડા, ચાકોટા રોડ, વડોદરા-૩૯૦૦૨૦

**ગંગારામ મકવાણા** : ૭/૭૮, રામનિવાસ સોસાયટી, મુ. જેતલપુર, જિ. અમદાવાદ-૩૮૨૪૨૬

**ગુણવંત વ્યાસ** : 'શમ્યાપ્રાસ', ૬, શ્યામકુટીર બંગલોઝ, બાકરોલ-લાંભવેલ રોડ, મુ. બાકરોલ, જિ. આણંદ-૩૮૮૩૧૫

**ડંકેશ ઓઝા** : ૬, સ્વાગત સિટી, અડાલજ-ચાંદખેડા રોડ, મુ. પો. અડાલજ-૩૮૨૪૨૧

**દીપક મહેતા** : ૫૫, વૈકુંઠ કો.ઓ. સોસાયટી, લલ્લુભાઈ પાર્ક, અંધેરી (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૫૮

**ધીરુ પરીખ** : 'લાવણ્ય', વિજયપાર્ક, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

**ધીરેન્દ્ર મહેતા** : જીવનછાયા, પંડિત દીનદયાળ માર્ગ, હૉસ્પિટલ રોડ, ભૂજ-૩૭૦૦૦૧

**ધ્વનિલ પારેખ** : સી/૨૦૪, વૈદેહી એપાર્ટમેન્ટ, એસ.બી.આઈ.ની ગલીમાં, વાવોલ, ગાંધીનગર

**પીયૂષ ઠક્કર** : બળવંત પારેખ સેન્ટર, સી/૩૦૨, સિદ્ધિવિનાયક કોમ્પલેક્સ, રેલવે સ્ટેશન પાછળ, ફરામજી રોડ, વડોદરા-૩૯૦૦૦૭

**પ્રદીપ ખાંડવાળા** : બી-૧૧૦, જ્યુપિટર ટાવર્સ, અતિથિ રેસ્ટોરન્ટ લેન, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪

**પ્રફુલ્લ રાવલ** : ૩, રાજમહેલ ફ્લૅટ, આઈઓસી કૉલોની રોડ, વીરમગામ-૩૮૨૧૫૦

**પ્રફુલ્લા વોરા** : બી-૧, પલ્લવ એપાર્ટમેન્ટ, રબ્બર ફૅક્ટરી સામે, ભાવનગર-૧

**ભદ્રાયુ વછરાજાની** : પ્રેમમંદિર, નર્મદા પાર્ક-૪, અમીન માર્ગ પાસે, રાજકોટ-૩૬૦૦૦૧

**ભાનુપ્રસાદ પંડ્યા** : એ/૨૪, સૌરભ બંગલોઝ, સત્યસાંઈ હૉસ્પિટલ માર્ગ, રાજકોટ-૩૬૦૦૦૫

**મોહનલાલ પટેલ** : ૫૦૧/૨૧, સત્યાગ્રહ છાવણી સોસાયટી, સૅટેલાઇટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫

**રમણીક અગ્રાવત** : ૭, મુક્તાનંદ, નર્મદાનગર, જિ. ભરૂચ-૩૯૨૦૧૫

**રમણીક સોમેશ્વર** : સી/૨, સંસ્કૃત એપાર્ટમેન્ટ, સી.એચ.વિદ્યાલય સામે, ગોત્રી, સુભાનપુરા, વડોદરા-૩૯૦૦૨૩

**રમેશ ર. દવે** : 'વૈશાખ', ૨/૨, વીમાનગર, સૅટેલાઇટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫

**રમેશ પટેલ** : 'પ્રાંજલ', ૩૦, આનંદવાટિકા સોસાયટી, સરદાર પુલ પાસે, અડાજણ રોડ, સુરત-૩૯૫૦૦૯

**રાજેન્દ્ર પટેલ** : ૭૮, નિહારિકા બંગલોઝ, હિમ્મતલાલ પાર્ક પાસે, સૅટેલાઇટ, અમદાવાદ-૩૮૦૦૧૫

**રાધેશ્યામ શર્મા** : ૨૫, ભુલાભાઈ પાર્ક, ગીતામંદિર રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨

**લાભશંકર ઠાકર** : સી/૧૮, જલદર્શન ફ્લૅટ, એચ. કે. કૉલેજ પાસે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯

**શ્રીકાન્ત શાહ** : એ/૩, ભગવતીનગર, પત્રકાર કૉલોની સામે, વિજયનગર, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩

**હરીશ ધોબી** : ૨૨૧૬, પરિશ્રમનગર, વિ-૧, બ્લૉક નં. એલ-૧૨૬, કૃષ્ણનગર, સૈજપુર, અમદાવાદ-૩૮૨૩૪૫

**હસિત મહેતા** : 'મસ્ત', ૮, ચંદ્રલોક સોસાયટી, સિવિલ હૉસ્પિટલ રોડ, નડિયાદ-૩૮૭૦૦૧

**હેમંત ગોહિલ** : 'પ્રતીક્ષા', ૬૭/બી, નીલેશ સોસાયટી, સ્વપ્નસૃષ્ટિ રોડ, વરતેજ-ભાવનગર-૩૬૦૦૬૦

જે નવલકથા પરથી નાટકની રચના થઈ અને ગુજરાતી પ્રેક્ષકોએ ખૂબ બિરદાવી તે નવલકથા

## અકુપાર

**લે. ધ્રુવ ભટ્ટ**

**કિંમત : ૨૦૦ રૂપિયા**

જે નાટક ગુજરાતના તખ્તા પર આગવી ભાત ઉપસાવીને અદ્‌ભુત લોકચાહના પામી ચૂક્યું છે તે નાટક

## કસ્તૂરબા

**લે. નારાયણ દેસાઈ**

**કિંમત : ૬૫ રૂપિયા**

## પારિવારિક, સામાજિક અને વ્યાવસાયિક સંબંધોને રળિયામણા બનાવવાની પ્રેરણા આપતાં પુસ્તકો

| | | |
|---|---|---|
| માય ડિયર સન (પુત્રને પત્રો) | ડૉ. રેણુકા પટેલ | ૧૬૫ |
| સાસુ-વહુ ડૉટ કોમ | નીલમ દોશી | ૨૦૦ |
| દીકરી મારી દોસ્ત | નીલમ દોશી | ૧૭૦ |
| પરિવારની પારાયણ | રાજપરમેશ્વર | ૧૨૦ |
| માબાપ બનતાં શીખીએ | ઊર્મિલા શાહ | ૧૪૦ |
| મા-બાપ સાથે ગોષ્ઠી | ઊર્મિલા શાહ | ૧૨૫ |
| બાળકને ઉછેરતાં શીખીએ | ઊર્મિલા શાહ | ૧૫૦ |
| સંતાનને પણ કંઈક કહેવા દો | ઊર્મિલા શાહ | ૧૫૦ |
| સંતાનનું ઘડતર – એક સાધના | ઊર્મિલા શાહ | ૧૧૦ |
| વહાલી મમ્મી | રોહિત શાહ | ૩૦ |
| વહાલા પપ્પા | રોહિત શાહ | ૩૦ |
| વહાલો દીકરો | રોહિત શાહ | ૩૦ |
| વહાલી દીકરી | રોહિત શાહ | ૩૦ |
| વહાલો દોસ્ત | રોહિત શાહ | ૩૦ |
| વહાલા જીવનસાથી | રોહિત શાહ | ૩૦ |







## ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380001

■ ફોન : 22144663, 22149660 ફેક્સ : 22144663

■ ઇ-મેઇલ :goorjar@yahoo.com

**સંસ્કાર સાહિત્યમંદિર**
૫, N.B.C.C. હાઉસ,
સહજાનંદ કૉલેજની બાજુમાં,
આંબાવાડી, અમદાવાદ-૧૫
ફોન: ૨૬૩૦૪૨૫૯

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
૧૩, શિવરંજની સોસા., ઓવરબ્રિજના છેડે,
અશ્વમેધ બંગલોઝના બસસ્ટેન્ડ પાસે,
સેટેલાઈટ, અમદાવાદ-૧૫
ફોન: ૨૬૭૬૧૩૬૬ મો. ૯૮૨૫૨૬૮૭૫૯

r પહેલી નજરે જ આંખમાં વસી જાય એવો નૂતન અવતાર...

r ગ્રંથવિહારની મુલાકાત એક યાદગાર અનુભવ...

r સુંદર સંગ્રહ, આત્મીય વાતાવરણ.

## ગુજરાતી સાહિત્ય પરિષદનું
## પુસ્તકવેચાણ કેન્દ્ર

# ગ્રંથ વિહાર

: સંપર્કસૂત્ર :

**ગુજરાતી સાહિત્ય પરિષદ**

ગોવર્ધનભવન સ્મૃતિ મંદિર, ટાઈમ્સ પાછળ, નદી કિનારે,
ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : (૦૭૯) ૨૬૫૭૬૩૭૧, ૨૬૫૮૭૯૪૭, ૨૬૫૮૭૯૪૯
કિશોર ગૌડ (મો.) ૯૪૨૭૩૨૦૮૩૩

## પુસ્તક : અનેક પાસાને સમજવાની ચાવીઓ

જેમ સત્કર્મથી તેમ સદ્‌વાચન ને સદ્‌વિચારથી ચિત્તવિકાસ થાય છે એમ મને અનુભવે લાગ્યું છે. અધ્યયન-અધ્યાપન નિમિત્તે સંશોધન-સંપાદન-અનુવાદ નિમિત્તે મારાથી જે કંઈ વંચાયું તેને હું ''સ્વાધ્યાયતપ'' સમજું છું. જે વિષયનું આપણે વાંચીએ તે વિષયનું જ્ઞાન તો આપણું વધે જ, સાથે એ વિષય સાથે સંલગ્ન જીવનનાં અનેક પાસાંને સમજવાની ચાવીઓ પણ આપણને મળતી હોય છે.

જ્યારે કોઈ પુસ્તક હું વાંચું છું ત્યારે એ પુસ્તકના લેખક સાથે, એના મનોવિશ્વ સાથે, એના જીવન-સંદર્ભ સાથે હું સીધા સંબંધમાં મુકાઉં છું. તેથી કોઈ પણ સારા પુસ્તકનું વાચન મારે મન સત્સંગ-રૂપ બની રહે છે. સેમ્યુઅલ બેકેટનું ''વેઇટિંગ ફૉર ગોદો'' વાંચતાં જુદા જ દેશકાળમાં થઈ ગયેલી અને કોઈ અલગ વિચારધારાને સંવેદના સાથે કામ પાડતી એક સર્જક પ્રતિભાનો, પરોક્ષ રહેલા મને જે રીતે સાક્ષાત્કાર થાય છે, તેને હું વાચનના ચમત્કાર રૂપે જોઉં છું. જાતભાતના સદ્‌વાચને મારા વ્યક્તિત્વનો – મારા સંવિતનો સીમાવિસ્તાર સધાય છે, મારો ચેતોવિસ્તાર થતો વરતાય છે.

['ઉદ્દેશ'] **ચંદ્રકાન્ત શેઠ**

: સ્થાનસમર્પિત :

**નિમેષભાઈ ડગલી**

**એમ. બી. ટ્રેડિશનલ પ્રિન્ટ્સ પ્રા. લિમિટેડ**

૩/એ, અલકાપુરી સોસાયટી, ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે,
આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૩. ફોન : ૩૨૯૦૬૬૫૫

# કવિ શ્રી સુન્દરમ્‌ના નવા કાવ્યસંગ્રહો

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | પલ્લવિતા | ૧૯૯૫ | ૮+૩૫૬ | રૂ. ૧૬૦ |
| ૨. | મહાનદ | ૧૯૯૫ | ૭+૧૯૩ | રૂ. ૮૦ |
| ૩. | પ્રભુ-પદ | ૧૯૯૭ | ૧૩+૪૪૧ | રૂ. ૨૨૫ |
| ૪. | અગમ નિગમા | ૧૯૯૭ | ૧૧+૨૯૨ | રૂ. ૧૫૦ |
| ૫. | પ્રિયાંકા | ૧૯૯૭ | ૧૧+૩૬૭ | રૂ. ૧૫૦ |
| ૬. | નિત્યશ્લોક | ૧૯૯૭ | ૧૨+૧૮૮ | રૂ. ૧૦૦ |
| ૭. | નયા પૈસા | ૧૯૯૮ | ૧૩+૩૩૩ | રૂ. ૧૭૫ |
| ૮. | વરદા | ૧૯૯૮ | ૧૯+૫૨૯ | રૂ. ૨૫૦ |
| ૯. | ચક્રદૂત | ૧૯૯૯ | ૯+૨૫૯ | રૂ. ૧૨૫ |
| ૧૦. | લોકલીલા | ૨૦૦૦ | ૧૩+૨૫૨ | રૂ. ૧૦૦ |
| ૧૧. | દક્ષિણા-૧ | ૨૦૦૨ | ૧૭+૩૨૩ | રૂ. ૫૦ |
| ૧૨. | મનની મર્મર | ૨૦૦૩ | ૧૦+૩૮૭ | રૂ. ૫૦ |
| ૧૩. | ધ્રુવયાત્રા | ૨૦૦૩ | ૧૨+૩૪૫ | રૂ. ૫૦ |
| ૧૪. | ધ્રુવચિત્ત | ૨૦૦૪ | ૧૭+૨૭૪ | રૂ. ૫૦ |
| ૧૫. | ધ્રુવપદે | ૨૦૦૪ | ૧૧+૨૫૩ | રૂ. ૫૦ |
| ૧૬. | શ્રીમાતાજીના સાન્નિધ્યમાં-૧ | ૨૦૦૫ | ૧૬+૩૨૦ | રૂ. ૨૦૦ |
| ૧૭. | શ્રીમાતાજીના સાન્નિધ્યમાં-૨ | ૨૦૦૫ | ૧૬+૩૭૦ | રૂ. ૨૦૦ |
| ૧૮. | શ્રીમાતાજીના સાન્નિધ્યમાં-૩ | ૨૦૦૬ | ૩૨+૩૧૭ | રૂ. ૨૫૦ |
| ૧૯. | મંગળા-માંગલિકા | ૨૦૦૭ | ૨૮+૨૩૮ | રૂ. ૧૫૦ |
| ૨૦. | તું ક્યાં... હું ક્યાં !? | ૨૦૦૮ | ૨૮+૩૦૫ | રૂ. ૨૫૦ |
| ૨૧. | સ્વાગતમ્ ગીતવાહીને | ૨૦૦૯ | ૧૬+૨૦૭ | રૂ. ૧૫૦ |
| ૨૨. | 'સાવિત્રી'ના કાવ્યખંડો | ૧૯૯૫ | ૨૪+૪૭૩ | રૂ. ૩૦૦ |
| | (અનુવાદ : શ્રી અરવિન્દના મહાકાવ્ય Savitriમાંથી, મૂળ અંગ્રેજી સાથે.) | | | |
| ૨૩. | દક્ષિણા-૨ | ૨૦૦૨ | ૧૮+૬૭૬ | રૂ. ૫૦ |
| | (અનુવાદ : શ્રી અરવિન્દના Last Poems, More Poems, Collected Poemsમાંથી, મૂળ અંગ્રેજી સાથે.) | | | |

***આ તમામ સંગ્રહોનાં પ્રાપ્તિસ્થાન :***

૧. ગ્રંથાગાર, ગુજરાતી સાહિત્ય પરિષદ, ટાઇમ્સ ઑફ ઇન્ડિયા પાછળ, આશ્રમમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯

૨. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧

# પુસ્તકો અને મધુમક્ષિકા

પુસ્તકો આપણા વફાદાર સન્મિત્રો હોવાની સૂક્તિનું વજૂદ મને પ્રતીત થયું છે. વાચને મારા મનોમય કોશના, મારા વિજ્ઞાનમય અને આનંદમય કોશના સમૃદ્ધિવિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. મારાથી આજ દિન સુધી જે કંઈ વંચાયું છે તેનાથી અનેકગણું વાંચવાનું બાકી છે. જિંદગીભર વાંચતાંયે ન ખૂટે એવો વાચનનો અક્ષય ખજાનો છે. એ બધા વાચનનો પાર પામવામાં તો ૮૪ લાખ અવતાર પણ કદાચ ઓછા પડે !

આ પુસ્તકો કંઈ કાગળ-કલમની વસ નથી. માનવજીવનના ગહન અને વ્યાપક દર્શન-મનન-ચિંતન ને સર્જનનાં એ રસાત્મક સ્વાદિષ્ટ ફળો છે. જેઓ જીવી ગયા છે ને જેઓ જીવી રહ્યા છે એવા લેખકો-સર્જકોની સંવિત્તિના એ અક્ષરઆલેખો કે નકશાઓ છે. એ સર્વનો મર્મરસ મધુમક્ષિકાની રીતે ગ્રહણ કરતાં કરતાં જ આપણી ભીતર એક સરસ મધુપુટ રચાતો હોય છે.

[‘ઉદ્દેશ’] **ચંદ્રકાન્ત શેઠ**


*સ્થાનસમર્પિત*

**વસન્ત આત્મા ચેરિટેબલ ટ્રસ્ટ**

ગુજરાત સ્ટીલ ડિસ્ટ્રિબ્યૂટર

અમદાવાદ